"श्रीहरिः"
"सा विद्या तन्मतिर्यया..."

"વિદ્યાનિધિ"(ટ્રસ્ટ) દ્વારા પ્રકાશિત ગ્રંથો

ક્રમ	ગ્રંથ નામ	ન્યોછાવર રૂ. (પોસ્ટેજ અલગ)
(૧)	શ્રીમદ્-ભાગવત-રસાસ્વાદ (પાંચમી આવૃત્તિ) શ્રીતત્ત્વાર્થદીપ-નિબંધ તથા શ્રી સુબોધિનીજી આદિના આશય સહિત ગુજરાતી કથાત્મક	300-00
(૨)	સુલભ શાન્તિ (હિન્દી) પુષ્ટિમાર્ગના વિચાર-આચારનું સરલ નિરૂપણ	20-00
(૩)	શ્રીપુરુષોત્તમનામ-સહસ્રસ્તોત્ર શ્રીમહાપ્રભુજીના ગ્રંથનું અર્થ સાથે નિરૂપણ નમસ્કારાત્મક નામનિર્દેશ	25-00
(૪)	વ્રજ-વિહાર વ્રજના લીલા સ્થળોનું સશાસ્ત્ર ઐતિહાસિક નિરૂપણ.	60-00
(૫)	શ્રીમદ્ ભાગવતમાં અદ્ભુત-વિજ્ઞાન-વિહાર (સંસ્કૃત-ગુજરાતી-અંગ્રેજી) શ્રીમદ્ ભાગવતમાંના અદ્ભુત વિજ્ઞાન પ્રસંગો.	100-00
(૬)	પુષ્ટિ-પુલિન ગાગરમાં સાગરની જેમ પુષ્ટિમાર્ગીય શાસ્ત્ર- આચાર-સ્વરૂપ-સેવાનું નિરૂપણ.	-----
(૭)	કુર્યાત્ સદા મઙ્ગલમ્ લગ્નનો વિધિ તથા મઙ્ગલાષ્ટક	20-00
(૮)	પુષ્ટિ ત્રિવેણી પુષ્ટિપ્રભુ - પુષ્ટિભક્તિ-પુષ્ટિભક્તના ચરિત.	30-00
(૯)	શ્રીમદ્ ભાગવત - સિંહાવલોકન (અંગ્રેજી - હિન્દી - ગુજરાતી) શ્રીમદ્ ભાગવતનું સામાન્ય રેખાંકન.	25-00

"વાક્યવિનોદિની"

(દ્વિતીય માલિકા)



સૌ. વિનોદિની નવનીતપ્રિય શાસ્ત્રી

॥ श्रीहरिः ॥
“सा विद्या तन्मतिर्यया....”

શ્રી તત્ત્વાર્થદીપ-નિબંધ તથા શ્રી સુબોધિનીજી આદિના આશય સહિત
ગુજરાતી કથાત્મક
“શ્રીમદ્-ભાગવત-રસાસ્વાદ”
(સાત્વતસંહિતા)
સમાહાત્મ્ય સ્કન્ધ ૧ થી ૧૨
વાક્ય સંગ્રહ

“વાક્યવિનોદિની”

(દ્વિતીય માલિકા)

: સંગ્રાહિકા :
સૌ. વિનોદિની નવનીતપ્રિય શાસ્ત્રી
(શુધ્ધાદ્વૈત વિશારદ)

: અંગુલિનિર્દેશક :
બ્રહ્મર્ષિ, ભાગવતભૂષણ, ભાગવતરત્ન, ભગવચ્છાસ્ત્રનિષ્ણાત,
નવનીતપ્રિય જેઠાલાલ શાસ્ત્રી
વલ્લભવેદાન્તાચાર્ય (પ્રદત્તસુવર્ણચન્દ્રક), કાવ્યતીર્થ,
સિવિલ એન્જીનીઅર

: પ્રકાશક :
“વિદ્યાનિધિ” (ટ્રસ્ટ)
નડિયાદ.

॥ श्रीहरिः ॥

પ્રકાશક :
વિદ્યાનિધિ (ટ્રસ્ટ)
"વ્રજવિહાર", કૃષ્ણદર્શન ફ્લેટ પાછળ,
વાણિયાવડ, કોલેજ રોડ,
નડીઆદ - ૩૮૭૦૦૧.
ફોન નં. ૦૨૬૮-૨૫૨૯૮૧૧
Email:- vrajvihar@gmail.com
www.vrajvihar.com

મુદ્રણ વ્યવસ્થાપક :
સી/ઓ. શ્રી યોગેશભાઈ પરીખ
ગુજરાત ઓફસેટ પ્રા.લી.
વટવા, અમદાવાદ .
ફોન. ૦૭૯-૨૫૮૩૧૯૧૫

: ન્યોછાવર :
નિત્યસેવનથી હૃદયની પ્રસન્નતા
આ ગ્રંથના સર્વાધિકાર અંગુલિ નિર્દેશકને આધીન છે.

પ્રથમાવૃત્તિ : પ્રત ૩૦૦૦ વિ.સં. ૨૦૬૯ ઈ.સ. ૨૦૧૩

: ગ્રંથ પ્રાપ્તિ સ્થાન :

શ્રી નવનીતપ્રિય શાસ્ત્રી
"વ્રજવિહાર", કૃષ્ણદર્શન ફ્લેટ પાછળ,
વાણિયાવડ, કોલેજ રોડ,
નડીઆદ - ૩૮૭૦૦૧. (જિ. ખેડા)
ફોન નં. ૦૨૬૮-૨૫૨૯૮૧૧
Email:- vrajvihar@gmail.com
www.vrajvihar.com

॥ श्रीहरिः ॥
"सा विद्या तन्मतिर्यया...."

"વાક્યવિનોદિની"

અનુક્રમણિકા

પૃષ્ઠ નં.
૧. "વાક્યવિનોદિની" દ્વિતીય માલિકા ૧
૨. શ્રીમદ્ ભાગવત પરિવારના આચાર-વિચાર ૧૯
૩. શ્રીમદ્ ભાગવત પરિવારનું મઙ્ગલાચરણ ૨૧
૪. શ્રીમદ્ ભાગવત પરિવારના મઙ્ગલાચરણના શ્લોકોનું સરળ ભાષાંન્તર ૨૨
૫. શ્રી ભાગવત મહાત્મ્ય ૨૩
૬. પ્રથમ્ સ્કંધ ૨૯
૭. દ્વિચીય સ્કંધ ૩૨
૮. તૃતિય સ્કંધ ૩૩
૯. ચતુર્થ સ્કંધ ૪૧
૧૦. પંચમ્ સ્કંધ ૪૪
૧૧. ષષ્ઠમ્ સ્કંધ ૪૬
૧૨. સપ્તમ્ સ્કંધ ૪૮
૧૩. અષ્ટમ્ સ્કંધ ૫૦
૧૪. નવમ્ સ્કંધ ૫૩
૧૫. દશમ્ સ્કંધ ૫૫
૧૬. એકાદશ સ્કંધ ૬૯
૧૭. દ્વાદશ સ્કંધ ૭૨
૧૮. શ્રીમદ્ ભાગવત પ્રકરણ વિભાગ ૭૫
૧૯. વિદ્યાનિધિ (ટ્રસ્ટ) દ્વારા પ્રકાશિત ગ્રંથો ૯૪

॥ श्रीहरिः ॥

卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐

श्रीकृष्णं परमानन्दं दशलीलायुतं सदा ।
सर्वभक्तसमुद्धारे विस्फुरन्तं परं नुमः ॥

卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐

|| શ્રીહરિઃ ||

પૂ.પા.ગો.૧૦૮ શ્રીવાગીશકુમારજી મહોદયના મંગલ વચનોને વંદને વધાવીએ છીએ !



|| Shri Hari ||
|| Shri Dwarkadhish Jayati ||

Goswami Vagishkumar

Yuvraj - Trutiya Peeth

તારીખ ૨-૬-૨૦૧૧

આદરણીય શ્રી [illegible] તથા વિનોદિનીબેન,

આપના દ્વારા "લક્ષ્ય વિનોદિની" પુસ્તકની પ્રત પ્રાપ્ત થઈ. "સાંસ્કૃતિક વિવેક" લેખમાં આપશ્રીએ [illegible] સમાજમાં હિન્દુ અને ભારતીય સંસ્કૃતિના આત્મગૌરવનું મહત્વ શાસ્ત્રોક્ત અને ઐતિહાસિક રીતે નિરૂપણ કરી સમજાવ્યું છે. તેનું [illegible] કરી [illegible] લાગણી અનુભવું છું. આપે પુષ્ટિમાર્ગીય ગુરુ સેવા તથા શ્રીકૃષ્ણનું [illegible] સ્વરૂપ સુંદર રીતે સમજાવ્યું છે. "[illegible] સમાસ્વાદ ભાગ ૧ અને ભાગ ૨" લખવાની જે [illegible] [illegible] ન રોગ તેમ, શ્રીભાગવતનો રસાસ્વાદ માણવાની આતુરતા વધતા, પુષ્ટિમાર્ગીય અને ભાગવતની [illegible] [illegible] [illegible] માટે આ પુસ્તક ઉપયોગી અને માર્ગદર્શક બની રહેશે.

આપશ્રી તથા [illegible] વિનોદિનીબેનને આ રીતે પુષ્ટિમાર્ગીય કાર્યો કરવા માટે સદા સ્વાસ્થ્ય મળી રહે તેવા શુભાશિષ તથા મંગલ કામના ઈચ્છું છું.

ભવદીય
ગોસ્વામી વાગીશકુમાર
(કાંકરોલી)

॥ શ્રીહરિઃ ॥

વડોદરા શ્રીભાગવત પરિવારનાં વૈષ્ણવ સૌ. સરોજબેન-બાબુભાઈ મોદીના
હૃદયોદ્ગારોને સસ્નેહ સત્કારીએ છીએ...

પ્રિય વિનોદિનીબ્હેન તથા સ્નેહી શ્રીશાસ્ત્રીજી

સરોજનાં સપ્રેમ ભ. સ્મરણ

ખૂબ ખૂબ અભિનંદન...

આપ બંન્નેને "વાક્ય વિનોદિની" દ્વારા લગ્ન જીવનમાં અલૌકીક વરમાળા એક બીજાને અર્પણ કરવા બદલ. બંન્ને વ્યક્તિએ લગ્નજીવન અને સાંસારીક જીવનને સાર્થક કરવામાં એક બીજાના પૂરક બનીને જીવનમાં અલૌકીક ભગવદ્ માર્ગે આગળ વધવા બદલ.

મારા મિત્ર (આજે મિત્રતાના દાવે સંબોધન કરવાની ધૃષ્ટતા કરુ છું) શ્રીશાસ્ત્રીજીને વિશેષ અભિનંદન આપુ છું. કારણકે સામાન્ય રીતે પુરૂષો પોતાની પત્નીના ત્યાગ, પ્રેમ અને સહકારને ભાગ્યે જ જાહેરમાં બિરદાવે છે અને તમે આ વિશિષ્ટ ભેટ દ્વારા, લૌકીક એક ઉજ્જ્વલ ઉદાહરણ પુરૂ પાડ્યું છે તે બદલ. એક વિશિષ્ટ અભિનંદન એકજ રાતમાં ભાગવત્ રસાસ્વાદનું વિહાંગવલોકન કરાવવા બદલ.

ખૂબ ખૂબ આનંદ અને હર્ષ સાથે પ્રભુને અભ્યર્થના કે બંન્ને આજ રીતે સતત સંગાથ, સહકાર અને પ્રેમ સભર સહચાર દ્વારા અલૌકીક ભગવદ્ માર્ગે આગળ ને આગળ પ્રયાણ કરો. પ્રભુ કૃપા રૂપી પુષ્પો તમારા જીવનમાર્ગમાં એવા પાથરો કે ક્યાંય કોઈ પણ વિઘ્ન રૂપી કાંટો ના વાગે.

વિનોદીનીબ્હેન ખૂબ જ ભાગ્યશાળી છો કે આજે તમને તમારા પ્રિયતમ પાસેથી જ ભેટ મળી છે. તેવી અલૌકીક ભેટ મેળવનારા તમે પ્રથમ પત્ની હશો કારણ કરોડોની લૌકીક ભેટ તો લાખો લોકોને મળે છે.

બસ ખૂબ ખૂબ શુભેચ્છાઓ સાથે...

લિ.
સરોજ બી. મોદી
બાબુભાઈ મોદી
નાં જયશ્રીકૃષ્ણ

॥ શ્રીહરિઃ ॥

"વાક્યવિનોદિની" દ્વિતીય માલિકા

"बुद्धिप्रेरक कृष्णस्य पादपद्मप्रसादत ।"
यथा स्फुरति चित्ते मे कृष्ण तुष्ट्यै निवेद्यते ॥"

પ્રથમ આવૃત્તિની વાત :

અદ્ભુત લીલા છે - ભગવાન શ્રીકૃષ્ણની - **"વાક્યવિનોદિની"**ની પ્રથમ આવૃત્તિ પ્રસિદ્ધ થઈ. થોડાજ સમયમાં તો વૈષ્ણવોએ વધાવી લીધી. તેમાં "શ્રીમદ્ ભાગવત રસાસ્વાદ"ના પાંચસો વાક્યો છે. સૌને જાણે જીવન યાત્રાનું ભાવતું ભાથુ મળી ગયું ! પ્રભુકૃપાથી તેની દ્વિતીય આવૃત્તિ હવે પ્રકાશીત થાય છે. તેમાં "શ્રીમદ્ ભાગવત રસાસ્વાદ"ના બીજા ચારસો વાક્યો આલેખાયેલા છે, તે પણ સ્કન્ધક્રમે આપ્યા છે. બટર પેપરની મર્યાદાને કારણે તે જુદા આપવા પડ્યા છે. માનુ છુ સૌને તે સાનુકુલ થશે !

દ્વિતીય માલિકાનો વિચાર :

"વાક્યવિનોદિની"ની પહેલી આવૃત્તિમાં તેની ભૂમિકા રૂપે "અંગુલી નિર્દેશ"- નામે વિસ્તૃત વિવિધ વાતો વણાઈ ગયેલી. પ્રભુકૃપાએ તેનું નામાભિધાન,- "ભારતીય હિન્દુ વૈષ્ણવ જીવનની સફલ પધ્ધતિના માર્ગદર્શનનો "અંગુલી નિર્દેશ" તેમાં નીરૂપાએલો ! હવે અહીં તેનો આગળ વર્તમાનને અનુરૂપ "અંગુલી નિર્દેશ" છે.

અન્ય સંસ્કૃતિનો પણ વિચાર :

પ્રભુકૃપાએ જ સ્ફૂર્યું. ભારતમાં તો સેંકડો વર્ષોથી અન્ય સંસ્કૃતિઓ ભળી ગયેલી છે. ગંગાજીના મહાપ્રવાહમાં નાની નદીઓ કે ઝરણાંની જેમ ! ભારતીય હિન્દુ સંસ્કૃતિએ કોઈનો તિરસ્કાર કર્યો નથી, સૌનો

પુરસ્કાર કર્યો છે. માનવ સહજ ઉમદા સંસ્કારો એ - હૂણ-મોગલ-પારસી-પોર્ટુગીઝ-ફ્રેન્ચ-અંગ્રેજ વગેરે પરંપરાઓને સહજતાથી સહયોગ દીધો છે.

પ્રાચીન કાળમાં સંજાણ બંદરે ઉતરેલા પારસી વડાએ ત્યાંના રાજાને પોતાને સ્થાન દેવા વિનંતી કરી. રાજાએ ખૂબ સૂચક રીતે દૂધનો છલો છલ ભરેલો પ્યાલો મોકલ્યો, પોતાના દેશમાં “જગા ન હોવાનું સૂચવી દીધું.” પારસી વડાએ તે દૂધમાં સાકર મીલાવી તે પ્યાલો પાછો મોકલ્યો, સૂચવી દીધું - “દૂધમાં સાકરની જેમ અમે તમારા પ્રજાપ્રવાહમાં ભળી જઈશું !” રાજા રાજી થઈ ગયો, તે સૌને તેણે રાજ્યમાં વસાવ્યા.

ઉદાર ભારતીય દષ્ટિકોણ સૌને સ્થાન અને માન દે છે :

“પોતપોતાના ધર્મ પ્રમાણે સર્વ ભજે ભગવાન - દયાળુ પ્રભુ સૌનું કરો કલ્યાણ !” આ ઉદાર ભારતીય દષ્ટિકોણથી તેણે સૌને અપનાવી લીધા જ છે. આક્રમણખોરોએ ભારતીય હિન્દુ ધર્મસ્થાનો તોડીને તે સ્થળે પોતાના ધર્મસ્થાનો ઊભા કર્યા દેખાય છે. આક્રમણખોરોની પ્રબલતાથી, ભારતીય રાજાઓના સંગઠનના અભાવથી, તે સ્થપાઈ ગયાં ! તે પછી પણ ભારતીય સંસ્કૃતિએ તેને તોડવાનો પ્રયત્ન કર્યો નથી ! આદરથી તેને નિભાવી લીધા છે ! ઘણાં સ્થળો આજે પણ તેના સાક્ષિરૂપ છે. હિન્દુ-મુસલમાન-ઈસાઈ-શીખ-પારસી વગેરે સૌ સહિષ્ણુતાપૂર્વક આ દેશમાં જીવી રહ્યા છે ! - એકબીજાને જીરવી રહ્યા છે !

અંગ્રેજોની ચાલબાજી :

ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ વ્યાપાર માટે અહીં પગ પેસારો કર્યો. પ્રસંગવશાત્ પરિસ્થિતિ પ્રમાણે તેણે રાજ્યમાં તેનો પગદંડો જમાવવાનું શરૂ કર્યું ! તેમાના કેટલાકે કુટિલ નીતિથી રાજસત્તા જમાવવા માંડી સ્વતંત્ર ભારતને કુટિલ નીતિથી કચડવા માડ્યુ. ભારતીયો સંગઠનના અભાવથી પીડાવા - પીસાવા માંડ્યા. ભારતમાં અંગ્રેજી રાજ્ય પ્રસરી ચૂક્યું ! તે દરમ્યાનમાં ગુલામીમાં રાષ્ટ્રને કચડવામાં આવ્યું ! ભારતને

બદનામ કરવાની કુટિલ નીતિ કેટલાક લોકોએ અપનાવી. “ભારતમાં અંગ્રેજ રાજ” - નામના પંડિત સુંદરલાલજીના ગ્રંથમાં આવી બધી સ્પષ્ટતા છે. નાના મોટા સ્વાતંત્ર્યના પ્રયાસો થયા તેમને કુટિલતાથી કચડી નાખવામાં આવ્યાં. ઈ.સ. ૧૮૫૭ના “સ્વાતંત્ર સંગ્રામ”ને “વિપ્લવ બળવો” કહીને બદનામ કરવામાં આવ્યો. રાજા રજવાડા પણ એમાં દબાઈ ગયાં ! મોગલ-સલ્તનત સામે મહારાણા પ્રતાપ, છત્રપતિ શિવાજી વગેરેની ગૌરવ ગાથાઓ પણ પ્રસિદ્ધ છે. આવા તો નામી અનામી વીરપુરુષો અને વીરાંગનાઓ ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ વગેરે આ ભૂમિમાં ઘણા થઈ ગયા છે. કુટિલ અંગ્રેજોએ છેવટે તો ભાઈચારા ભર્યા ભારતમાં ડિવાઈડ એન્ડ રૂલ - ભાગલા પાડો અને રાજ કરોની કૂટનીતિ અપનાવી ! પોતાના શાસનને સ્થિર રાખવાની મથામણ કરી.

પ્રભુકૃપાથી ગુલામીમાંથી છૂટકારો : ગાંધીજી-મહાત્માજી-બાપુ

ભગવાને જ કૃપા કરી, આ ચુંગાલમાંથી છૂટવા માટે શ્રીમોહનલાલ કરમચંદ ગાંધીને સ્વાતંત્રના સૂકાની બનાવ્યા ! અદ્ભૂત કથા ગાંધીજીની ! પ્રસિદ્ધ તો છે જ. તેમના “સત્યના પ્રયોગો” એ આત્મકથા, તથા તેમના મંત્રી પ્યારેલાલની “ડાયરી”માંથી ઘણા પ્રસંગ-દર્શનો મળે છે.

હું ઈંગ્લેંડમાં કથા કરતો હતો. લેસ્ટરથી લંડન આવ્યો. ત્યાં “ગાંધી ફાઉન્ડેશનવાળા”એ પ્રવચનનું નિમંત્રણ આપ્યું. “આપને ગાંધીજી વિશે બોલવું ફાવશે ?” - મને પૂછ્યું. મેં કહ્યું, “શ્રીગાંધીજી ભારતીય હતા, ગુજરાતી હતા, વૈષ્ણવ કુળ પરંપરા હતી, તેથી હું જરૂર પ્રયત્ન કરીશ !” પ્રવચનના દિવસે મને ખૂબ તાવ ! સાત રજાઈ ઓઢાવેલી ! મને પૂછ્યું - “કાર્યક્રમ મોકૂફ રાખીએ ?” મે કહ્યું - “ના ! જરૂર આવીશ, મને સમયે જગાડીને લઈ જજો !” પ્રભુની જ કૃપા ! તાવ ગયો ! સભામાં પહોંચ્યો. મને મંચ પર ખુરશીમાં બેસાડ્યો. પૂછ્યું - “આપ પહેલાં બોલશો ?” મેં કહ્યું - “ના ! આપ પહેલાં બોલી લો - સાંભળીશ પછી હું બોલીશ !”

સૌએ વિવિધ રીતે પોતાની વાતો કરી. ગાંધીજીની સત્ય નિષ્ઠા કહી. છેલ્લે મેં મારી રજુઆત કરી ! શ્રીમોહનલાલ કરમચંદ ગાંધીને ત્રણ ઉપનામથી સૌ ઓળખે છે. (૧) ગાંધીજી, (૨) મહાત્માજી અને (૩) બાપુ ! ભારતે “ગાંધી” તો બહુ જોયા છે - જાણ્યા છે ! નાના ગામડામાં નાનકડી હાટડી માંડીને બેઠેલો “ગાંધી” અને ત્યાંથી લઈને ભારતના પ્રધાનમંત્રી પદે પહોંચેલ પણ “ગાંધી” ! તેમાંથી કોઈ “ગાંધીજી” કહેવાતા નથી ! આમને બધાએ “ગાંધીજી” કહીને અંતરના ઉમળકાથી આવકાર્યા છે ! જેમની પાસે છલ-બલ ન હતા ! તેમની પાસે તો સત્ય - અહિંસા અને પ્રભુ પ્રાર્થના રૂપ સ્નેહનો મંગલ જીવન સંદેશ હતો ! સૌને લાગે છે - સત્ય તો સૌને ગમે છે, પણ સત્ય માટે સહન કરવાનું કેટલાને પરવડે છે. સ્વાર્થ માટે સત્યને કચડતા નથી ? આ ગાંધીજીએ તો સત્ય માટે સઘળું સહન કર્યું છે. ભારતના પહેલા સત્યાગ્રહી - “પ્રહ્‌લાદજી” ! તેમણે પોતે શોધેલા - પોતાને લાધેલા સત્યને અપનાવવા માટે બધી યાતના સહન કરી સામનો ન કર્યો, ફરિયાદ પણ ન કરી ! ભગવાન પાસે પણ રક્ષણ ન માગ્યુ !! અચલ વિશ્વાસથી વળગી રહ્યા,- સંપૂર્ણ સફલ થયા, વિશ્વ વંદ્ય થયા ! તેમણે કડવાશ - કપટ - કલહ - ક્યાંય ન કર્યાં ! કૃષ્ણ માટે જીવ્યા અને જીત્યાં !

(૧) **“ગાંધીજી”** - ગાંધીજીએ સત્ય માટે સહન કર્યું. આપણી કેટલાની આવી તૈયારી છે ? ગાંધીજીએ “સુવર્ણ સત્ય” સ્વીકાર્યું છે. પોતાને જ નહિ સામાને પણ સ્વીકાર્ય હોય તેવું સત્ય - ગાંધીજીએ દેશના સ્વાતંત્ર્યને લક્ષમાં રાખીને સત્યાગ્રહનો માર્ગ અપનાવ્યો, આદર્યો ! લોકોને સાથે મેળવ્યા, ઘડતર કર્યુ, સફલ થયા ! તેથી તે ગાંધી ન રહ્યા ! “ગાંધીજી” થયાં !

(૨) **“મહાત્માજી”** - મહાત્માઓ તો ભારતે ઘણા જાણ્યા છે, જોયા છે. તે તો પોતાના ધાર્મિક ક્ષેત્રમાં હોય છે. આ તો રાજકીય ક્ષેત્રમાં ! “મહાત્મા” થયાં. સત્ય સાથે અહિંસા તેમણે અપનાવી. કડવાશ - કઠોરતા-કુટિલતા-ક્લેશ વગેરે તેમને લેશ પણ ન રાખ્યાં ! “વર્ધા” અને “અમદાવાદ” વગેરેમાં આશ્રમ સ્થાપ્યા ! સાથે રાખીને સહયોગીઓનું જીવન ઘડતર કર્યું. જીવન મૂલ્યો સ્થાપ્યા ! આ “મહાત્માજી” છે ! પોતે મોટાઈમાં ન માલ્યા, સામાન્ય માનવીની જેમ જીવવાનો આગ્રહ રાખ્યો, પોતે પોતડી પહેરી લીધી ! ઘણા પ્રેરક પ્રસંગો તેમના પ્રસિદ્ધ છે.

(૩) **“બાપુ”** - કાઠિયાવાડે તો નાના નાના રજવાડારૂપે, ઘરના વડીલોરૂપે, સમાજના અગ્રણીરૂપે ઘણા “બાપુઓ” જોયાં. પ્રાયઃ સૌ એશારામ, અનિયમિતતા અને મોટાઈમાં મહાલતા હતા. આ “બાપુ”એ તો સંયમ, નિયમિતતા અને નમ્રતાના આદર્શો આપ્યા ! સ્વકીયોનું પોષણ એ રીતે કર્યું કે બાપુ થયા !

આવું સાંભળીને સૌ મંત્ર મુગ્ધ થઈ ગયા ! મને ગાંધીજી વિશે કથા કરવાની વિનંતી કરી ! મેં સવિનય કહ્યું - “ગાંધીજી તો સત્યના સાધક, હું તો સચ્ચિદાનંદ શ્રીકૃષ્ણનો આરાધક છું, તેથી મને તો શ્રીભાગવત કથા જ સાનુકૂલ થાય !” કેવી સૂચક આ બધી વાતો છે ?!

“ગાંધીજી” પછીની પરિસ્થિતી :

ગાંધીજીએ ચીંધેલા માર્ગે ચાલતાં પ્રભુકૃપાથી અંગ્રેજોની ચુંગાલમાંથી છૂટીને સ્વરાજ મળ્યું ! પછી તો અનેકવિધ રાજકીય પક્ષો આવ્યા. ક્ષુદ્ર સ્વાર્થ માટે ચૂટણીઓમાં વેર-દ્વેષના બીજ વવાતા અને વધતા રહ્યા. અનેકવિધ અનર્થો આચરાતા રહ્યા. વાતાવરણમાંથી એકતા, આત્મીયતા ઉડી જતા રહ્યાં છે ! ક્યાં જઈ અટકશે આ ? સૌ લાચારીથી વાતો તો કરે છે. લાચાર બનીને ઘસડાયા કરે છે ! આવી પરિસ્થિતીમાં સરલ, સુસ્પષ્ટ-સફલ ઉપાય તો ભારતીય શાસ્ત્રોએ બતાવ્યો છે,- (૧) “જીવન નિષ્ઠા”, (૨) “સ્વધર્મ નિષ્ઠા” અને (૩) “ભગવન્‌નિષ્ઠા” ! આ કેળવાય તો આવા બધા વ્યાપક અનર્થો અને ભ્રષ્ટાચાર પણ દૂર થવા સંભવે છે !

(૧) **“જીવન નિષ્ઠા”** - અબ્રાહમ લિંકને લોકશાસનનાં ત્રણ પ્રકારો કહ્યા છે. By the people, of the people તેથી તે for the people છે. તેમ આપણું જીવન By the God, of the God હોવાથી તે for the God છે. શરીર-ઈન્દ્રિયો-તેમની શક્તિઓ વગેરે ભગવદિચ્છાથી ઉત્પન્ન થયા છે, યોજાયા છે. તે બધા ભગવાન વડે છે, ભગવાનના છે. તેથી તે ભગવાન માટે જ છે.

જીવન પ્રભુએ આપ્યું છે. તે મોજશોખમાં, પૈસા કમાવવામાં, પૈસા ઉડાવવામાં, વ્યવહારમાં, વ્યવસાયમાં અનેકવિધ અનર્થોમાં વ્યર્થ વેડફી દેવા માટે નથી. જીવનની પ્રત્યેક પલે સાવધતાથી તપાસવું - શક્તિ અને સમય વ્યર્થ વેડફાતા તો નથી ને ? “તે ભગવાનના છે, ભગવાને દિધેલા છે, તેનો ઉપયોગ ભગવાન માટે જ હોય !” લાચારીથી લપસવામાં, બાપડા-બિચારા થઈને જીવવામાં, કમાવવામાં, કાયામાં, કામનાઓમાં કે અનેક અનર્થોમાં જીવન વ્યર્થ વેડફી ન દેવાય ! કલ્યાણ માટે તેમનો વિનિયોગ કરાવીને કલ્યાણ કૈવલ્ય કે કૃષ્ણ મેળવવાના હોય ! સદ્‌ગુરુ દ્વારા આ સાચુ જીવન ધ્યેય સ્પષ્ટ કરીને તે માર્ગે મુશ્કેલી વેઠીને પણ આગળ વધવાનું હોય, અટકી પડવાનું ન હોય, થાકવાનું કે હારવાનું ન હોય ! આવી સ્થિરતા-દૃઢતાને “નિષ્ઠા” કહેવાય છે. જે બધી પરિસ્થિતીમાં દૃઢ સ્થિર સક્રિય રાખે - સફલ બનાવે ! નિષ્ઠા ન હોય તો નિષ્ફલતા નિશ્ચિત છે ! **“निष्ठा भावे फलं तस्मात नास्तिएवेती निश्चयः”** (સર્વ નિર્ણય) આવી દૃઢતા કે નિષ્ઠા વાતોના વડા કરવાથી કે કલ્પનાઓમાં રાચવાથી ન થાય તેના માટે સુયોગ્ય ગુરુ દ્વારા જીવન ધ્યેય સ્પષ્ટ નક્કી કરીને આગળ વધે જવાનું હોય !

માનવ માત્રનો પરમ ધર્મ :

જીવ માત્ર માટે સાચી દિશા શ્રીભાગવતજી દર્શાવે છે.

स वै पुंसां परोधर्मो यतो भक्तिरधोक्षजे।
अहैतुकयप्रतिहता ययाऽऽत्मा सुप्रसीदति ॥ (શ્રી.ભા.૧-૨-૬)

માનવના યથાધિકાર વર્ણાશ્રમ વગેરે દેહધર્મો પૂર્વક ભગવદ્‌ભક્તિ રૂપ આત્મધર્મ કરવાનો કહ્યો છે. હિન્દુ-મુસલમાન-શીખ-પારસી-ખ્રિસ્તી-બૌદ્ધ-જૈન વગેરે સૌ પોત પોતાના શાસ્ત્રથી દેહના આચારો પ્રમાણે જીવે, તેથી થયેલી અંતઃકરણની શુદ્ધિ દ્વારા તે પોતાના પ્રભુ સાથે પ્રેમ કરે, તે ભક્તિ છે. તે પ્રભુ ભગવાન કહેવાતા હોય, અલ્લા-અગ્નિ-ઈસુ વગેરે રૂપે-નામે પણ સ્વીકારેલા હોય. આ પોતાના પ્રભુ સાથેના પ્રેમને ભક્તિ કહેવાય ! તેમાં લૌકિક લાલચ કે પ્રલોભન કે ભય-રાગ-દ્વેષ-ક્લેશ ન હોય ! સ્નેહની સ્વાભાવિકતા હોય ! ભયથી કે લાલચથી ભગવાનને ભજવાના ન હોય. આવી ભક્તિ ક્યારેય અટકે નહિ તેવી હોય, પોતાનું અંતઃકરણ પ્રસન્ન થાય અને ભગવાન પ્રસન્ન થાય, આ છે - **“જીવન નિષ્ઠા”** ! તેને માટે કેળવવાની હોય - **“સ્વધર્મ નિષ્ઠા”** ! પોત પોતાનાં ધર્મગ્રંથો પ્રમાણે આચાર અને વિચારથી પવિત્ર થયેલા તન અને મનથી કોઈ પ્રલોભન કે ભય વગર પોતાના ભગવાનને ભજવાના હોય ! - પ્રસન્નતા માટે જ ! આમ જીવન નિષ્ઠાપૂર્વકની સ્વધર્મ નિષ્ઠાથી પોતાને પ્રસન્નતા મળે, પ્રભુ પણ પ્રસન્ન થાય !

આમ, જીવન નિષ્ઠાપૂર્વક સ્વધર્મ નિષ્ઠાથી પોતાના પ્રિય પ્રભુને ભજવાના હોય ! પોતાના ભગવાનને છોડીને અન્યત્ર આથડવાનુ ન હોય. આ છે **“ભગવન્ નિષ્ઠા”** ! તેનાથી ભગવાન પણ પોતાના ભક્તને છોડી અન્યત્ર ન જાય આ છે **“ભગવન્ નિષ્ઠા”** ! ભક્તની ભગવાનમાં નિષ્ઠા અને ભગવાનની ભક્તમાં નિષ્ઠા ! તે **“ભગવન્ નિષ્ઠા”**.

ભક્તિમાં મુખ્ય **“નિર્ગુણ પ્રકાર”** કહ્યો છે. સર્વત્ર સર્વરૂપ ભગવાન છે તેમ સમજીને સ્નેહથી ભજે, સ્નેહથી સેવે - કર્મ નિવૃત્તિ માટે, તે કર્મનું પ્રભુને સમર્પણ કરે, કર્તવ્ય સમજીને ભજે તે **“સાત્વિક”** ભક્ત ! ભય ટાળવા કે લૌકિક લાલચથી યશ કે ઐશ્વર્ય વગેરે માટે ભજે તે **“રાજસ”** ભક્ત ! દ્વેષપૂર્વક હિન ભાવે હિંસા-દંભ-માત્સર્યપૂર્વક ભગવાનને ભજે તે **“તામસ”** ભક્ત છે ! શ્રીભાગવતે સ્પષ્ટ સમજાવ્યું છે.

નિર્ગુણ ભક્તિ યોગ :

लक्षणं भक्तियोगस्य निर्गुणस्य ह्युदाहृतम् ।
अहैतुक्यव्यवहिता या भक्तिः पुरुषोत्तमे ॥ (શ્રી.ભા.૩-૨૯-૧૨)

નિર્ગુણ ભક્તિ યોગનું લક્ષણ છે,- કોઈ ફલની અપેક્ષા વગરની, ક્યારેય અટકે નહિ તેવી, શ્રીપુરુષોત્તમની ભક્તિ ! આ પુરુષોત્તમ છે - **ભગવાન શ્રીકૃષ્ણ** ! તેમની જ ભક્તિ કરવાની હોય ! તેમના અંશ-અંશાંશ-કલા-આવેશ કે વિભૂતિરૂપ ગ્રહ-દેવી-દેવતા કે અવતારોની પણ નહિ ! - માત્ર શ્રીકૃષ્ણની જ ભક્તિ ! - કોઈ કારણ વગરની સ્વાભાવિક સ્નેહરૂપા ! કોઈ સંકુચિતતાના સીમાડામાં સપડાયા વગરની ભક્તિ !- એ સાચો દૃષ્ટિ કોણ છે ! સાચો-સરલ-સફલ માર્ગ છે. કોઈ કારણ વગરનો, અટકે નહિ તેવો પુરુષોત્તમમાં પ્રેમ !

સ્વાનુભવ :

મારો જ એક સ્વાનુભવ ! મારી પાછળ છાયાની જેમ ઘૂમતા મોહનકાકાને મારામાં ભક્તિમાર્ગીય મમતા બહુ ! મારુ ભલુ તે ઈચ્છ્યા કરે - આદર્યા કરે ! એકવાર તેમણે મનોરથ કર્યો,- મારી વાણીનો શ્રીમહાપ્રભુજી અંગિકાર કરે ! - અનુગ્રહ કરે તેવો ! શ્રીચંદ્ર સરોવરમાં તેમણે મારી શ્રીભાગવત કથા યોજી ! પોતાના ખર્ચે વ્યવસ્થા કરી, ઉઘરાણુ કર્યું ન હતું ! કોઈની પાસે કાંઈ માગ્યુ ન હતુ ! પચાસેક વૈષ્ણવો ત્યાં પહોંચ્યા. પ્રજ્ઞાચક્ષુ પૂ. શ્રીહરિશચંદ્ર શાસ્ત્રીજી (ન્યાય-વેદાંત-વ્યાકરણ-સાહિત્યના આચાર્ય)ને દક્ષિણા દઈને મુખ્ય શ્રોતારૂપે પધરાવ્યા ! પ્રશ્નોત્તરીવાળી કથા પણ ચાલે તે સમયે ત્રણ રસોડા (૧) પૂજ્ય શ્રીગોસ્વામી મહારાજશ્રીનું (૨) મારુ (૩) સર્વ વૈષ્ણવોનું ! આનંદથી કથા સૌ માણે ! (સવારના ૯ થી બપોરના ૨-૩ અને સાંજના ૩-૪ થી રાત્રે ૧૦-૧૨) ! મુ. મોહનકાકા તો આસપાસના પ્રસિદ્ધ-સિદ્ધ સંતો-મહંતોને મારે રસોડે પ્રસાદ લેવા બોલાવે. ભાવ વિવશતાથી વાત્સલ્ય વિકલ થઈને તે સૌને વિનવે. "આ-મારા ભાઈને ભગવાન મળે તેવો આશીર્વાદ દો !" હું મુંઝાતો, મૌન રહેતો. એક સંતે તો તત્પરતા દર્શાવી દીધી ! મારી મૂંઝવણમાંથી મારા શ્રીમહાપ્રભુજીએ માર્ગ આપ્યો ! મારાથી કહેવાઈ ગયું ! "કોઈના આપેલા પ્રભુ પણ મને ખપશે નહિ ! જો મને ભગવાન દેવા હશે તો તે મારા મહાપ્રભુજી દેશે ! જેના તેના માર્ગે જે તે ફલ દેતા ભગવાન મળે ! પુષ્ટિમાર્ગમાં તો શ્રીમહાપ્રભુજીએજ દીધેલા પુરુષોત્તમ જ પુષ્ટિફલ દે !" આવી અનન્યતા વગર તો આથડવાનું જ રહે ! પ્રભુ કૃપાથી જ આ આવી મળે છે !

સાર્વવર્ણિક ધર્મ :

માનવ માત્રના જીવન વ્યવહારને ઉન્નત બનાવતો આનંદ દેતો સર્વ ભ્રષ્ટાચાર છોડાવતો જીવન રાજમાર્ગ.

વેદ સંમત કર્મથી દુષ્ટ વાસના દૂર થાય. નિષિદ્ધ કર્મથી સારી વાસના નષ્ટ થાય. ખરાબ વાસના મનમાં હોય અને સત્કાર્ય કરવામાં આવે તો, બંન્ને પ્રકારે ફલ મળે. ભક્તિ ફલપ્રદ છે પણ પ્રાયશ્ચિત રૂપ નથી. તેથી ખરાબ વાસનાના નાશ માટે વર્ણાશ્રમ ધર્મ છે. કેવલ સદ્‌વાસના હોય તો ભક્તિથી ધન્યતા મળે. નારદજીએ ત્રીસ ધર્મો ગણાવ્યા, તેમાં સાધનરૂપ નવધા ભક્તિ પણ ગણાવી છે.ભક્તિના સાધન રૂપ ૨૧ ધર્મો છે. અસદ્‌વાસના ક્વચિત્ કર્મથી, ક્વચિત્ કર્મ અને જ્ઞાન દ્વારા અને ક્યારેક કર્મ તથા ભક્તિથી દૂર થાય છે. ત્રણેના સંકલન રૂપે ૩૦ ધર્મો છે.

પ્રભુ પ્રસન્નતાના વિચારે જ ધર્માચરણ કરવું. પ્રભુ પરાયણ વિપ્રો ધર્મતત્વને જાણે છે. ધર્માચરણ પાપના સ્પર્શ વિના પાર પહોંચાડનારો પુલ છે. તેનું મૂલ ભગવાન છે. ભગવાન ધર્મના વક્તા-કર્તા-પાલક અને અનુમોદક છે. ભગવાન અને ધર્મ બંન્ને સનાતન છે. ઉભયનો આદર અંતરને ઉજાળે.

ભગવાન નારાયણને નમન કરીને નારદે તેમની પાસેથી સાંભળેલા ધર્મનું વર્ણન કર્યું.

सत्यं दया तपः शौचं तितिक्षेक्षा शमो दमः ।
अहिंसा ब्रह्मचर्यं च त्यागः स्वाध्याय आर्जवम् ।। ८ ।।
सन्तोषः समदृक सेवा ग्राम्ये हो परमः शनैः ।
नृणां विपर्ययेहेक्षा मौनआत्मविमर्शनम् ।। ९ ।।
अन्नाद्यादेः संविभागो भूतेभ्यश्च यथार्हतः ।
तेष्वात्मदेवताबुद्धिः सुतरां नृषु पाण्डव ।।१०।।
श्रवणं कीर्तनं चास्य स्मरणं महतां गतेः ।
सेवेज्यावनतिर्दास्यं सख्यमात्मसमर्पणम् ।।११।।
(શ્રીભા.-૭-૧૧-૮-૯-૧૦-૧૧)

(૧) સત્ય (૨) દયા (૩) તપઃ (૪) પવિત્રતા (૫) સહિષ્ણુતા (૬) વિવેક (૭) શમ (૮) દમ (૯) અહિંસા (૧૦) બ્રહ્મચર્ય (૧૧) ત્યાગ (૧૨) સ્વાધ્યાય (૧૩) સરલતા (૧૪) સંતોષ (૧૫) સમદ્રષ્ટિવાળાં ભક્તોની સેવા (૧૬) ધીમે-ધીમે ગ્રામ્ય-સુખ-પ્રવૃત્તિમાંથી વિરામ (૧૭) માનવીની નિષ્ફલ ક્રિયાનો વિચાર (૧૮) મૌન (૧૯) આત્મચિંતન (૨૦) અન્નાદિમાં પ્રાણીઓને યોગ્ય રીતે ભાગ દેવો (૨૧) સૌમા ભગવદ્બુદ્ધિ-વિશેષતઃ માનવોમાં ! આ સૌનો સામાન્ય ધર્મ છે.

(૧) **"સત્ય"** : સત્ય જીવનમાં - વાણીમાં - વ્યવહારમાં - વિચારોમાં - વર્તનમાં સત્ય જ રાખવું. તેના માટે સહન સઘળું કરવું. જે વાસ્તવ હકિકત હોય તે પરિસ્થિતીનો સ્વીકાર - સ્વાર્થ માટે જ નહિ, સ્વાભાવિક રીતે, તે સત્ય છે.

(૨) **"દયા"** : અન્યના દુઃખ કે દોષ જોતાં તેને દૂર કરવાની ઈચ્છા-મનોવૃત્તિ પ્રબલ થતાં પ્રવૃત્તિ રૂપે પરિણમે તે, સર્વના કલ્યાણની ભાવના!

(૩) **"તપઃ"** : કૃચ્છ્ વગેરે, કલ્યાણ માટે કાયાને કસવી-ઘસવી, કોઈના સુખ માટે સંતાપ સહન કરવો.

(૪) **"પવિત્રતા"** : સર્વથા શુદ્ધપણુ - તન અને મનની શાસ્ત્રોક્ત પવિત્રતા, તનના આચાર અને અંતઃકરણના વિચાર બંન્ને પવિત્ર હોય, તો તે **"સદાચાર"** રૂપ છે. આચાર સારા હોવા છતાં પણ વિચારમાં વિકાર હોય તો તે **"મિથ્યાચાર"** છે ! આચાર અને વિચાર બંન્ને સદાચાર વગરના હોય તો તે **"અનાચાર"** છે. આચાર વિચાર બંન્ને દોષવાળા હોય તો તે **"દુરાચાર"** છે. પોતાના સારા આચારોમાંથી લાચારી કે લાલચ વશ દુરાચારમાં દોરવાઈ જવું તે **"ભ્રષ્ટાચાર"** છે. બલપૂર્વક આચાર વિચારને લાદવા તે **"અત્યાચાર"** છે. વિચાર સારા અને આચારમાં શિથિલતા હોય તો તે પ્રમાદ છે ! આચાર પવિત્રતાનો પાયો છે. પવિત્રતાથી શરીર સુખની વૃત્તિઓ ઘટે. "**शौचात् स्वांगजुगुप्सा परैरसंसर्गः** ।" પવિત્રતાથી પોતાના શરીરમાંથી આસક્તિ નીકળી જાય અને અન્યનો સંસર્ગ ન રહે. સુંદર સ્વાદિષ્ટ પદાર્થોથી આ દેહ પોષાય છે, છતાં આંખ, નાક, કાન, મોં અને અધઃસ્થાનો તથા ચામડી દ્વારા તો મલ જ બહાર નીકળે છે ! તેનો વિચાર કરતાં શરીરમાં આસક્તિ ન થાય. શરીરના બધા મલને સાફ કરી, સ્વચ્છ રાખી, પવિત્રતાના પાલન માટે અન્યના સંપર્કથી દૂર રહેવાય, બહિર્મુખ થતા બચાય, અંતર્મુખ કે ભગવદ્અભિમુખ થવાય. સ્વચ્છતા કે ચોખ્ખાઈ આંખથી ઓળખાય, શુદ્ધિ કે પવિત્રતા પ્રમાણ કે અંતઃકરણથી પરખાય ! તપઃ, દયા, પવિત્રતા અને સત્ય ચારેયને ધર્મના ચરણ ગણેલા છે. આ ચાર આચરણમાં હોય તો ધર્માચરણ યથાર્થ થાય.

(૫) **"સહિષ્ણુતા"** : પરિસ્થિતી કે પરિજનો તરફના પ્રતિકૂલ વ્યવહારને શાંતિથી ચલાવી લેવા, ક્લેશ ન કરવો તે સહનશીલતા છે. સામાના મતભેદને નિભાવી લેવો એ સહિષ્ણુતા છે.

(૬) **"વિવેક"** : વિવેક જુદા જુદા પ્રકારનો છે. લૌકિકમાં યોગ્ય યોગ્યતાનો વિચાર તે આચાર વિવેક કહેવાય છે. શાસ્ત્રમાં ભક્તિ-જ્ઞાન-વૈરાગ્યથી પ્રાપ્ત થતો વિવેક જીવન વિવેક છે. જીવનમાં આદર્શ આચાર-

વિચાર તે આપે છે. ભક્તિમાર્ગમાં તો, હરિએ સઘળું નિજેચ્છાથી કર્યું હતું - કરે છે - અને કરશે તેવો નિર્ણય વિવેક છે. નિજેચ્છા એટલે પ્રભુની પોતાની ઈચ્છા એ મર્યાદા છે અને નિજ એટલે પોતાના સ્વકીયોની ઈચ્છાનુસાર કરે તે પુષ્ટિ છે.

(૭) **"શમ"** : અંતઃકરણની શાંતિ ઉગ્રતા-વ્યગ્રતાનો અભાવ.

(૮) **"દમ"** : ઈન્દ્રિયોનો સંયમ.

(૯) **"અહિંસા"** : કોઈને પીડવું નહિ-દુભવવું નહિ-મારવું નહિ.

(૧૦) **"બ્રહ્મચર્ય"** : વિષય ભોગને નિયંત્રીત કરીને ભગવાનમાં મગ્ન રહેવું તે.

(૧૧) **"ત્યાગ"** : શાસ્ત્રના વિધાનપૂર્વક યથાધિકાર ત્યાગ. વસ્તુમાં દોષદર્શનથી કે કડવા અનુભવથી થતો ત્યાગ હિન છે. શાસ્ત્ર વિધાનથી થતો ત્યાગ મધ્યમ છે. ભગવાનમાં પ્રેમથી થતો ત્યાગ ઉત્તમ છે.

(૧૨) **"સ્વાધ્યાય"** : સામાન્યતઃ સ્વાધ્યાય એટલે વેદ કહેવાય છે. પણ અહિં પોતાના જીવનનો ઉત્કર્ષ કરાવતા સ્વધર્માનુરૂપ સદ્ગ્રંથોનું સેવન.

(૧૩) **"સરલતા"** : કોઈ સાથે કશી બાબતમાં કુટિલતા કે કપટ ન કરવું તે.

(૧૪) **"સંતોષ"** : ભગવદિચ્છાથી પ્રારબ્ધાનુસાર જે મળે તેમાં નિર્વાહ કરતાં પ્રસન્નતા અનુભવાય તે.

(૧૫) **"સમદ્રષ્ટિવાળા ભક્તોની સેવા"** : (૧) જે પરિસ્થિતીમાં પોતાને સુખ-દુઃખ થાય તેમ સામાને પણ થાય, એ વિચાર સમદ્રષ્ટિ ! (૨) સૌના શરીર પાંચ મહાભૂતના અને અંદર જીવ ભગવાનના ચેતનનો અંશ. સૌમાં આ સમાન હોય છે આ દ્રષ્ટિ સમદ્રષ્ટિ. (૩) ભગવાન સર્વરૂપે વિરાજે છે તેમની લીલા છે એ દ્રષ્ટિ સમદ્રષ્ટિ. યથાધિકાર આવી સમદ્રષ્ટિવાળા ભક્તોની સેવા તન-મન-ધનથી ! તેમના સુખનું સંપાદન - તેમની સેવા !

(૧૬) **"ધીમે ધીમે ગ્રામ્યસુખ - પ્રવૃત્તિમાંથી વિરામ"** : વિષયોના દુઃખદ અનુભવથી, શાસ્ત્રે દર્શાવેલા દોષની સમજથી, પ્રભુમાં થયેલા પ્રેમથી, ક્રમશઃ વિષય ઈન્દ્રિયભોગો ઓછા થતા જાય છૂટે તે.

(૧૭) **"માનવીની નિષ્ફલ ક્રિયાનો વિચાર"** : ફલ એટલે પ્રયત્નના પરિણામે પ્રાપ્ત થનારી વસ્તુ. તે સુખ હોય - શાંતિપ્રદ હોય - આનંદરૂપ હોય ! જીવનમાં પ્રયત્નના પરિણામે સુખ-શાંતિ કે આનંદ મળે તે ફલ તેવું જીવન સફલ કહેવાય ! સામાન્યતઃ માનવ માત્રની મુખ્ય પ્રવૃત્તિ પેટ-પૈસા-પદ-પ્રતિષ્ઠા-પરિવાર માટેની હોય છે. કલ્યાણ કે કૈવલ્ય કે કૃષ્ણ માટેની પ્રવૃત્તિ બહુ ઓછાની હોય છે. સામાન્ય રીતે પદ-પૈસા-પ્રતિષ્ઠા માટે સૌ પ્રયત્ન કરે છે. તેમાં સુખ શાંતિનો આભાસ થાય છે ! પરિણામ તો જુદુ જ આવે છે ! આ માટેની બધી ક્રિયાઓ પ્રાયઃ પીડા વધારે છે, અશાંતિ ઉભી કરે છે, અંદરથી આનંદ દૂર દોડી જાય છે. આ વિચાર આવે તો નિષ્ફલ પ્રવૃત્તિમાંથી અટકાય, સફલ પ્રવૃત્તિમાં લાગી જવાય - જોડાઈ જવાય. આ માટે માનવીની નિષ્ફલ ક્રિયાનો વિચાર અનર્થમાંથી અટકાવે, સાચા રસ્તે દોરે-ઉગારે.

(૧૮) **"મૌન"** : બોલવું નહિ તે મૌન - તે તો અઘરું છે. મો અને મન બંન્ને શાંત થઈ જાય તે સાચુ મૌન ! મોંથી મૌન રાખ્યુ હોય છતાં ઈશારાથી કે લખીને સમજાવે તે અધુરુ મૌન છે, મધુરુ મૌન નથી !

(૧૯) **"આત્મચિંતન"** : આત્મા એટલે દેહ-અંતઃકરણ-જીવ અને ભગવાન્ ! આ ચારેયના યોગ્ય ચિંતનથી આત્મોન્નતિ સાધે તે આત્મચિંતન ! દેહની નશ્વરતા-રોગાદિ-ઉપદ્રવથી પીડા વગેરે વિચારથી તેમાં આસક્તિ ન રહે ! મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર ચાર વૃત્તિયો અંતઃકરણની છે ! એ ચારેયને તપાસે, નિર્દોષ રહે, પ્રભુમાં ઢળે તેવા વિચારો કરે તે આત્મચિંતન ! પોતે જીવ - ભગવાનનો અંશ હોવાથી દાસ છે તેથી ભગવાન પ્રત્યે ઉદાસ ન રહેવું, કઈ રીતે ઉપયોગી થવું ? - તેવા વિચારો આત્મચિંતન છે. આત્મા એટલે ભગવાન તેને જાણવા અને

માણવા તે જીવનનું બલ છે - ફલ છે. આ ભગવાનને જાણવા અને માણવા સંબંધી ચિંતન આત્મચિંતન ! (શ્રીભા.રસાસ્વાદ તથા પુ.પુ. દ્વારા વિચારવું સુશક્ય છે.)

(૨૦) **"અન્નાદિમાં પ્રાણીઓને યોગ્ય રીતે ભાગ"** : શાસ્ત્રમાં આને ભૂતયજ્ઞ કહેવાય છે. સામાન્યતઃ ભારતીય ધાર્મિક સંસ્કૃતિમાં જમતાં પહેલા ગો-ગ્રાસ કઢાય છે. ગાય-કૂતરાનો ભાગ કઢાય છે. અતિથિને ભોજન કરાવાય છે. આવો વિવેક પ્રસિદ્ધ છે. દેવ અને ભગવાનને ભોગ ધરવાનું તો વિશેષ ધર્મરૂપે છે.

(૨૧) **"સૌમાં ભગવદ્બુદ્ધિ વિશેષતઃ માનવોમાં"** : "આત્મૈ વેદમ્ સર્વમ્" - આ વેદ વાક્યમાં દેખાતાં-સંભળાતા-અનુભવાતા જગતને આત્મા-ભગવદ્રૂપ કહેલું છે. જડરૂપે પણ ભગવાન છે. ચેતનરૂપે પણ ભગવાન છે. તેનાથી વિશેષરૂપે પણ ભગવાન છે. જડમાં સૌમાં ભગવાન જડતા નથી. ચેતનમાં પશુ-પંખીમાં સ્પષ્ટ થતાં નથી, માનવમાં વિશેષતા છે. માનવદેહ ભગવાને પોતાને પ્રિય ગણાવેલો છે. સૌમાં ભગવાન સરખા હોવા છતાં માનવમાં કાંઈ વિશેષતા છે તે રૂપે ભગવાનને ઓળખવાનો પ્રયત્ન કરવો.

"નવધા ભક્તિ" :

(૧) **"શ્રવણ"** : ભગવદ્વાચક પદ વાક્યોનો ભગવાનમાં જ તાત્પર્ય નિર્ધાર એનું નામ શ્રવણ !

(૨) **"કીર્તન"** : આવા નિર્ણીત અર્થનું વર્ણન - ગાન !

(૩) **"સ્મરણ"** : આવા વર્ણવેલા કે ગાયેલા અર્થની સ્મૃતિ, મહાપુરુષોની ગતિનું સ્મરણ ભગવાન પરમ પુરુષ છે. તેમની લીલામાં સંકળાયેલા ભક્તો મહાપુરુષો છે. ભગવાન એકલા લીલા ન કરે, બીજાની જરૂર પડે ! તેવા બીજા લોકો પણ ભગવદ્રૂપ જ હોય. લીલાનું સ્મરણ કરતાં સાથે આ ભગવાન અને ભગવદીયોનું સ્મરણ સંકળાયેલું જ હોય. મોર પીંછાથી રળિયામણો હોય, તેમ ભગવાનની શોભા ભક્તોથી હોય. આવા ભક્તોની ગતિ પણ લીલાનુરૂપ જ હોય - ભગવાન જ હોય.

(૪) **"પાદ સેવન"** : ચરણ સેવા તો સ્વરૂપની થતી હોય, પણ મર્યાદામાં ચરણની મુખ્યતા હોય - પુષ્ટિમાં મુખની મુખ્યતા હોય. ચરણ દ્વારા સ્વરૂપમાં પ્રવેશ મળે છે, જેમ દ્વાર દ્વારા ઘરમાં પ્રવેશ મળે છે તેમ !

(૫) **"અર્ચન"** : પૂજન - શાસ્ત્ર સંપ્રદાયની વિધિ પ્રમાણે સેવન.

(૬) **"વંદન"** : પ્રણામ - જીવ ભગવાનને વંદન સિવાય શું કરી શકે ? કૌસ્તુભના આભૂષણવાળાને આભૂષણ શું દઈ શકાય ? કાલ કે વેદ રૂપ ગરુડના આસનવાળાને આસન શું દઈ શકાય ? લક્ષ્મીજી જેના પત્નિ છે એને ભેટ શું ધરી શકાય ? વાણીના સ્વામીની સ્તુતિ શું થઈ શકે ? જીવથી તો દીનતાપૂર્વક વંદન જ સંભવે !

(૭) **"દાસ્ય"** : દે તે દાસ, લે તે ઉદાસ ! કોઈ પણ ફલની અપેક્ષા વગર ભગવાનને સુખ થાય તેમ વર્તવું તે દાસ્ય !

(૮) **"સખ્ય"** : ભગવાન સાથે મૈત્રીભાવ.

(૯) **"આત્મ નિવેદન"** : પોતાનું સર્વસ્વ ભગવાનનું છે તેમ નિવેદનપૂર્વક ભગવાનને ઉપયોગી થાય તેમ વિનિયોગ કરાવવો !

આમાંથી પહેલી સાત ભક્તિ જીવયથાધિકાર સ્વતઃ કરી શકે. સખ્ય અને આત્મનિવેદન તો ભગવાન સ્વીકારે તો મળે.

સામાન્યતઃ તો ભક્તિ ભગવાન આપે તો જ મળે. પહેલા જો કૃપા હોય તો સામાન્ય રીતે રૂચિ થાય, રૂચિપૂર્વકના શ્રવણાદિથી પ્રેમ થાય, પ્રેમપૂર્વકના શ્રવણાદિથી આસક્તિ થાય, આસક્તિપૂર્વકના શ્રવણાદિથી વ્યસન થાય, વ્યસનપૂર્વકના શ્રવણાદિથી ફલ થાય.

સામાન્યતઃ શ્રવણ પરિક્ષીતે કર્યું, કીર્તન શ્રીશુકદેવજીએ કર્યું, સ્મરણ પ્રહલ્લાદજીએ કર્યું, પાદ સેવન લક્ષ્મીજી કરે છે, પૃથુએ પૂજન કર્યું, અક્રૂરે વંદન કર્યું, હનુમાનજીએ દાસ્ય, અર્જુને સખ્ય, બલિએ

આત્મનિવેદન કર્યું. આ મર્યાદા ભક્તિ કરનારા ભક્તો છે.

શ્રીપ્રહ્લાદજીએ આ નવધા ભક્તિમાં એક અદ્ભૂત વાત કરી છે.

इति पुंसार्पिता विष्णो भक्तिश्चेन्नवलक्षणा ।
क्रियते भगवत्यद्धा तन्मन्येऽधीतमुत्तमम् ॥ (શ્રી.ભા.૭-૫-૨૪)

આ પ્રકારે નવલક્ષણવાળી ભક્તિ જો વિષ્ણુને અર્પણ કરવામાં આવે, પ્રભુની પ્રસન્નતા માટે ભક્તિ થાય તો તે હું માનું છું ઉત્તમ ભણતર છે.

ભક્તિમાં સ્વાર્થ સ્વલ્પ પણ ન હોય. ભક્તિ તો ભગવાન માટે જ થાય. આ ઉત્તમ ભણતર છે. લૌકિક કે પારલૌકિક વળતર (ફલ)ની અપેક્ષાથી થતી ભક્તિ તો જીવનનું કળતર છે, તે ઉત્તમ ભણતર નથી.

આજે સમાજમાં ભણતર વધ્યુ છે. પદ-પૈસા-પ્રતિષ્ઠા માટે લોકો વધુ ભણતા જાય છે. ત્યાં વળતર તો સ્પષ્ટ છે. આ ભણતરમાં તો સામાન્યતા છે. ખૂબ ભણ્યા પછી ઊંચી ઉપાધીઓ મેળવવા છતાં પણ પદ-પૈસા-પ્રતિષ્ઠા મળવા છતાં પણ મનની શાંતિ, અંતઃકરણની પ્રસન્નતા, જીવનનો આનંદ કેટલાને મળે છે ? પ્રાયઃ સૌ અશાંતિમાં આથડતાં, લાલસામાં લપસતાં, દુઃખમાં ડુબકાં ખાતાં જીવનનો બોજો વહે જાય છે. ઉગરવાનો આરો-ઓવારો દેખાતો નથી. તેમાં આ ભારતીય શાસ્ત્રોનું મંગલ માર્ગદર્શન છે. દરેક વ્યક્તિ પોતાના અધિકાર પ્રમાણે આ ઉદાત્ત માનવધર્મને અનુસરે તો જીવનમાં સુખ-શાંતિ અને આનંદ સુલભ થાય !

नृणामयं परो धर्मः सर्वेषां समुदाहृतः ।
त्रिंशल्लक्षणवान्राजन्सर्वात्मा येन तुष्यति ॥ (શ્રી.ભા.૭-૧૧-૧૨)

માનવ માત્રનો આ કહેલો પરમ ધર્મ છે. ત્રીસ તેના લક્ષણો છે જેનાથી સર્વાત્મા-પરમાત્મા પ્રસન્ન થાય છે.

આ હિંદુઓ માટેનો જ સંકુચિત ધર્મ નથી. હિન્દુ-મુસલમાન-ખ્રિસ્તી-યહુદી કોઈપણ માનવ કોઈપણ દેશનો, કોઈપણ સમાજનો, કોઈપણ વર્ણનો, કોઈપણ અવસ્થાનો હોય એ લાભ લઈ શકે છે, કૃતાર્થ થઈ શકે છે. તેમાંથી સમાજ સ્વસ્થ બની શકે છે. અત્યારે ફેલાઈ રહેલા રાગ-દ્વેષ-ક્લેશ-છલ-કપટ આ બધામાંથી છૂટીને પ્રસન્નતાથી જીવી શકે છે, જીવનને જીરવી શકે છે સૌ !

સરલ-સફલ-સચોટ જીવન માર્ગદર્શન :

માનવ માત્રને શાંતિ-પ્રસન્નતા-પ્રેમના સંપાદન માટે દેશની અત્યારની પરિસ્થિતીમાં ભય અને ભ્રષ્ટાચાર દૂર કરવાનો સહેલો ઉપાય :

શ્રીમદ્ ભાગવતના મંગલાચરણમાં અને અંતે સ્પષ્ટ કહ્યું છે : "સત્યં પરં ધિમહી" (૧-૧-૧) (૧૨-૧૩-૧૯) (૧) સત્યં (૨) પરં-ચિત્-(જ્ઞાન) સમજ (સહનશીલતા) (૩) ધિમહી-ધીંપ્રીતૌ - પ્રેમ કરીએ છીએ, સ્નેહ કરીએ છીએ. આમ, સત્ય-સમજ-સ્નેહની ત્રિવેણી એ ભાગવતનો મંગલજીવન સંદેશ છે. આ સત્યને સાચવવા માટે સાચા જ્ઞાનપૂર્વક - સમજપૂર્વક સઘળું સહન કરવું, સ્નેહપૂર્વક સહન કરવું. આ દેશની સૌ પ્રજા (હિન્દુ-શીખ-મુસલમાન-પારસી-ખ્રિસ્તી-જૈન-બૌદ્ધ વગેરે)ને દેશના કે જીવનના સર્વ પ્રજાના પ્રશ્નોનો આ સરલ-સફલ ઉકેલ દેખાય છે.

આમ, આ અંગુલિ નિર્દેશ સૌને માટે પ્રાચીન અર્વાચીન દ્રષ્ટિકોણ લઈને પાવન-પ્રફુલ્લ-પ્રસન્ન કરનારો નિવડે તેવી દઢ શ્રદ્ધા છે. પ્રભુને તે માટે નમ્ર વિનંતી.

મારા સહધર્મચારિણીને દોઢ માસ મોટી હોસ્પિટલમાં રાખ્યા, દર્દનું નિદાન ન થયું. એક દિવસ અમારા ભાગવત પરિવારના વૈષ્ણવો હોસ્પીટલમાં મળવા ગયા. સ્વાભાવિક વાતો થઈ. ડોક્ટરે તે સાંભળી. "અમારા અહિંના વાતાવરણ કરતાં ઘરના આ વાતાવરણમાં લઈ જાવ તો જલદી સાજા થાય" ! ઘેર લઈ આવ્યા, પ્રભુએ જ સ્વાસ્થ્ય દીધુ. સન્મુખ રાખે છે.

મને થોડા વખત પહેલાં મથુરામાં યમુના કિનારે વિદ્વાનો સાથે વાતો કરતો હતો ને બે-ત્રણ વખત નાડી ચાલતી બંધ થઈ ગઈ. એમ.એસ. અને

એમ.ડી. ડોક્ટરો સાથે હતા. લાચાર બનીને જોયા કરતા હતા. પ્રભુએ જ પોતાના માટે જ જીવન દીધુ ! પછી તો સાત્વત સંહિતા (સંસ્કૃત) દ્વિતિય આવૃત્તિ પ્રભુએ પ્રકટ કરાવી, ગીતાગુંજનનું અંગ્રેજી ભાષાંતર પણ થયું, શ્રીભાગવત વિહંગાવલોકન પણ આલેખાયુ. (૧) દુઃખ દયાનું દાન (૨) જીવન મંગલ (૩) ત્રિવિધ નામાવલીના પુનઃર્મુદ્રણના ઉપોદ્‌ઘાત નવા લખાયા, બીજા કાર્યો પણ પ્રભુ કૃપાથી ચાલે છે.

આ ભગવદ્ સેવારૂપ યજ્ઞમાં ચારસો વાક્યોનું આલેખન બાએ અંડર લાઈન કરેલી તેનું, મારી પુત્રી કલ્પ ચિ. સૌ. નીરૂ ભૂપેન્દ્ર પટેલે કર્યું છે. આ ઉપોદ્‌ઘાત પણ આલેખન હું બોલતો ગયો અને તે લખતી ગઈ. તેને મંગલાશિર્વાદ. ગ્રંથના પુનઃમુદ્રણમાં પૂર્વવત્ સહયોગ દેનારા સૌ સ્વજનશા સહયોગી જનોને હાર્દિક મંગલ આશીર્વાદ. વિદ્યાનિધિ ટ્રસ્ટને આવા સર્વોપયોગી પ્રકાશનો માટે ભગવાન કૃપા કરે એવી મંગલ કામના ! ટ્રસ્ટ અને ઘરની વ્યવસ્થા સંભાળતા ગૃહસેવાની જવાબદારી સંભાળી લેતાં ચિ. કીર્તન તથા સૌ. મોનાને પ્રભુ વિશેષ સન્મુખતા દે તેવો મંગલાશીર્વાદ. પ્રિય પૌત્ર ચિ. ભર્ગ ઘરની પરંપરાની વૈષ્ણવતા અને વિદ્વત્તાનો વિકાસ ઉત્તરોત્તર સાધે, ઘરમાં ખેલતા પ્રભુની પ્રસન્નતા સાચવે-વધારે તેમ મંગલાશીર્વાદ.

વાક્ય વિનોદિનીની પહેલી આવૃત્તિની પૂરક જેવી આ બીજી આવૃત્તિ છે.

લિ. સર્વમંગલલિપ્સુ,
નવનીતપ્રિય શાસ્ત્રીના
પ્રભુવંદન ભગવત્સ્મરણ.

તા. ૫-૬-૧૨
મંગળવાર સં.૨૦૬૮
"વ્રજવિહાર", કૃષ્ણદર્શન ફ્લેટ પાછળ,
વાણિયાવડ, કોલેજ રોડ,
નડીઆદ ૩૮૭ ૦૦૧.

"श्रीहरिः"

"सा विद्या तन्मतिर्यया..."

શ્રીમદ્ ભાગવત પરિવારના આચાર-વિચાર

આજથી લગભગ પચ્ચીસેક વર્ષ પહેલાં પૂ.શ્રીનવનીતપ્રિય શાસ્ત્રીજીને પ્રેરણા થઈ "શ્રીભાગવત પરિવાર"ની સ્થાપના કરવાની ! તેમાં ઉદ્દેશ અને આચાર મર્યાદાઓ નીચે પ્રમાણે સાચવવા પ્રયત્ન કરવો તે હિતાવહ લાગે છે.

ઉદ્દેશ :-

શ્રીમદ્‌ભાગવત દ્વારા શ્રીમહાપ્રભુજીએ બતાવેલ સપ્તાર્થ પદ્ધતિથી પ્રભુને જાણવા અને માણવા. પ્રભુને પ્રેમ અને પ્રસન્ન કરવાનો પ્રયત્ન કરવો.

આચાર વિચાર:-

(૧) મૂળ (સંસ્કૃત) નિબંધ-સુબોધિનીમાં પ્રવેશ (સ્પષ્ટ સમજ) ન હોય તો વિદ્યાનિધિ ટ્રસ્ટ પ્રકાશિત શ્રીમદ્‌ભાગવત રસાસ્વાદનું તથા પુષ્ટિપુલિનનું જ સેવન કરવું.

(૨) ભાગવત પરિવારમાં બીજી વાતો કે વિચારો કે વ્યવહારો ન જ કરવા.

(૩) ભાગવત પરિવારમાં રોકડ કે વસ્તુ રૂપમાં કશી લેવડ દેવડ ન જ કરવી.

(૪) ભાગવત પરિવારમાં અન્ય વાતો ન જ કરવી, સપ્તાર્થ પદ્ધતિને સાનુકૂલ હોય તે જ વાંચવું અને વિચારવું.

(૫) ભાગવત પરિવારમાં પોતાના જીવન વ્યવહારનું નિરીક્ષણ પોતે જ કરવું, બીજાની પંચાત ન જ કરવી.

(૬) ભાગવત પરિવારમાં બધા જ વૈષ્ણવો છે. કોઈ પ્રમુખ નથી કે કોઈ મંત્રી નથી.

(૭) ભાગવત પરિવારમાં આવનારને સત્સંગને અંતે પુષ્ટિપ્રભુની

પ્રસાદી મિશ્રીના બે કણ અને જરુર હોય તો જળ આપવું. અન્ય પ્રસાદ, વસ્તુ કે પીણાં નહીં.

(૮) ભાગવત પરિવારમાં નિયત સમય જાળવવાનો પ્રયત્ન કરવો. ભાગવત પરિવારમાં છેલ્લા સત્સંગનું સરળ પુનરાવર્તન કરીને પછી આગળનો ક્રમકરવો.

(૯) દેશ,કાલ અને અધિકારની મર્યાદા સમજીને વર્તવું.

(૧૦) ભાગવત પરિવારમાં પોતાના પ્રભુમાં પોતાનો પ્રેમ કેટલો વંધ્યો તે પોતે જ તપાસવું.

(૧૧) સત્સંગની શરૂઆતમાં મંગલાચરણ કરવું અને સત્સંગને અંતે આશ્રયનું પદ "દ્રઢ ઈન ચરણન કેરો...." સામાન્ય રીતે કરવું. આ સાથે મંગલાચરણ આપેલ છે. તે પ્રમાણે જ કરવું. સાથે તેનું ભાષાન્તર પણ આપેલું છે.

(૧૨) ભાગવત પરિવારમાં દરેક ભાગવત પરિવારના સદસ્યોનાં નામ, સરનામું, ફોન નં. અને વ્યવસાય વગેરેની નોંધ રાખવી.

(૧૩) ભાગવત પરિવારમાં પ્રસંગવસાત્ ભાગવત પરિવારનાં સ્થળ, સમય વગેરે બદલવાના હોય તો તેની જાણ નડીઆદ કરવી.

(૧૪) લૌકિક પ્રસંગોમાં ભાગવત પરિવારનાં સદસ્યોને ભાગવત પરિવારનાં નામથી જોડવાં નહિ.

(૧૫) ભાગવત પરિવારમાં મૂલ(સંસ્કૃત) ભાગવત અથવા શ્રીમદ્ભાગવત રસાસ્વાદ સાથે લઈને આવવું લિ.

વિનીત
નવનીતપ્રિય શાસ્ત્રીનાં
પ્રભુવંદન પૂર્વક ભગવત્સ્મરણ
આજ્ઞાથી
કીર્તન શાસ્ત્રી

મઙ્ગલાચરણ

સ્ફુરતકૃષ્ણ-પ્રેમામૃત-રસ ભરેણાતિ-ભરિતા
વિહારાન્કુર્વાણા વ્રજ-પતિવિહારાબ્ધિષુ સદા ।
પ્રિયા-ગોપી-ભર્તુઃ સ્ફુરતુ સતતં વલ્લભ ઈતિ
પ્રથાવત્યસ્માકં હૃદિ સુભગ-મુર્તિઃ સકરુણા ॥ ૧ ॥
આચાર્ય ચરણદ્વન્દ્વં ભક્તિજ્ઞાનાબ્જભાસ્કરમ્ ।
નમસ્યામિ મનઃકર્મવાગ્ભિરન્તસ્તમોડપહમ ॥ ૨ ॥
દાસ્યં પ્રયચ્છતાં મહ્યં સમસ્તફલમૂર્ધગમ્ ।
સ્વામિનૌ વલ્લભાધીશવિઠ્ઠલેશાભિધૌ સદા ॥ ૩ ॥
શ્રીકૃષ્ણં પરમાનન્દં દશલીલાયુતં સદા ।
સર્વભક્તસમુદ્ધારે વિસ્ફુરન્તં પરં નુમઃ ॥ ૪ ॥
શ્રીમદ્-ભાગવતં નૌમિ યસ્યૈકસ્ય પ્રસાદતઃ ।
અજ્ઞાતાનપિ જાનાતિ સર્વઃ સર્વાગમાનિહ ॥ ૫ ॥
બુદ્ધિપ્રેરકકૃષ્ણસ્ય પાદપદ્મં પ્રસીદતુ ।
ધ્યાનાસમર્થજીવાનામસ્માકં સર્વદા સ્વતઃ ॥ ૬ ॥
વન્દે નન્દવ્રજસ્ત્રીણાં પાદરેણુમભીક્ષ્ણશઃ ।
યાસાં હરિકથોદ્ગીતં પુનાતિ ભુવનત્રયમ્ ॥ ૭ ॥
સુલભ્ય હૃદિ સર્વેશં શ્રીગોપીજનવલ્લભમ્ ।
ગુણગાનં સદા કુર્વે તસ્ય તુષ્ટ્યૈ સ્વભાવતઃ ॥ ૮ ॥

"શ્રીહરિઃ"

"सा विद्या तन्मतिर्यया..."

શ્રીભાગવત પરિવારના મઙ્ગલાચરણના શ્લોકોનું સરલ ભાષાન્તરઃ

સ્ફુરતા કૃષ્ણપ્રેમરૂપ અમૃત-રસની અતિશયતા વડે અત્યંત ભરેલું, વ્રજપતિ (શ્રીકૃષ્ણ)ના વિહાર-સમુદ્રોમાં સદા વિહરતું, ગોપીભર્તાનું પ્રિય, "વલ્લભ" - નામે પ્રસિદ્ધ, કરુણાયુક્ત, સુભગ-સ્વરૂપ અમારા હૃદયમાં સતત સ્ફુરો !॥૧॥

અંતઃકરણના અંધકારને દૂર કરનાર, ભક્તિથી પ્રાપ્ત થતા ભગવજ્જ્ઞાન રૂપ કમલને ખીલવનાર સૂર્ય રૂપ, શ્રીમદ્-વલ્લભાચાર્યજીનાં બે ચરણોને હું મન-કર્મ અને વાણીથી નમસ્કાર કરું છું.॥૨॥

શ્રીવલ્લભાધીશ અને શ્રીવિઠ્ઠલેશ નામવાળા બે સ્વામી, સઘળાં ફલોમાં શ્રેષ્ઠ દાસપણું મને હંમેશાં આપો.॥૩॥

સદા દશલીલાઓ સહિત, સર્વભક્તોના સમુદ્ધાર નિમિત્તે વિશેષ-રીતે સ્ફુરાયમાન થતા, સર્વશ્રેષ્ઠ, પરમાનન્દ, શ્રીકૃષ્ણને અમે સ્તવીએ છીએ.॥૪॥

શ્રીમદ્ ભાગવતની હું સ્તુતિ કરું છું ! (નમન કરું છું.!) જે એકની જ કૃપાથી અજાણ્યા શાસ્ત્રોને પણ સૌ અહીં સરખી રીતે સમજે છે.॥૫॥

અમારી, ધ્યાન કરવા અસમર્થ જીવોની, બુદ્ધિને પ્રેરનારા શ્રીકૃષ્ણનાં ચરણકમલ સર્વદા પોતાની મેળે પ્રસન્ન થાવ!॥૬॥

શ્રીનન્દરાયજીના વ્રજનાં સ્ત્રીઓ (શ્રીગોપીજનો)ના એક ચરણરજને વારંવાર હું વંદન કરું છું. જેમનાં હરિકથા કરતાં ગાયેલાં ઊચ્ચગીત ત્રિભુવનને પાવન કરે છે.॥૭॥

સર્વના સ્વામી શ્રીગોપીજનવલ્લભ (શ્રીકૃષ્ણને)ને હૃદયમાં પધરાવીને, તેમનાં સ્વભાવતઃ સંતોષ માટે હું ગુણગાન સદા કરું છું.॥૮॥

॥ શ્રીહરિઃ ॥

શ્રીમદ્ ભાગવત માહાત્મ્ય

૧ ભગવાન અને ભગવાનનાં સ્વરૂપભૂત ભાવભર્યા ભક્તો સંબંધી નિરૂપણ તે ભાગવત.

૨ શ્રીમદ્ ભાગવત શ્રાન્તને શાન્ત કરે છે.

૩ ભગવાન જડ્યા પછી, સુખ-શાન્તિ વગેરે કાંઈ જ શોધવાનું ન રહે,- સ્વતઃ મળે.

૪ ભાગવત દ્વારા ભગવાનમાં પ્રીતિ થાય છે. પ્રિતિ ભગવદ્ધર્મ છે. પ્રીતિથી રીતિ અને નીતિ આવે, બધીજ ભીતિ ટળે, જગતમાં જીતી જવાય.

૫ માનવને કોઈ વખત પરિસ્થિતિની પ્રતિકૂળતા પીસે છે, કોઈ વખત કાળ કનડે છે, કોઈ વખત પોતાનો જ ભય ભીંસે છે.

૬ શ્રીમદ્ ભાગવતનું સેવન કરનારને અભય આપે છે.

૭ શ્રીમદ્ ભાગવતનું સેવન ત્રણ રીતે થઈ શકે છે. (૧) શ્રવણ, (૨) કીર્તન અને (૩) સ્મરણ અથવા ચિંતન દ્વારા.

૮ શ્રીમદ્ ભાગવત માનવ માત્રના કલ્યાણ માટે છે.

૯ અવતાર લેવામાં ભગવાનનો હેતુ સર્વનું કલ્યાણ કરવાનો છે. તે ભગવાનની લીલા છે. તેમ ભાગવતના પ્રકટ્યનો ઉદ્દેશ પણ સર્વનું કલ્યાણ કરવાનો છે.

૧૦ સુખનો અભાવ દુઃખ નથી, પણ પ્રતિકૂલ પરિસ્થિતિ પ્રાયઃ દુઃખ કહેવાય છે, આનંદનો અનુભવ ન થાય તે દુઃખ છે.

૧૧ ભગવાનના સંબંધવાળા, ભગવાને આપેલા, આનંદમાં ક્યારેય દુઃખ આવતું નથી.

૧૨ હૃદયના સ્નેહપ્રવાહમાં ભગવાનના સ્વરૂપ અથવા લીલાનું વર્ણન

કરતાં શબ્દોનું સ્વાભાવિક સરવું, તે સ્તુતિ છે.

૧૩ પ્રાર્થના પરકીય બનાવે. સ્તુતિ સ્વકીયતાનું સંપાદન કરે.

૧૪ જ્યાં સુધી આપણને સંસારમાં આસક્તિ છે, સ્વજનમાં મોહરૂપ સ્નેહ છે ત્યાં સુધી ભગવાનમાં પ્રીતિ થાય નહિ.

૧૫ શ્રીમદ્ ભાગવતના સતત શ્રવણથી, કીર્તનથી અને સ્મરણથી લોકાશક્તિ અને મનની મલીનતા ચાલી જાય, અંતઃકરણ શુદ્ધ થાય.

૧૬ શુદ્ધ અંતઃકરણમાં પ્રભુમાં પ્રીતિ થાય, બીજે ક્યાંય ન હોય તેવી; પ્રભુ જેનાથી સમજાય, પ્રાપ્ત થાય તેવી સર્વથી અધિક અને સુદૃઢ હોય તે પરમ પ્રીતિ કહેવાય.

૧૭ વ્યક્તિ રૂપે અને વસ્તુરૂપે સઘળે ભગવાન જ બિરાજે છે, તે સમજાઈ જાય તો સર્વત્ર ભગવદ્ભાવ આવતાં મનમાંથી મલીનતા જાય, કાળજામાંથી કટુતા, કપટ અને કઠોરતા જાય, નિર્મલતા આવે.

૧૮ ભાગવત દુશ્મન તરીકે જોતી દૃષ્ટિ બદલી નાખે છે, અને તેને ભગવાન તરીકે જોતાં શીખવે છે.

૧૯ ભાગવત સર્વ વેદ-પુરાણ-ઈતિહાસનો સાર છે.

૨૦ સ્વયં ભગવાન શંકર વ્યાસ મહર્ષિજી દ્વારા શ્રીશુકરૂપે પ્રકટ થયા છે.

૨૧ વ્યાસજી પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણની જ્ઞાનકલાનો અવતાર છે.

૨૨ કોઈનો ય સંગ કરવો તે પોતે જ બંધનમાં મૂકાવા જેવું છે. પ્રસંગોની પરંપરા અંતઃકરણને રાગદ્વેષના બંધનમાં બાંધે છે.

૨૩ તનનો સંગ ન છૂટે તો મનથી પણ સંગ છોડવો.

૨૪ જેણે ભગવાનની કથાનો રસ ચાખ્યો છે, તેને જગતના કોઈ રસ ચાખવાનું મન થતું નથી.

૨૫ લોકસુખ અને શાસ્ત્રમાં કહેલાં ફલ મેળવવાની લાલસા છૂટ્યા પછી જ પ્રભુપ્રાપ્તિ માટે પ્રયત્ન થઈ શકે છે.

૨૬ ભક્તિમાં તો દેહ પ્રભુ સેવા માટે સાચવીને સુંદર રખાય છે.

૨૭ દીનતાપૂર્વક કરેલું ભગવાનનું સ્મરણ સાચો સન્માર્ગ સૂઝાડે છે.

૨૮ ભક્તોના આચાર અને વિચાર એક હોય છે. વિચાર, વાણી અને વર્તનની એક્તા સાધુપુરુષોમાં સ્વાભાવિક હોય છે.

૨૯ સ્થિર ચિત્ત અને બુદ્ધિની પ્રસન્નતા ન હોય તો સહેલી વાત પણ ન સમજાય. સ્થિરતા અને પ્રસન્નતા હોય તો અઘરું પણ સહેલું લાગે.

૩૦ અનેક જન્મના પુણ્ય એકત્રિત થતાં ભાગ્યોદય થાય, ત્યારે સત્સંગ મળે, સ્વાસ્થ્ય મળે, સુખ મળે, શાંતિ તેમજ સન્મતિ મળે.

૩૧ જ્યાં ભગવાનની ભક્તિ હોય ત્યાં આનંદ અવશ્ય હોય. ભક્તિ લૌકિક-ક્લેશને દૂર કરે છે.

૩૨ વૈષ્ણવ લૌકિક સુખ લંપટ કે લાલસાવાળા ન હોય. વૈષ્ણવને ભગવાનની કથામાં અને સેવામાં આતુરતા હોય, બીજા કશાયમાં નહિ.

૩૩ ભગવાનમાં જ મન, બુદ્ધિ અને શરીરનો ઉપયોગ કરતાં નિત્ય શ્રવણ કરવું જોઈએ.

૩૪ કુમારોએ વૈષ્ણવોના ચિત્તમાં ભક્તિને સ્થાન આપ્યુ, તેથી ભક્તિ વૈષ્ણવોનાં ચિત્તમાંથી ક્યારેય ચલિત થતાં નથી. સર્વ-સ્થિતિમાં ભક્તિ વૈષ્ણવોના હૃદયમાં સ્થિર બિરાજે છે.

૩૫ પોતાના ભક્તોનું ચિત્ત સંસારમાં આથડતું હોય, સ્થિર ન થતું

હોય તો ભગવાન પોતે ભક્તના મનને હરે છે, બીજે જવા ન દેતાં પોતાનામાં સ્થિર કરી દે છે.

૩૬ પોતાના ભક્તોના જીવનમાં ભંગ કરાવનારા, ભક્તિમાં ભંગ કરાવનારા, કામ, ક્રોધ અને લોભ એ ત્રણ ભંગ કરવા માટે ભગવાન લલિત થઈને હૃદયમાં આવે છે.

૩૭ મોક્ષ કરતાં પણ અધિક સુખ પોતાની લીલાના અનુભવથી ભક્તોને દે છે.

૩૮ જીવનમાં સત્પ્રવૃત્તિ માટે પ્રયત્ન કરે તે યતિ, પ્રભુ મેળવવા પ્રયત્ન કરે તે યતિ, પોતે જ્ઞાન કે ભક્તિપૂર્વક સઘળાનો પરિત્યાગ કરી, પોતાના સંગમાં આવનારમાં જ્ઞાન અને ભક્તિનું સ્થાપન કરે તે સન્યાસી.

૩૯ સાધુ પુરુષો પાસેથી આપણને સદાચારની વાતો મળે છે, જડે છે; પણ પ્રમાદ પરવશ આપણે પૂરેપુરું આચરણ કરતાં નથી, તેથી જે ફલ મળવું જોઈએ તે મળતું નથી.

૪૦ પતિ-પત્નિ પરિસ્થિતિનો વિચાર પરસ્પર કરે તો પ્રીતિ વધે - હિત થાય - જીવનની સાચી રીત જડે.

૪૧ આપણી ઈચ્છાઓ અકારણ પણ ગુણદોષ દૃષ્ટિ દે છે. ઈચ્છાઓ જતાં દૃષ્ટિ બદલાય. કોઈનામાં દોષ દેખાય તો એનો વિચાર ન કરતાં પોતાના દોષ વિચારવા. તેનાથી દીનતા આવે, કોઈનામાં કે પોતાનામાં ગુણ દેખાય તો તે ગુણ ભગવાને દીધેલા છે એમ વિચાર કરો, તો ભગવાનની ઉદારતા-કૃપાના વિચારે પ્રભુમાં આદરબુદ્ધિ થશે.

૪૨ કોઈના પણ વંશમાં જન્મનારના હૃદયમાં દેહ, દામ્પત્ય, ઘર, ક્ષેત્ર, પુત્ર, પ્રિયજન અને પૈસા એ સાતમાં અહંતા અને મમતાથી મોહની ગાંઠ વળે છે.

૪૩ સફળતા મળવામાં ૮ અવરોધક છે.

(૧) અદૃઢજ્ઞાન - અસ્પષ્ટ કે ઉપદેશમાં રહેતું આચરણ વગરનું જ્ઞાન,
(૨) પ્રમાદથી કરેલું શ્રવણ - બે ધ્યાનપણે, વ્યવહાર બુદ્ધિથી, આદર વગર, સમજ વગર, ટેવ માત્રથી કરેલું શ્રવણ.
(૩) સંદિગ્ધ મંત્ર - ગુરુપરંપરા વગરનો મંત્ર
(૪) વ્યગ્ર ચિત્તે કરેલો જપ
(૫) અવૈષ્ણવ દેશ - ભગવાનના ભક્તો વગરનું સ્થાન
(૬) કુપાત્રને ભોજન દીધેલું શ્રાધ્ધ - સદાચાર રહિતને ભોજનવાળું શ્રાધ્ધ
(૭) આશ્રોત્રિયને કરેલું દાન - બ્રહ્મનિષ્ઠ ન હોય તેને કરેલું દાન
(૮) અનાચારવાળુ કુલ - સદાચારરહિત કુટુંબ.

૪૪ કથા શ્રવણમાં ચાર ઉપકારક છે.

(૧) ગુરુવાક્યમાં વિશ્વાસ
(૨) પોતાનામાં દીનભાવ
(૩) મનના દોષ પર જય
(૪) કથામાં નિશ્ચલ મતિ.

૪૫ ભોજન વિકાર કરે તેવું હોય તો મન વિકારવાળું બને. કામક્રોધાદિ મનોવિકાર વધે તેવાઓનો સંગ ન કરવો.

૪૬ સત્ય, પવિત્રતા, દયા, મૌન, સરલતા, વિનય અને ઉદારતા રાખવા.

૪૭ શ્રીમદ્ ભાગવત સર્વ પુરાણોમાં શ્રેષ્ઠ છે.

૪૮ નિન્દનીય સંસારસુખના માર્ગે વ્યર્થ શા માટે આથડો છો ? ભાગવત શ્રવણથી સર્વ દુઃખમાંથી મુક્તિ મળે છે. તેમાં પરીક્ષિત સાક્ષી છે.

૪૯ શ્રીમદ્ ભાગવત ભક્તિજનક સંહિતા છે. તેનો સમગ્ર અર્થ "આનંદરૂપ સાકાર ભગવાનની લીલા છે; તેથી આનંદ આપવાનું, ભગવાનનાં સાક્ષાત્ દર્શન કરાવવાનું સામર્થ્ય શ્રીમદ્ ભાગવતમાં છે."

॥ શ્રીહરિઃ ॥

પ્રથમ સ્કન્ધ

શ્રીગોવર્ધનનાથજીનો જમણો ચરણકમલ - અધિકારલીલા - અંતઃકરણની સ્થિતિ કુલ પ્રકરણ ૩ - સામાન્ય, અસામાન્ય ને ગુણાતીત અધ્યાય ૯+૯+૧ (હીન, મધ્યમ, ઉત્તમ પ્રમાણે - અધ્યાય ૩+૩+૧૩ - કુલ અધ્યાય ૧૯)

૫૦ પાણીમાં પવનની થપાટોથી ઘૂમતી નાવ સ્થિર થતી નથી, તેમ વ્યર્થ વિચારોથી બુદ્ધિ સ્થિર થતી નથી.

૫૧ સત્સંગ કરવા યોગ્ય સંતોમાં ત્રણ ગુણ સ્વાભાવિક હોય (૧) કૃપાલુતા : દુઃખી, દીન, હીન, વિષયવિલીન, મનોમલિન, પાપી લોકોને જોઈને સંત રોષ ન કરે, દોષ ન દે; પણ દયા કરે, પ્રેમના પુનિત પ્રવાહથી પ્રાણી માત્રને પાવન કરે. સૌને સન્માર્ગે વાળે, સ્નેહ શ્રીહરિમાં કરાવે, સૌના દુઃખો દૂર કરવાની ઈચ્છા - કોમલતા - સંતોમાં હોય, કઠોરતા ન હોય. (૨) બ્રહ્મવિદ્યા : સંતોને ભગવાનનું જ્ઞાન હોય, શાસ્ત્રોના રહસ્યોની યથાર્થ સમજ હોય, તે અન્યત્ર આથડતાં અટકાવે. (૩) મનન : શાસ્ત્રોનાં પરંપરાથી પ્રાપ્ત થયેલાં રહસ્યો અને ભગવાનના સ્વરૂપના મનનમાં સંતો મગ્ન હોય, વ્યર્થ વાતો, વિચારો અને વ્યર્થ વ્યવહારથી તે બચાવે, બહિર્મુખતામાંથી બચાવે, અતર્મુખ બનાવે, ભગવદભિમુખ રાખે.

૫૨ સત્સંગ ઈચ્છતા, સેવા કરવા ઈચ્છનાર સેવકમાં ત્રણ દોષ ન જોઈએ. (૧) ચપલતા (૨) વિષયસંબંધ (૩) સુખના સાધનનો સંચય.

૫૩ સત્સંગશીલ સેવકમાં ચાર ગુણ જોઈએ. (૧) દીનતા (૨)

અનુવર્તન (૩) શુશ્રુષા (૪) અલ્પભાષણ.

૫૪ અંતઃકરણ નિર્દોષ થાય ત્યારે જ નિર્દોષ પ્રભુ માટે પ્રવૃત્તિ થાય. હૃદયમાં રાગદ્વેષ વગેરે હોય ત્યાં સુધી પ્રભુ માટે પ્રીતિ કે પ્રવૃત્તિ ન થાય.

૫૫ ભક્તિ હોય તો શોક, મોહ, ભયને હૃદયમાં સ્થાન મળે નહિ.

૫૬ ભગવાનનું નામ દેતાં કે સાંભળતાં અંતઃકરણ પ્રેમથી પીગળી જાય, આંસુરૂપે આંખમાંથી ઊભરાવા માંડે, શરીર રોમાંચ રૂપે રેલાઈ રહે, તેમાં ભીંજાઈને વાણી ગદ્ગદ્ બની જાય, ત્યારે જ ભગવત્- સંબંધવાળાઓનું વૈષ્ણવપણું કહેવાય.

૫૭ હે કૃષ્ણ ! ભયમાંથી સૌની રક્ષા આપ કરો છો. પણ ભક્તોને તો આપ હંમેશા અભય જ કરો છો. ક્યારેય ભય થવા દેતાં નથી.

૫૮ સંસારીઓ ભક્તિ કરીને પણ ભોગ શોધે છે. ભક્તો મળેલા ભોગને છોડીને પણ ભગવાનની ભક્તિ શોધે છે. ભક્તોનું તો સઘળું ભક્તિ જ માટે હોય. ભક્તોનો તે ધર્મ છે.

૫૯ ભક્તોને મન દુઃખ ડરામણા નથી લાગતાં, પણ પ્રભુનાં મનામણા કરી પ્રભુને દાસની પાસમાં લાવનારાં વધામણાં લાગે છે.

૬૦ અકિંચનને મન કૃષ્ણ જ કંચન છે. કૃષ્ણને મન અકિંચન જ કાંચન છે.

૬૧ ભગવાન પણ સર્વ ઉપર ઉપકાર કરવા, સૌનો ઉદ્ધાર કરવા, અવતાર લઈને પ્રકટ થયા છે. તે સ્વભાવની સુંદરતાનું સૂચક છે. સ્વરૂપ અને સ્વભાવની સુંદરતાનો સુભગ સુમેળ શ્રીહરિમાં છે.

૬૨ પોતાની લૌકિક મોટાઈ જતી કરે, પ્રભુનું નાનામાં નાનું કાર્ય સેવક બુદ્ધિથી પ્રેમપૂર્વક કરે - તો સાચો બુદ્ધિશાળી છે, તેથી પ્રભુ રાજી થાય.

૬૩ સ્વજન અને સંયોગો આપણે માગવા ગયા નથી. પ્રભુએ દીધાં છે. ભલે ઋણાનુબંધ મળ્યાં, પણ દેનારા તો પ્રભુ છે. એમના પ્રત્યેની આપણી ફરજ યોગ્ય રીતે બજાવીએ તો, પ્રભુની પરોક્ષ સેવા જ સમજવી. એમનું કામ કર્તવ્ય સમજીને કરીએ તો, કંટાળો, કડવાશ, કર્કશતા આવશે, તેમણે આપણું કામ કરવું જોઈએ - તેવો બદલાનો વિચાર આવશે, તો સુખ-શાન્તિ-સ્નેહ ખોવાઈ જશે; પણ પ્રભુના સંબંધ અને સંતોષના વિચારે સઘળું કરશું તો, મન મંગલ અને મધુર રહેશે. સુખ-શાંતિ-સ્નેહ સામેથી શોધતાં આવશે.

૬૪ સંસારીઓને પરસ્પર થએલો સ્નેહ તો મોહમાંથી થયેલો સ્નેહ છે. સાચો નથી, તેથી વ્યર્થ વ્યાકુલતા છોડો.

॥ શ્રીહરિઃ ॥

દ્વિતિય સ્કન્ધ

શ્રીગોવર્ધનનાથજીનો ડાબો ચરણકમલ - સાધનલીલા - અધિકારના કર્તવ્યનો નિર્ધાર કુલ પ્રકરણ ૩ - તત્ત્વધ્યાન, હતપ્રસાદ અને મનન અધ્યાય ૨+૨+૬ - કુલ અધ્યાય ૧૦

૬૫ "ભગવન્ ! હું પરિવર્તન ન કરી શકું - તેને સ્વીકારવાનું ગાંભીર્ય મને આપો; હું પરિવર્તન કરી શકું તેને બદલવાની હિંમત આપો, અને તે બંને વચ્ચેનો ભેદ સમજવાનું શાણપણ આપો."

૬૬ પોતાના ગુણના ગૌરવથી, ગંભીરતાથી, મહેનતથી, આત્મબળથી, વિશિષ્ટતાથી યુવાન સર્વત્ર સફલ બની શકે છે. જીવનને કૃતાર્થ કરવાનો રાજમાર્ગ યુવાનને મળે - ભાગવતના શ્રવણ દ્વારા, સેવન દ્વારા.

॥ શ્રીહરિઃ ॥

તૃતિય સ્કન્ધ

શ્રીગોવર્ધનનાથજીનો જમણો બાહુ - સર્ગલીલા - (મહા) ભુત, તન્માત્રા (સુક્ષ્મભુતો), ૧૧ ઈન્દ્રિયો, બુદ્ધિનો જન્મ, કુલ પ્રકરણ ૧૦ - બંધસૃષ્ટિ (ગુણાતીત, સગુણ સૃષ્ટિ, કાલ સૃષ્ટિ, મુક્તજીવ સૃષ્ટિ, ઉપોદ્ઘાત), મુક્ત સૃષ્ટિ (તત્ત્વ મુક્તિ, કાળ મુક્તિ, ગુણાતીત મુક્તિ, સગુણ મુક્તિ, જીવ મુક્તિ) અધ્યાય ૧૯(૬+૩+૨+૧+૭), ૧૪(૫+૧+૨+૧+૫) - કુલ અધ્યાય ૩૩

૬૭ સાધુના સ્વલ્પ સંગમાંથી જીવનભરનું ભાથું મળી જાય.

૬૮ આલોક અને પરલોકના ફલ પણ પ્રભુ જ આપે છે, તેથી સૌએ પ્રભુમાં પ્રીતિ કરવી જોઈએ.

૬૯ કથાશ્રવણથી ભગવદ્ગુણ હૃદયમાં આવે તો સર્વ ઈન્દ્રિયો શુદ્ધ થાય, અધિકાર વધારે ઉત્તમ ગણાય.

૭૦ સામાન્ય સંસારી પોતાને અનુકૂળ લાગે તેમ ઘરમાં રહે, ભક્તો ભગવાનને અનુકૂળ થાય તેમ ઘરમાં જીવે. પરિણામે પ્રભુ પણ પ્રસન્નતાથી ભક્તના ઘરને પોતાનું ગણે.

૭૧ સંતાનોને સુખી કરવા ઈચ્છતા મા-બાપ પોતાનાં સંતાનને અધર્મથી પોસે, સંતાનના અનાચાર સામે આંખ આડા કાન કરે, અટકાવે નહિ, તો પરિણામે પોતાને હાથે જ પોતાનાં સંતાનનો નાશ નોતરે છે.

૭૨ ધર્મશાસ્ત્ર, સામાજિક-શિષ્ટાચાર, સામાન્ય નીતિ અને પ્રભુ - આ ચારથી વિરુદ્ધ વર્તનાર પોતાનો વિનાશ વહોરે છે.

૭૩ ભક્તો તો સૌને સન્માર્ગ સૂઝાડે છે.

૭૪ જેનું પુણ્ય પરવારી ગયું હોય એને પ્રભુનો માર્ગ રુચે નહિ,

મોટાનું માનવાનું મન ન થાય, શાસ્ત્રમાં શ્રદ્ધા રહે નહિ, પવિત્ર પુરુષોના વાક્યોમાં વિશ્વાસ થાય નહિ.

૭૫ ભગવાનને શોધવાના કે પુણ્યના ઉદ્દેશપૂર્વક યાત્રા થાય, પ્રવાસ કે પર્યટન તરીકે નહિ.

૭૬ સર્વત્ર કુશલ કરનારા ભગવાનને જ્યાં સુધી જાણ્યા નથી, માણ્યા નથી, ત્યાં સુધી દુર્ભાગ્ય જ છે, ભગવાન ન મળે ત્યાં સુધી, લૌકિક ભાગ્ય ગમે તેટલું હોય, છતાં પણ એ બધું દુર્ભાગ્ય છે.

૭૭ ભગવાનની માયાથી ભાન ભૂલેલાઓ, ભણેલા હોવા છતાં, ભગવાનને ભૂલીને ભટકે છે, અન્યત્ર આધાર રાખીને આથડે છે. પ્રભુના ચરણકમલમાં જ ચિત્ત લગાડીને રહેનારા ભક્તો તો અન્યત્ર આથડતા જ નથી.

૭૮ ભગવાનને છોડીને ભોગ કે ભાગ્ય શાં કામનાં ?

૭૯ સુખનો સ્પષ્ટ ઉપાય (૧) ભગવાનથી વિમુખ (૨) દૈવવશપણે સ્વભાવથી અધર્મમય (૩) દુઃખનીજ વાતો અને વિચારોમાં ડૂબેલા - આ ત્રણે લોકોને દુઃખનો અંત ન દેખાય.

૮૦ ભગવાનના ભક્તો આવા લોકો પર કૃપા કરવા માટે સર્વત્ર ફરે છે, સૌને મળે છે, અજ્ઞાનને દૂર કરે છે, પ્રભુમાં પ્રીતિ કરાવે છે, દુઃખરૂપ જન્મમાંથી છોડાવે છે.

૮૧ દુરુપયોગ સૌને આવડે, ઉપયોગ ઘણાને આવડે, સદુપયોગ કરતાં ઓછાને આવડે, અને ઘણાં ઓછાને વિનિયોગ કરતાં આવડે.

૮૨ સત્પુરુષના સહવાસમાં, દેખરેખ નીચે, કામ કરવાનું પસંદ કરે, ત્યારે સાચી સેવા સંભવી શકે.

૮૩ સન્માર્ગ મળે નહિ તો માત્ર ધર્મ કે સેવાનો આભાસ ઊભો થાય. આભાસ તો અધર્મ રૂપ છે.

૮૪ માત્ર પોતાની સમજને જ સાચી અને સંપૂર્ણ માનનારઅર્ધદગ્ધ સંસારીને માત્ર ક્લેશ જ મળે છે.

૮૫ દેહધારી માનવ આપની ગતિ ન જાણે તે જ મોટો દોષ છે. ભગવાન કદાચ જાણી શકાય, પણ પ્રભુની ગતિ જાણવી કઠિન છે. તે જાણ્યા પછી કાંઈ જાણવાનું બાકી ન રહે. તે વિના કાંઈ જાણવા જેવું નથી.

૮૬ કાર્યમાં કઠિનતા આવે, કષ્ટ પડે, છતાં કંટાળો ન આવે, ક્રોધ ન આવે, મૂકી દેવાનું મન ન થાય. દૃઢ રહેવાય, તે નિષ્ઠા છે. નિષ્ઠા પ્રભુની કૃપાથી મળે.

૮૭ નિરાશ થયા વગર બુદ્ધિપૂર્વક પ્રયત્ન કરનારને પરિણામે સફળતા મળે.

૮૮ અજ્ઞાન હોય ત્યાં ગુસ્સો અવશ્ય આવે, ક્રોધ તો સ્નેહનો શત્રુ છે.

૮૯ કામ ક્રોધથી જતો રહે, પણ ક્રોધ શાંત કરવો કઠિન છે.

૯૦ આવેલા ક્રોધને શાંત કરવા માટે એક જ ઉપાય છે - શાંત રહેવું, એક અક્ષર પણ બોલવો નહિ, કોઈ જ ક્રિયા કરવી નહિ, આંખ બંધ કરી દેવી, કશો વિચાર કરવો નહિ, માત્ર ભગવાનનું ધ્યાન કરવું.

૯૧ સંતાનને લૌકિક વારસો સૌ મા-બાપ ચીવટથી સોંપે છે. તેમ મા-બાપ તરીકે ફરજ છે કે, પોતાના સંતાનને વેદ, ગીતા, ભાગવતજી, રામાયણ વગેરેનો વારસો આપતા જાય.

૯૨ માત્ર પૈસા આપનાર પિતા, પુત્રને પાંગળા બનાવે, સંતાન સમાજની સર્વોત્તમ સંપત્તિ બને - તેવાં શીલ, શિક્ષા અને સ્નેહ તેને દેવાય.

૯૩ મનમાં આવેલો દુર્વિચાર કાઢી નાખતાં વાર લાગે તો, આખું જીવન તે દુર્વિચાર દુષ્ટ બનાવે છે. ખરાબ વિચાર ખાનાખરાબી

કરે ત્યાર પહેલાં, તેને મનમાંથી કાઢી નાખવો. માણસ પોતે ખરાબ નથી, ખરાબ વિચારો તેને ખરાબ બનાવે છે.

૯૪ કોઈ સાધુપુરુષ દ્વારા, તેના હૃદયમાં બેસીને આપણને ચેતવે છે. સાધુપુરુષો દ્વારા ભગવાન જ શાસન કરે છે. સાધુપુરુષો પોતાની ઈચ્છાથી કશું નથી બોલતા, તે તો સ્વાન્તઃમાં વિરાજતા શ્રીહરિની પ્રેરણાનુસાર બોલે છે, તે ન માનનારને પસ્તાવાનો વખત આવે છે.

૯૫ ભગવાનના ભક્તોની કથા પણ ભગવાનના આશ્રયવાળી હોય તે સાંભળનાર અને કહેનાર બન્નેને ભગવાનનો આશ્રય સિદ્ધ કરી આપે છે.

૯૬ ભગવાનનું ભજન કરનારમાં અહંકાર ન હોય, અહંકાર હોય તો ભજન થયું જ નથી. નિરન્તર ભગવત્સેવાથી શુદ્ધ સાત્ત્વિક સ્વભાવ બને, સુખ-શાંતિ રૂપ વૈકુંઠનો અનુભવ થાય.

૯૭ ભગવાનને ભૂલાવતો મોહ તો ભયાનક સંસાર-સાગરમાં ડૂબાડી દે છે. વધારે હીન બનાવે છે.

૯૮ સૌથી પહેલાં મન બગડે, માનસિક-સંઘર્ષ થાય. મન નારાજ રહ્યા કરે; પછી સંઘર્ષ વધે; એટલે માનસિકમાંથી વાચનિક થાય. મનમાં હોય તે વાણીમાં વ્યક્ત થાય. મનનો બળાપો બકવાદ રૂપે બહાર નીકળવા માંડે. કાળજાની કડવાશ વાણીમાં આવે, એટલેથી ન અટકે તો શારીરિક સંઘર્ષ થાય, ક્રિયામાં દ્વેષ આવે, મારામારી સુધી પહોંચી પણ જાય.

૯૯ જે કેવલ ભગવાનનાં કાર્ય માટે જ પ્રયત્ન પરાયણ હોય, સ્વલ્પ પણ સ્વાર્થ વશ ન બને, લૌકિક-વિરોધ આવવાં છતાં દૃઢ રહે તે “મહાભાગવત” છે.

૧૦૦ આપણે આપણા દોષો કોઈને જાણવા દઈએ નહિ, આપણાં મોંએ વર્ણન કરીએ નહિ; દોષોનો એકરાર કરીએ નહિ; તો હૃદયમાં કરાર વળે નહિ. જીવનની તકરાર જાય નહિ.

૧૦૧ જેનામાં પ્રીતિ હોય, જે શુદ્ધ થવા ઈચ્છતો હોય, જે નૈતિક હિંમતવાળો હોય, તે જ દોષોની કબૂલાત કરી શકે.

૧૦૨ ભગવાનની કથામાં આસ્વાદ મેળવવા માટે ત્યાગ કરવો પડે. ત્યાગ બેનો કરવાનો. (૧) લોકત્યાગ (૨) લોકાનુગત પશુનો ત્યાગ.

૧૦૩ અંતરમાં અન્ય ઈચ્છાઓ હોય, શરીરની સગવડો સાચવ્યા કરે, લોકમાં સારા દેખાવા માટે લોક રીતે જીવે, તો ભક્તિ કરતા દેખાતા લોકો પણ પતન પામે.

૧૦૪ ભક્તના હૃદયમાં કોઈ ઈચ્છા ત્યારે જ થાય, જ્યારે ભગવાન પહેલેથી તેને પૂર્ણ કરવાની તૈયારી રાખે. ભક્ત સાધન કરે ત્યાર પહેલાં પ્રભુ ફલ તૈયાર રાખે. સાધન કરતાં પહેલાં ફલ (સિદ્ધિ) તૈયાર હોય તે ભક્તિમાર્ગની શ્રેષ્ઠતા છે.

૧૦૫ માનવ શરીરને, સંપત્તિને, સુખને, સ્વજનને જુએ છે. પ્રભુ માનવના અંતઃકરણને જુએ છે. ભગવાન્ ભક્તિને અને ભક્તને જુએ છે. માનવ મિલકતને જુએ છે.

૧૦૬ બ્રાહ્મણ અને ભક્ત વ્યર્થ વખાણ કોઈનાં ન કરે, સૌમાં વિરાજેલી વિભૂતિને ઓળખી, ભગવાનને માન આપે.

૧૦૭ માણસ અનેકને અનેક રીતે ઓળખતો હોય છે - નામથી, શરીરથી, ગુણથી, દોષથી; પણ પોતે પોતાને ઓળખતો નથી. પોતે પોતાની જાતને જાણે તો તેના ઘણા પ્રશ્નો ઉકલી જાય, અજાણતાં પણ તે અધઃપતન ન પામે.

૧૦૮ સ્વસ્વરૂપ, સેવ્યસ્વરૂપ અને સેવાસ્વરૂપના જ્ઞાનથી સેવા-યોગ્યતા આવે છે.

૧૦૯ સેવા નિરંતર અને આદરપૂર્વક થાય.

૧૧૦ સેવા કરનારમાં વિશ્વાસ જોઈએ. “આનાથી મારા સર્વ પુરુષાર્થ સફલ થશે,- તેવી દઢતા જોઈએ. શરીર અને અંતઃકરણની પવિત્રતા જોઈએ. પવિત્ર પુરુષો પવિત્રતાથી પ્રસન્ન થાય.”

૧૧૧ સેવાને કામનો ઢસરડો ન ગણાય.

૧૧૨ કોઈ પાસે બાપડા કે બિચારા ન થવાય. વેદનાવાળી વાણી કે વિચાર ન જોઈએ - તે ગૌરવ છે.

૧૧૩ સેવા કરનારની વાણી વક્ર, કઠોર, કર્કશ કે કપટભરી ન જોઈએ. વાણી મધુર જોઈએ.

૧૧૪ પ્રભુને પ્રિય બને તેને સઘળા પુરુષાર્થ સ્વતઃ પ્રાપ્ત થાય. વૈભવ-ભોગથી તેને બંધન ન થાય.

૧૧૫ પ્રભુને પ્રિય થવું તે તો પરમ પુરુષાર્થ છે, કૃતાર્થતા છે.

૧૧૬ મા-બાપ જે આજ્ઞા કરતા હોય, તેને હાથ જોડીને “સારુ” કહીને સ્વીકારી લે, સામે દલીલ ન કરે, તો તે પણ મા-બાપની સેવા છે.

૧૧૭ જીવન વનને વૃન્દાવન જેવું પુણ્યમય, ભવ્ય, ભદ્ર બનાવવું હોય તો, ભાગવતમાં કહેલી કુટુંબીજનો વચ્ચેની વાતો વિચારવી.

૧૧૮ વિષાદ અને વિષયથી વિષમ થયેલા વિષમય જીવનને આ સુભગ સંવાદ આહ્લાદ અને આસ્વાદ આપે છે, અમૃતમય બનાવે છે.

૧૧૯ પોતાની વ્યથાની કથા કહી. દોષનો એકરાર કરી, ઈચ્છેલા જ્ઞાનની પ્રાર્થના કરી, ગુરુ પાસે શરણાગતિપૂર્વક સ્વદોષ નિવેદન કરી, ઈચ્છેલું મેળવવાનો માર્ગ પૂછાય.

૧૨૦ ગુરુ મેળવીએ, જ્ઞાન મેળવીએ, પણ જ્યાં સુધી દોષો જાહેર ન કરીએ ત્યાં સુધી આપણામાંથી દોષો દૂર થતાં નથી; પરિણામે બહાર ભપકો વધે, પણ અંતરમાં તો અંધારું રહે.

૧૨૧ સત્ક્રિયા કરવાની સ્પષ્ટ અને સાચી સમજ સચ્ચક્ષુ છે.

૧૨૨ સચ્ચક્ષુનાં બે સ્વરૂપ છે (૧) સારી સમજ જીવનમાં સર્વસ્વનો સદુપયોગ કરવાની વૃત્તિ જાગે એવી સમજ. (૨) સાચી સમજ - સદુપયોગ કરવાની વૃત્તિ તીવ્ર બને અને સદુપયોગ કરવાનો સાચો માર્ગ સમજાય.

૧૨૩ ભક્તના સંસારના વૃક્ષને કાપતા ભગવાન કઠોર નથી થતા, કોમલ જ રહે છે. સંસાર છેદાવા છતાં, ભક્ત આક્રન્દ નથી કરતાં, આનંદ માણે છે. કુહાડાનો સ્વભાવ કાષ્ઠ કાપવાનો, ભગવાનનો સ્વભાવ ભક્તનાં સંસારકષ્ટ કાપવાનો.

૧૨૪ સામાન્ય સંસારી પોતાના જીવન ઉપર વિચાર કરતો નથી, શરીર, સંતાન, સ્વાર્થ, સંપત્તિ વગેરેના વ્યર્થ વિચાર ઘણા કરે છે. સંસારના બંધનમાં પોતે બંધાઈ રહ્યો છે કે છૂટી રહ્યો છે ? - એ વિચાર કરવા જેટલો સમય, સમજ કે રુચિ જ પ્રાયઃ નથી.

૧૨૫ સંગ-પ્રસંગમાં સાવધ રહેવા માટે વૈષ્ણવ-વિવેક ઉત્તમ છે. મળે એટલે તરત “જયશ્રી કૃષ્ણ” કરે. સનાતન ધર્મમાં પણ પોતાનાં ઈષ્ટદેવના સ્મરણનો શિષ્ટાચાર છે. આ વિશિષ્ટાચાર સંગમાં સાવધ રાખી, મનને પ્રભુની યાદ કરાવી નિઃસંગ રહેવા માટે છે; પણ વ્યવહાર, લોકો તો તેને પણ માત્ર વ્યવહારુ બનાવી દઈને, લૌકિક વાતોના ઉદ્ઘાટનમાં તેનો ઉપયોગ કરે છે.

૧૨૬ સંતોના સંગથી ભગવાનમાં ભક્તિ થાય. સંતોના પ્રસંગથી પ્રભુના પરાક્રમનું જ્ઞાન કરાવતી કથા થાય. પ્રીતિ પૂર્વક વારંવાર કથાના સેવનથી મન ભટકતું અટકે, નિષ્પાપ થાય, પછી ક્રમશઃ શ્રદ્ધા, રતિ અને ભક્તિ થાય.

૧૨૭ કોઈ હેતુ વગરની ભગવાનની ભક્તિ સિદ્ધિથી પણ ઉત્તમ છે. પરાણે કરવી પડે કે કરીએ એનું નામ ભક્તિ નહિ.

૧૨૮ ભક્તિ તો બધી સિદ્ધિને પોષનારી મા છે. પ્રભુના ચરણમાં સઘળી સિદ્ધિઓ સમાઈ જાય છે. ભક્તિમાં જે સામર્થ્ય છે તે સિદ્ધિમાં નથી. સાચી ભક્તિ ક્યારેય કોઈ સિદ્ધિનું પ્રદર્શન કરતી નથી.

૧૨૯ પ્રભુમાં પ્રીતિ કરનારને, પ્રભુને પોતાનું સર્વસ્વ સમજનારને કોઈ ભય રહેતો નથી. તેને તો કરાલ-કાલ પણ ક્યારેય પીડા કરી શકે નહિ.

૧૩૦ ખરાબ માર્ગે ચાલ્યા જતા આસક્ત-ચિત્તને અટકાવીને પ્રભુના માર્ગે વાળવું. દૃઢ પ્રીતિ અને વિષયમાં વૈરાગ્યથી ધીમે ધીમે ચિત્ત આથડતું અટકે.

૧૩૧ તત્ત્વને જાણીને મન પ્રભુમાં જોડે, તેને પ્રકૃતિ પીડે નહિ.

૧૩૨ સાચી ભગવત્ સેવા કે ભગવદ્ ભાવના પ્રભાવે પ્રાણી અને પદાર્થ માત્રમાં ભગવદ્ભાવ થાય, વૈર ક્યાંય ન રહે; ત્યારે મનની શક્તિ સ્વતઃ મળે.

॥ શ્રીહરિઃ ॥

ચતુર્થ સ્કન્ધ

શ્રીગોવર્ધનનાથજીનો ડાબો બાહુ - વિસર્ગલીલા - ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થ સિદ્ધ કરનાર પુરુષોની કથા - કુલ પ્રકરણ ૪ - ધર્મ, અર્થ, કામ, મોક્ષ - અધ્યાય ૭+૫+૧૧+૮ - કુલ અધ્યાય ૩૧

૧૩૩ સ્ત્રીનો સંતોષ સ્વર્ગનું સુખ ઘરમાં આપે, અસંતોષ આગ લગાડે.

૧૩૪ પ્રિય, પ્રભુ કે પૂજ્યની નિંદા થતી હોય તે સાંભળ્યા વિના કાન બંધ કરીને ચાલ્યા જવું. સામર્થ્ય હોય તો નિંદકને બોલતો બંધ કરવો અથવા પ્રાણ દઈ દેવા.

૧૩૫ ગૃહસ્થાશ્રમ બાકીના ત્રણે આશ્રમનો આધાર છે - પોષક છે. તેમાં દેવ, અતિથિ, પિતૃ અને પ્રાણીમાત્રનો સંતોષ સધાય, પ્રભુ પ્રસન્ન થાય, છતાં પ્રમાદ-પરવશ, માનવ, વિવેક વગર જીવન અને ગૃહસ્થાશ્રમ વ્યર્થ વેડફી દે છે, આસક્ત બનીને આથડે છે.

૧૩૬ જ્ઞાની પુરુષો લૌકિક-આસક્તિથી અલગ રહેવા માટે ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરે છે.

૧૩૭ અધર્મ હોય ત્યાં સાથે જુઠાણું અવશ્ય આવે.

૧૩૮ દંભ અને માયા આવે તેનામાં અસુરભાવ, કઠોરતા આવેજ, ભગવદ્ભાવ કોમલતા રહે નહિ.

૧૩૯ સુખડ ઘસાય, કપાય, છતાં સુવાસ આપે. ડમરો દબાય છતાં દુર્ગંધ ન આપે, અગરબત્તી બળે તો પણ સુરભિ ફેલાવે, સંતો અને સજ્જનો સંતાપમાં પણ સંસ્કારનો સુગંધજ આપે.

૧૪૦ પોતાના દુઃખ કોઈને નિમિત ગણી તેના પર ગુસ્સે ન થવાય. તેનું અમંગલ ન ઈચ્છાય. પોતે જ કરેલાં કર્મ પોતાને દુઃખી કે સુખી કરે છે.

૧૪૧ ભગવાન સિવાય હૃદયમાં કશુ ન વસે, ભગવત્પ્રાપ્તિ સિવાય

હૃદયમાં કોઈ ઉદ્દેશ ન હોય - એ અનન્યભાવ છે. અનન્યભાવે ભગવાનનું ભજન થાય, નિજધર્મથી ભગવાનનું સેવન થાય. નિજધર્મ એટલે ભૃત્યધર્મ, ભૃત્યનો ધર્મ સ્વામી પાસેથી સુખ મેળવવાનો નથી. સ્વામીને સુખ દેવાનો છે. પોતે પ્રભુને સાનુકૂલ થવાય. ભગવાનને સાનુકૂલ કરવાનો પ્રયત્ન ન થાય.

૧૪૨ લોકો પોતાના સુખ માટે લક્ષ્મીને શોધે છે. લક્ષ્મીજી પોતાના સુખ માટે પ્રભુને શોધે છે.

૧૪૩ પ્રભુ પાંચ સ્થળે નિત્ય બિરાજે છે (૧) ગંડકી નદીના કિનારા ઉપર પુલહાશ્રમમાં (૨) દ્વારકામાં (૩) મધુવનમાં (૪) મથુરામાં અને (૫) શ્રીરંગ ક્ષેત્રમાં.

૧૪૪ શરણાગત દીનનું સંપૂર્ણ રક્ષણ અને પોષણ ભગવાન કરે છે. તે દીનનાથ છે; પણ પોષણ કે રક્ષણ કરીને આભારના ભાર નીચે ભગવાન કોઈને કચડતો નથી.

૧૪૫ સંસારીના આભારનો ભાર તો કચડી નાખે, તેનો "આ-ભાર" માનવો પડે. ભગવાન "આ-ભાર" નથી કરતા, કૃપા કરે છે. કૃપા માનવાની વસ્તુ નથી, માણવા માટે જ છે.

૧૪૬ અન્ન દ્વારા તન અને વેદ દ્વારા મન સ્વસ્થ રહે, નિરોગી રહે. તનનું પોષણ જેટલું જરૂરી છે, તેટલું જ મનનું પોષણ જરૂરી છે. લોકો માટે ભોજન અને ભજન બંન્ને જરૂરી છે.

૧૪૭ ભગવાનની આજ્ઞા પાડે, ભગવાનને અનુકૂલ થઈને જીવે, તે સર્વત્ર સુખી થાય.

૧૪૮ સદ્‌ગુણ, શીલ, ઉપકાર, સ્મરણ અને સુજન સંશ્રય આચાર માનવજીવનની સાચી સંપત્તિ છે. સઘળી સંપત્તિ તેનાથી આકર્ષાઈને અનાયાસે આવી મળે છે.

૧૪૯ ભગવાનના ભક્તો જે ઘરમાં પધારે નહિ, તે ઘરમાં સર્વ સમૃદ્ધિ હોવા છતાં, તે ઘર (સંસારરૂપ) સાપને રહેવાના રાફડાવાળા ઝાડ

જેવું છે.

૧૫૦ ભક્તિ માટે ક્રિયાશીલ થવું. ભક્તિથી ગુણાનુવાદ ગાવા, સઘળાં કર્મ ભગવાનને સમર્પણ કરવાં ઉત્તમ છે.

૧૫૧ નિષ્ઠા અને નિષ્ણાતપણું સફળતાના શિખરે પહોંચાડે.

॥ શ્રીહરિઃ ॥

પંચમ સ્કન્ધ

શ્રીગોવર્ધનનાથજીનો જમણો ઊરુ - સ્થાનલીલા - વૈકુંઠ ભગવાન વિજય એ સ્થિતિ (સ્થાન) સૌને સૌની મર્યાદામાં સ્થાપવા પ્રાકૃત પદાર્થ માત્રને વશ કરવાની પ્રભુની લીલા - કુલ પ્રકરણ ૨ પ્રાકૃત પદાર્થનો જય અને આત્માનો જય - અધ્યાય ૨૪+૨ - કુલ અધ્યાય ૨૬

૧૫૨ વ્રત વગર, તન અને મનમાંનો ભોગ અને રોગથી અસંતોષની આગ વધે.

૧૫૩ સમજ વગર પશુદેહ તો વેડફાય, પણ પોતાને સમજુ ગણાવનાર સંસારી પણ જીવન વેડફે જ છે. માનવ શરીર વેડફવા યોગ્ય નથી. સ્વાભાવિક મળતાં યોગ્ય સુખ શરીર ભલે માણે, પણ ભોગ માટે ભટકવું પડે, મેળવવા માટે મથવું પડે, તેવાં લોકસુખ પાછળ આથડવાનું અયોગ્ય છે.

૧૫૪ સંતાનને સ્વધર્મનિષ્ઠ ન બનાવે - તે મા-બાપ નથી.

૧૫૫ અલ્પ પણ આન્યાસક્તિ હોય તો, પ્રભુભક્તિ દુર્લભ છે.

૧૫૬ ભગવદ્‌ભક્તિ ક્યારેય વ્યર્થ ન જાય.

૧૫૭ સંતો પગ મૂકવાનો હોય ત્યાં જ જુએ. સંસારી પગ મૂકવાનો હોય ત્યાં (પોતાનો જીવન વ્યવહાર) જ ન જોતાં, બધે જુએ, પરિણામે પડે, બહિર્મુખ બને.

૧૫૮ સંસાર સર્પના દંશથી, વિષય વિષના સેવનથી, વ્યવસ્થિત થએલાઓને સંતોનાં વચન સજીવનીશાં છે, પ્રભુમય જીવન દેનારાં અને સંતાપને શાન્ત કરનારાં છે. રાગદ્વેષથી દાઝેલાં, ઈર્ષ્યાના ઝેરથી ઝેરી થયેલાં હૃદયને તે હદ જેવાં શીતલ બનાવે છે.

૧૫૯ મોટા પુરુષોની નમ્રભાવે સેવા કરવાથી સાચું જ્ઞાન મળે.

૧૬૦ ભવમાં ભટકવાનું મળે છે. અટકવાનું મળતું નથી. અટન સૌ કરે છે. જતન જાતનું કરે છે, પણ રટણ રામનું કરતાં નથી, પરિણામે ભટકે છે.

૧૬૧ મધુર વચન અને મોહક વ્યવહારથી પોતાનાં જ સગાં-સંબંધી ભાન ભૂલાવીને, ભગવન્માર્ગે પ્રવૃત્તિ કરતો હોય તેને અટકાવીને, સંસારના માર્ગમાં ઘસડી જાય છે.

૧૬૨ સંસારસુખ દેખાય, મેળવવા મથે, પણ પ્રાપ્ત કરે તે પહેલાં તો સુખ હાથમાંથી સરકી જાય છે. દુઃખ સિવાય કશું હાથમાં આવતું નથી. દુઃખી થતો માનવ અટન કરે છે.

૧૬૩ સમાજના લોકો સાથે વ્યવહાર સુખદ લાગતાં, બંધનોમાં પોતે બંધાય છે. “મારું છે” - કહેતાં પરસ્પર વૈર બંધાય છે. સંસારનાં સુખોમાં વિલાસ-વિકારમાં જીવન વેડફાઈ જાય છે.

૧૬૪ પ્રભુની કીર્તિમાં રત સાધુજનનો સંગ દેતો માનવ જન્મ ઉત્તમ છે.

૧૬૫ જેમ જેમ ભક્તિ વગરની અન્ય વાતોનું અજ્ઞાન હોય, તેમ તેમ ભક્તિમાર્ગમાં ઉત્તમતા ગણાય.

૧૬૬ ચરણ અને નખ સંબંધવળું જલ અપવિત્ર ગણાય, છતાં તે વિશ્વપાવન કરનારું થયું. ભગવાનનું આ અદ્‌ભુત ચરિત્ર છે.

૧૬૭ શ્રીભાગવતના અક્ષરે અક્ષરમાં ભગવાનની જ કથા છે.

॥ શ્રીહરિઃ ॥

ષષ્ઠમ્ સ્કન્ધ

શ્રીગોવર્ધનનાથજીનો ડાબો ઊર - પોષણલીલા - ભગવાનનો અનુગ્રહ કાલ, કર્મ, સ્વભાવથી પર પ્રભુના સામર્થ્યરૂપ કૃપાની કથા પ્રકરણ ૩ - નામ, (રૂપ) ધ્યાન, અર્ચન - અધ્યાય ૩+૧૪+૨ - કુલ અધ્યાય ૧૯

૧૬૮ કાલ, કર્મ અને સ્વભાવ સામે માનવ પોતાના સામર્થ્ય કે સાધનથી કાંઈ ન કરી શકે, લાચાર બની જાય; પણ સર્વસમર્થ પ્રભુના સામર્થ્ય સામે કાલ, કર્મ કે સ્વભાવ કાંઈ ન કરી શકે.

૧૬૯ શાસ્ત્ર અને સંતની સંમતિ વગર પોતાની સમજને, સમાજ ગમે તેવી સારી માને, છતાં તે સાચી કે સારી ન પણ હોય. પોતાની સમજમાં સંતોની સંમતિ લેવી તે સન્મતિની નિશાની છે.

૧૭૦ ભૂલોનું ભાન થયા પછી પણ, સુધરવા સાવધ ન થવાય તે તો અતિ ભયાનક છે, તેનાથી વધારે ભયાનક તો ભૂલોનો બચાવ કરી, તેને યોગ્ય-સત્ય તરીકે ઠસાવવા મથવું તે છે.

૧૭૧ વ્યથા, શોક, ક્ષોભ, મોહ, ભય વગેરે દોષોમાંથી ભગવાન કે ભક્ત ઉપાય બતાવે - ઉગારે.

૧૭૨ દુઃખ, દોષ કે ડરમાંથી છૂટવું હોય તો સૌએ કૃષ્ણકૃપા મેળવવા મથવું. કૃપાનો અનુભવ પ્રભુનાં નામ અને રૂપ દ્વારા થાય. નામ અને રૂપમાં પ્રભુનું સામર્થ્ય છે.

૧૭૩ કૃષ્ણશરણ અને ભક્તોની સેવાથી જેવું પાવન થવાય તેવું તપઃ વગેરેથી પણ થવાતું નથી.

૧૭૪ વેદ જેનું વિધાન કરે તે ધર્મ. જેની પાછળ વિધિવાક્ય હોય નહિ એ ધર્મ કહેવાય નહિ. આપણને મનગમતુ આચરીએ એનું નામ ધર્મ નહિ. પ્રમાણ વગરનો તો અધર્મ કહેવાય.

૧૭૫ વેદ સાક્ષાત નારાયણ રૂપ છે. માનવ જે કાંઈ કર્મ કરે છે, એની નોંધ સાક્ષીઓ રાખે છે.

૧૭૬ ભગવાનના શરણાગતોને કરાલકાલ પણ કનડી શકતો નથી.

૧૭૭ સત્સંગ સાચી સમજ આપે, અનર્થમાંથી ઉગારે.

૧૭૮ ક્રોધ તો સ્નેહ, શાંતિ અને વિવેકને બાળતો અગ્નિ છે.

૧૭૯ ઉતાવળ અને અકળામણથી કરેલો ત્યાગ અંતે અથડાવે, અટકાવે, ભવમાં ભટકાવે. અનુભવ અને અનુગ્રહથી થયેલો ત્યાગ તારે - પાર ઉતારે.

૧૮૦ સંસારીઓના જીવનના કલહ શમાવી, સાચાં સુખ-શાંતિ દેવા, સૌને સંસારના ઝઘડામાંથી છૂટાં પાડી, પ્રભુપથમાં પ્રેરે તે નારદ. જ્ઞાન દે તે નારદ. તે સાચું સમજાવે, સન્માર્ગે વાળે.

૧૮૧ માનનીયજન કે ગુરુજન આવે ત્યારે, આસનેથી ઊભા થઈને આદર અપાય, નહિ તો અવજ્ઞાનો અપરાધ લાગે.

૧૮૨ પોતે સમર્થ હોવા છતાં, અપમાન, ગાળ, શાપ, મૌન રહીને સહી લે તે સાધુ.

॥ શ્રીહરિઃ ॥

સપ્તમ્ સ્કન્ધ

શ્રીગોવર્ધનનાથજીનો જમણો કરકમલ - ઊતિ લીલા - કર્મવાસના
કુલ પ્રકરણ ૩ - અસદ્‌વાસના, સદ્‌વાસના, મિશ્રવાસના
અધ્યાય ૫+૫+૫ - કુલ અધ્યાય ૧૫

૧૮૩ જીવનમાં આવતાં સુખ-દુઃખને પોતાનાં કરેલા કર્મનાં જ પરીણામ સમજીને, સ્વસ્થ રીતે પ્રસન્નતાથી ભોગવવાં. સુખમાં ઊભરાઈ ન જવું. દુઃખમાં ગભરાઈ ન જવું. હૃદય, વાણી અને શરીરથી ભગવાનની શરણાગતિ કરવી.

૧૮૪ પોતાના કરેલાં કર્મના ફલ જ સુખ દુઃખ રૂપે પોતાને મળે છે. દુઃખમાં કોઈ નિમિત્તને અપવાદ ન અપાય. શરણાગતિપૂર્વક પોતાનાં કર્મનાં ફલ ભોગવતાં, ભગવાનની વિશેષ કૃપાની રાહ જોવી.

૧૮૫ કામ, લોભ, ક્રોધાદિથી વારંવાર કલુષિત થયેલા અંતઃકરણની શુદ્ધિ અને શાંતિ, કૃષ્ણસેવાથી થાય, બીજાં સાધનથી ન થાય.

૧૮૬ સામાને અનુકૂલ કરવા જતાં સંઘર્ષ સંભવે, સામાને સાનુકૂળ થવું.

૧૮૭ અંતઃકરણ નિર્દોષ ન બને, વાસના જાય નહિ, ત્યાં સુધી જ્ઞાન માત્ર ઉપદેશ દેવાના ઉપયોગમાં આવે, જીવનમાં શાંતિ ન આપે, પ્રભુ માર્ગે ન વાળે.

૧૮૮ શરીરની સંભાળ લેવામાં સ્વાન્તઃની સંભાળ ભૂલાઈ જાય છે.

૧૮૯ (૧) ઘરના વ્યવહાર અને વ્યવસાયમાં આસક્તિ (૨) સંયમ વગરના ભોગ-વિલાસ (૩) વગર જોઈતી વ્યવહાર અને વ્યવસાયની વાતોને વાગોળવી. (કહેવી, સાંભળવી, વિચારવી). આ ત્રણ દોષોથી પ્રભુમાં રુચિ ન થાય.

૧૯૦ પોતાના વિચારો કે આચાર અન્ય પર આગ્રહથી લાદવા તે પણ અસુરભાવ છે.

૧૯૧ તન કથામાં હાજર હોય, ધન કદાચ ખર્ચાય, છતાં મન કૃષ્ણરંગમાં રંગાતુ નથી, હરિરસે રસાતું નથી. તેથી કૃતાર્થ થવાતું નથી.

૧૯૨ ભગવાનનો ભક્ત વસે ત્યાં સર્વથા હીન-લોકો પણ પાવન થાય. ભક્તિ સંબંધે સૌ તરે.

॥ શ્રીહરિઃ ॥

અષ્ટમ્ સ્કન્ધ

શ્રીગોવર્ધનનાથજીનો જમણો સ્તન - મન્વન્તર લીલા સદ્ધર્મ કુલ પ્રકરણ ૪ - આપત્તિમાં હરિ સંસ્મરણ, સંપત્તિમાં દાન, વિપત્તિમાં સ્વોક્ત નિર્વાહ મત્સ્યચરિત - અધ્યાય ૪+૧૦+૯+૧ - કુલ અધ્યાય ૨૪

૧૯૩ ઈર્ષા વગરના સત્પુરુષોનો ધર્મ નિષ્કપટ હોય. અંતઃકરણની બધી જ વાસનાઓને તે દૂર કરે છે.

૧૯૪ જીવ નિઃસાધનભાવે, અંતઃકરણની આતુરતાપૂર્વક, પ્રભુની પ્રપત્તિ કરે તો આપત્તિ, સંપત્તિ અને વચનપાલનની વિપત્તિમાં પણ સંપૂર્ણ સ્વસ્થ - સલામત રહે.

૧૯૫ સાનુકૂલતા સમજી, સુખનો સમય જાણી, વૈભવ-વિલાસમાં ભાન ભૂલી ભોગરત બને, ભગવાનને ભજે નહિ, તેનો અંતે કાલની વિકરાલતા વિનાશ વેરે.

૧૯૬ સાનુકૂળતા અને પ્રતિકૂળતામાં જે અંતર્મુખ બને, ભગવદ-ભિમુખ રહે, તે નિત્ય શાંતિ અને સુખ અનુભવે.

૧૯૭ અનેકનું હિત થાય તેવી કોઈ પ્રવૃત્તિમાં, શત્રુના સહકારની જરૂર પડે તો, પોતાની મોટાઈ મૂકી દઈ, કાર્યનું ગૌરવ વિચારી, કાર્યની સફળતા માટે સંધિ થાય.

૧૯૮ લોભ એટલે મળે તેથી અધિક લાભની અપેક્ષા, તે ક્યારેય રાખવી નહિ, કશાનો ગેરલાભ લેવો નહિ. લાભ ન મળે, ધાર્યા કરતાં જુદું કે ઉલટું બને, તો પણ ક્યારેય ક્રોધ કરવો નહિ.

૧૯૯ વિજય - સફળતા ઈચ્છનારે, અન્ય વસ્તુઓની અપેક્ષા - કામના કરવી નહિ, નિર્ણિત ધ્યેય કરતાં બીજુ મેળવવા આથડવું નહિ.

૨૦૦ પ્રયત્નનો પ્રારંભ ભક્તોના આશીર્વાદ લઈને થાય, સફળતા ચોક્કસ મળે.

૨૦૧ અતિશય કાર્યપરાયણ રહેવાથી મનને અધર્મમાં જવાનો અવકાશ ન મળે.

૨૦૨ પ્રભુની કૃપા ભૂલીને જીવ પોતાની મહત્તા માને, તો ઉત્તમ વસ્તુથી પણ લાભ ન થાય.

૨૦૩ સત્પુરુષોનાં વચન ક્યારેય વ્યર્થ ન હોય. રમતમાત્રમાં બોલાયેલાં પણ સજ્જનનાં વચન તો શિલાલેખ જેવા અચલ હોય.

૨૦૪ મન મલિન ન હોય, તો વચનપાલન થઈ શકે. દઢચિત્ત અને નિર્ણય વચનપાલનનું મૂળ છે. વચનપાલન માટે સત્પુરુષો સર્વસ્વ ત્યાગને પણ સમર્પણ સમજે છે, સહેલો ગણે છે. તે ત્યાગ પ્રભુ સાથે સંકલિત્ થતાં નિવેદનરૂપ બની જાય.

૨૦૫ “મારું” માને ત્યાં સુધી બંધન છે, અહંકાર અકળાવે છે. “પ્રભુનું છે” સમજાતાં દીનતા આવે, દીનબંધુ દયા કરે, પોતાનો બનાવે, આત્મનિવેદનનો અંગીકાર કરે.

૨૦૬ મમતા હોય ત્યાં સુધી ચિંતા થાય, ચિત્ત ચગડોળે ચઢેલું રહે. આત્મનિવેદનથી ચિંતા ટળે, પ્રભુ-ચિંતનથી ચિત્ત પ્રસન્ન રહે.

૨૦૭ મળે તેમાં સંતોષ રાખવો, દીનતાપૂર્વક સર્વપરિસ્થસ્તિનો પ્રેમથી સ્વીકાર કરવો, દ્વેષ કે કટુતા વિના જે કરે તે સહન કરવું. આ ત્રણ જીવનમાં વણાઈ જાય તો વાસના જાય.

૨૦૮ પોતાને પ્રાપ્ત કરવા માટે ભક્તો સ્વલ્પ, પણ સાચો પ્રયાસ કરે છે, તે જાણીને પ્રભુ સામે ચાલીને ભક્ત પાસે પધારે છે.

૨૦૯ સંસારના અંધકારમાં ભક્તસંગ પ્રકાશ આપે છે, સંતાપમાં શીતલતા આપે છે.

૨૧૦ જરૂરીઆત વધારીએ તેટલી વધે છે. તેને પહોંચી વળવા આવક વધારવી પડે. અશાન્તિ તેથી ઊભી થાય, અકળામણ થયા કરે. જીવન વ્યર્થ વેડફાઈ જાય. રળ્યા પછી પણ રડ્યા કરવું પડે.

૨૧૧ અસત્યથી વધારે મોટો કોઈ અધર્મ નથી. જુઠાણા વગર બધું સહ્ય છે. અસત્ય અસહ્ય છે. ભગવદ્ ભક્તોમાં અસત્ય ન હોય, લોભ ન હોય. અસત્ય અને લોભનું પરિણામ દંભ છે. સંસારિ ભક્તોને દંભ સ્વાભાવિક લાગે છે. ભક્તોને તે અસહ્ય ગૂંગળાવનારો લાગે છે.

૨૧૨ ભગવાન અને ભાગવતની સન્મુખમાં બીજા કોઈનો ચરણસ્પર્શ વગેરે ન થાય.

૨૧૩ ભક્તો તો ભગવાનની કૃપા સમજીને સર્વ સ્થિતિમાં પ્રભુનો પ્રસન્નતાથી ઉપકાર માને છે.

૨૧૪ પુરુષને શ્રદ્ધા, સન્મુખતા અને સફળતા સ્ત્રીના સહકારથી સરળ બને છે.

૨૧૫ ઈન્દ્રિયના દરવાજે પ્રભુ વિરાજે તો વિષય મનમાં અને તનમાં વ્યાપે નહિ. પ્રભુ સંબંધથી વિષય પણ વિષય રહિત બને - પ્રસાદ રૂપ બને.

૨૧૬ સત્ય જેવું જીવન વ્રત બને, તેની રક્ષા પ્રભુ કરે છે. સાચું જીવન માર્ગદર્શન પણ આપે છે.

॥ શ્રીહરિઃ ॥

નવમ્ સ્કન્ધ

શ્રીગોવર્ધનનાથજીનો ડાબો સ્તન - ઈશાનુકથા લીલા - ભગવાન અને ભગવાનને અનુસરનારા ભક્તોના ચરિત્ર કુલ પ્રકરણ ૨ - હરિના અવતાર અને (ઈશ)ને અનુસરનારાઓ (સૂર્યવંશ અને ચન્દ્રવંશ) અધ્યાય ૧૩+૧૧ - કુલ અધ્યાય ૨૪

૨૧૭ પ્રભુ અને મા-બાપને આદર આપનાર ઉન્નત બને છે. તેને સંપત્તિ, સન્મતિ ને સંતતિ મળે છે.

૨૧૮ સત્ય, સરલતા અને સન્નિષ્ઠાપૂર્વક સેવા હોય ત્યાં સર્વ સમૃદ્ધિ વસે છે.

૨૧૯ ભક્તિ તો જ્યાં ભક્તિ દેખાય ત્યાં નમતાં શીખવે છે. એક સંપન્ન બીજા સંપન્નને સાખી ન લે, પ્રાયઃ દ્વેષ કરે, દૂર રહે. ભક્ત તો ભક્ત સાથે સ્નેહ કરે છે. સમાદર દે છે.

૨૨૦ તન અને ધનનો ઉપયોગ ભગવાનની સેવામાં થાય, તો ભગવાનનું જ્ઞાન થાય, સંસારના દુઃખ ટળે, પછી મન ભગવાનમાં સ્નેહ થતાં સ્થિર થાય. મન ભગવાનમાં સ્થિર રહે તે જ ભક્તિ-માર્ગમાં મુખ્ય છે.

૨૨૧ મનને પ્રભુમાં સ્થિર રાખવા વાણીથી ભગવાનના ગુણાનુવાદ કર્યા કરવાં.

૨૨૨ ક્ષમા સ્વભાવમાં વણાઈ જાય તો જીવન શાંતિમય બને.

૨૨૩ ભક્તોની કથા શ્રવણ-કીર્તન-સ્મરણથી અન્યને પણ ભક્ત બનાવે છે.

૨૨૪ અપેયનું પાન અને અભક્ષ્યનું ભક્ષણ આસુરભાવ ઉત્પન્ન કરે છે.

૨૨૫ રામાયણ માનવને ધર્માનુરૂપ સામાજિક જીવન શીખવે છે.

ભાગવત્ માનવને ભગવાનને અનુકૂલ બનીને જીવતાં શીખવે છે. રામાયણ ધર્મમય છે. ભાગવત્ ભાવમય છે.

૨૨૬ રામાયણના મર્યાદા-શાસ્ત્ર-ધર્મો જીવનમાં વણાઈ જાય, તો ભાગવતના ભગવદ્ધર્મો મળે, પ્રેમ પ્રભુમાં સ્થિર થાય. રામાયણ ઉદાત્ત સમાજ-જીવન શીખવે છે. ભાગવત ભગવાનમય જીવન આપે છે.

૨૨૭ ધર્મ જીવનનો પાયો છે, પ્રેમ તેના ઉપરનો મહેલ છે. રામાયણ અને ભાગવત જીવનમંગલ કરનારાં મંગલપુઞ્જ છે. ભગવાનનાં લીલાવિહાર કુઞ્જ છે.

૨૨૮ સદ્ધર્મ કે શ્રીહરિને સાનુકૂલ થઈને જીવે તેનું ઘર સ્વર્ગ જેવું બને, પણ માત્ર સ્ત્રીનું માનીને જીવે, ધર્મ કે પ્રભુનો વિચાર ન કરે, સદાચાર-પરાયણ ન બને, તેને ઘર અજગર જેવું બનીને ગળી જાય, ક્લેશ અને વિષાદ સ્વાભાવિક બની જાય. સુખ-શાંતિ તો લેશ પણ જોવા ન મળે.

૨૨૯ ક્ષમાથી બ્રાહ્મણની શોભા વધે છે. શરણાગતનાં દુઃખ હરી લઈને સુખ દેનારા ભગવાન ક્ષમાશીલ પર શીઘ્ર પ્રસન્ન થાય છે.

૨૩૦ પોતાના દુઃખે જ સામાના દુઃખની સમજ આવે, સ્વાભાવિક દયા થાય. સૌના સુખ, સંતોષ કે શાંતિ માટે સર્વસ્વ સમર્પણ અને સર્વ દુઃખ-સહન, તો સાધુપુરુષોના સ્વભાવમાં હોય.

॥ શ્રીહરિઃ ॥

દશમ્ સ્કન્ધ

શ્રીગોવર્ધનનાથજીનો હૃદય - નિરોધ લીલા - ભગવાનનું પોતાની શક્તિયો સહિત અનુશયન (ક્રીડા) કુલ પ્રકરણ ૫ - જન્મ, તામસ, રાજસ, સાત્વિક અને ગુણ અધ્યાય ૪+૨૮+૨૮+૨૧+૬ - કુલ અધ્યાય ૮૭ + પક્ષિપ્ત ૩

૨૩૧ ઈન્દ્રિયોનો સંપૂર્ણ સંયમ કરે, ભોગ ન ભોગવે, છતાં મનથી પણ ઈન્દ્રિયોના વિષયોનો વિચાર કરે, તે મૂઢાત્મા "મિથ્યાચાર" કહેવાય છે.

૨૩૨ સંસારમાં સૌ સરખા નથી. ચિત્રવિચિત્ર પ્રકૃતિ અને વિકૃતિવાળા પણ લોકો છે, કોઈ સુકૃતિ પણ હોય છે. બધાની સાથે હળીમળીને રહેવું. પોતાની સલામતી, પોતાના કાર્યની સફલતા અને પોતાના મુસાફરોની સલામતી નાવ નદીના પ્રવાહને અનુકૂળ રહે છે, છતાં પોતાનું ધ્યેય તે દૃઢ રીતે સ્પષ્ટ રાખે છે.

૨૩૩ ભગવાનનો પ્રભાવ અત્યંત અલૌકિક છે. ભક્તોનાં સંકટના સાગરને પણ ભગવાન પોતે સાક્ષાત શોષી લે છે.

૨૩૪ પ્રતિકૂલતામાં પણ ચલિત થાય નહિ તે નૈષ્ઠિકી રતિ છે.

૨૩૫ પ્રભુની લીલા બુદ્ધિથી ન સમજાય, શ્રદ્ધાથી સમજાય.

૨૩૬ કથા કરતાં વક્તા પ્રેમ પરવશ બને ત્યારે વગર પ્રયત્ને સ્વાભાવિકપણે - હૃદયમાં રહેલી કથા સ્વતઃ સ્ત્રવે.

૨૩૭ શાસ્ત્ર અને સમાજના શિષ્ટાચારની પરવા કર્યા વિના જીવનાર તથા બીજાને પીડનાર ખલ ગણાય, પાપરૂપ કહેવાય.

૨૩૮ બુદ્ધિશીલ પુરુષે બુદ્ધિ અને બલ હોય ત્યાં સુધી નિરાશ ન થવું, પ્રયત્ન પરાયણ રહેવું. મૃત્યુમાંથી બચવું, અનર્થમાંથી અટકવું, પ્રયત્ન કરવા છતાં સફલતા ન મળે તો જીવનો કોઈ અપરાધ

નથી.

૨૩૯ સર્વસ્વ છોડીને પણ સત્યનું સંરક્ષણ સાધુપુરુષો કરે છે. સત્યની રક્ષા માટે સાવધ રહેવું જોઈએ. અસત્ય મોટું પાલક છે. સત્યાત્મક ભગવાન સત્યથી પ્રસન્ન થાય.

૨૪૦ ચિંતામાં ડૂબી ન જાય, વિવેકાદિથી સ્વતંત્ર સ્વસ્થ રહે તે પુરુષ.

૨૪૧ ભક્તોને પીડનારા પોતે જ પીડાય છે. ભક્તોની તો પ્રતિષ્ઠા વધે છે.

૨૪૨ ઈન્દ્રિયો પોતાની મેળે, પોતાના સામર્થ્યથી, ભગવાનનો અનુભવ કરી શકતી નથી. પ્રાકૃત ઈન્દ્રિયોનો વિષય ભગવાન નથી. ભગવાન કૃપાથી મળે.

૨૪૩ ભગવાને પોતાને લોક અને વેદમાં પ્રસિદ્ધ પુરુષોત્તમ કહ્યા છે.

૨૪૪ સમર્થ પ્રભુ શરણાગતની રક્ષા જરૂર કરે છે, વિલંબ સહી શકતા નથી, ઉપેક્ષા કરતાં નથી.

૨૪૫ જેનું અંતઃકરણ શુદ્ધ સત્વરૂપ (વસુદેવ) હોય, હૃદયમાં ભગવદ્ભાવ ઉભરાતો હોય, પ્રભુ પ્રકટ વિરાજતા હોય, જીવનમાં પ્રભુની મુખ્યતા હોય, તેને કોઈ ક્યાંય, ક્યારેય અટકાવી શકતું નથી. પ્રતિકૂલતા પીડતી નથી, વિઘ્ન નડતાં નથી, બંધન બાંધતા નથી.

૨૪૬ જીવ બ્રહ્મમાં બ્રહ્મરૂપ હોય ત્યાં સુધી સુખ છે. બ્રહ્મમાંથી છૂટો થઈને માયા સંબંધથી સંસારી થતાં દુઃખજ મળે છે. પુનઃ પ્રભુસંબંધ થાય તો જ સુખ મળે.

૨૪૭ સાધુપુરુષો તો દુઃખી પર દયા કરે છે.

૨૪૮ ભૂલ થાય, તકરાર થાય, પણ એકરાર કરે તો તકરાર જાય, હૈયે કરાર થાય.

૨૪૯ અજ્ઞાનથી દેહાદિમાં અહંતા આવે છે. તેનાથી પોતાનું - પારકું વગેરે ભેદ દેખાય છે.

૨૫૦ આપત્તિ આવવાની હોય ત્યારે પણ બુદ્ધિ બગડે, અવળું જ સૂઝે, સાચુ સમજાય નહિ, સ્વીકારી શકાય નહિ.

૨૫૧ ભગવાન કોઈથી ન બંધાય, છતાં માના સ્નેહથી દોરડે બંધાયા, વશ થયા.

૨૫૨ ભગવાનના નામ માત્રે આંખ આંસુ વહાવે, રોમ ખડાં થઈ જાય, વાણી ગદ્ગદ્ બની જાય, બાહ્ય ક્રિયા કરવા સમર્થ ન રહે - તે ભગવદ્ ભક્ત છે.

૨૫૩ દીન, હીન, મલિનને પાવન ભગવદ્ભક્તો કરે છે.

૨૫૪ સંસાર સાગરમાં ભક્તો પણ અનેક પીડાઓ છતાં પ્રેમથી પ્રભુને ગાય છે. પીડાનો સ્પર્શ પણ લાગતો નથી.

૨૫૫ સ્ત્રી, શૂદ્ર, વૈશ્ય, હીન - પાપપરાયણ સૌના ઉદ્ધારક ભગવાન શ્રીકૃષ્ણ છે. તે બ્રાહ્મણ, ક્ષત્રિય, ભક્ત, સદાચાર રતનું કલ્યાણ કરે તેમાં તો કહેવાનું શું ?

૨૫૬ ભગવાનને ભગવાન્ તરીકે જ જાણવાથી આદર થાય, પૂજ્ય બુદ્ધિ થાય, પોતાના પ્રિય રૂપે જાણતા આત્મીયતા થાય, ઉલ્લાસ ઉદ્ભવે, આનંદથી ઉત્સવ ઉજવાય, રસમગ્ન થવાય.

૨૫૭ આનંદ તો અંતરમાં છે, પોતાના હૃદયમાં વિરાજે છે, શોધે તેને જડે છે, તે જીવનભર માણે છે. અન્યત્ર આથડતો નથી. બહારથી આનંદ શોધનાર બહિર્મુખ બને છે, ભવસાગરમાં ભયભીત બનીને ભટકતો રહે છે. અંદરથી આનંદ શોધનાર અંતર્મુખ બને છે. ભગદ્ભિમુખ બને છે, અભય મેળવે છે.

૨૫૮ સાધુ પુરુષોનું મન મોટું હોય, ઉદાર મોટાં મનવાળા પુરુષો મોટા કામ કરી શકે છે.

૨૫૯ વિભુ, વૈષ્ણવ અને વિપ્રની સેવામાં કૃતાર્થતા છે.

૨૬૦ “અમે સેવા-સ્મરણ કરીએ છીએ” - તેવો સાત્વિક અહંકાર પણ અધિકાર ઘટાડે છે.

૨૬૧ કૃષ્ણ સેવા કરવાથી વગર પ્રયત્ને બધાજ પુરુષાર્થ ફલિત થઈ જાય. ભક્તિમાર્ગીય પુરુષમર્થોમાં મુખ્ય પુરુષાર્થ રૂપ ભક્તિ તો સ્વાભાવિક રીતે જ આરંભથી તેમાં વણાઈ ગયેલી હોય. સેવાથી ભગવાન પ્રસન્ન થાય. સદાનન્દ કૃષ્ણની પ્રસન્નતાથી જ સ્વરૂપાનન્દ રાસાદિ લીલાઓનો અનુભવ મળે, સુખ મળે.

૨૬૨ માનવ ઉત્સવ કે મંગલ પ્રસંગને માત્ર પોતાનો જ રાખે તો આનંદ પરિમિત મળે છે. સૌના બનાવી દે તો અખુટ આનંદ મળે છે.

૨૬૩ સૌ ભગવાનની સેવા નાના-મોટા ગૃહકાર્ય - પોતાની જાતે દાસી ભાવે કરતાં હતાં, હાંસી થવાનો ડર ન હતો. નોકર રાખીને સેવા લેવામાં ગૌરવ નથી. પ્રીતિ રાખીને સેવા દેવામાં ગૌરવ છે.

૨૬૪ ભગવાનમાં આસક્તિ થવી આવશ્યક છે. આપણે સંસારી લોકો તો સેવા-કથા-પાઠ-જાપમાં બેઠા હોઈએ, સામે જેની સેવા કરતાં હોઈએ તે ભગવાન વિરાજતા હોય, તો પણ પોતાની વ્યથાના વ્યર્થ વિચારોમાં ભગવાનને ભૂલી જઈએ છીએ,- સંસારમાં સરી જઈએ છીએ.

૨૬૫ ભગવાનની ઈચ્છાથી વિરુદ્ધ ઈચ્છા રાખનારને દુઃખ જ મળે છે. જે બને છે તે ભગવદ્ ઈચ્છાથી જ બને છે, તેમ સમજીને આનંદથી સ્વીકારી લેવું. તેના કરતાં જુદી ઈચ્છા રાખીએ, તે ઈચ્છા પૂરી ન થાય, પરિણામે દુઃખ જ થાય. ભગવાનની ઈચ્છાને અનુકૂલ થવું તે સેવા છે, તેથી પ્રભુ પ્રસન્ન થાય. ઈચ્છા વિરુદ્ધ કરવું તે અપરાધ છે, સજા થાય.

૨૬૬ ભગવાન કૃપા કરીને જેને પોતાનું સ્વરૂપ સમજાવે, તે જ ભગવાનને જાણી શકે છે.

૨૬૭ જેને ગુરુ અને ભગવાનમાં સમાન ભક્તિ હોય અને દુઃસંગ રહિત હોય, તેવા જીવને ગુરુકૃપાથી ભગવન્નામ, સ્વરૂપ અને લીલાનું યથાર્થ જ્ઞાન થાય છે.

૨૬૮ પ્રભુનાં બને છે તેને પ્રભુ પરમાનંદનું પ્રદાન કરે છે.

૨૬૯ સર્વ ઈન્દ્રિયોને જેમ જેમ ભગવાનમાં પ્રીતિ થતી જાય, તેમ તેમ તે એકત્રિત થઈને એક સમાન રીતે વધતી જાય, તે પ્રીતિ કૃતાર્થ કરે છે.

૨૭૦ ભક્તો માત્ર ભગવાનને જાણે છે અને ભગવાન ભક્તો વિના બીજું સહેજ પણ જાણતા નથી. પ્રેમપૂર્ણ સ્વતંત્ર ભક્તિનો પ્રભાવ છે.

૨૭૧ ભગવાને માનવને દીધેલો દેહ સેવામાં ઉપયોગી થાય તેવો છે. હૃદયમાં પ્રેમ પણ ભર્યો છે. પ્રભુને તેનાથી પ્રસન્ન કરી શકાય છે; છતાં સંસારીક્ત માનવ સંસારનાં કાર્યોમાં સુખ મેળવવાની ભ્રમણામાં શરીરને ઘસી નાખે છે.

૨૭૨ સ્વરૂપ સુંદર અને સ્વભાવ સુંદર તો ભાગવતમાંથી જ જડે !

૨૭૩ પ્રભુ પ્રસન્નતા વિના સર્વ શાસ્ત્ર અને ઉપાય પણ વ્યર્થ જ થઈ જાય.

૨૭૪ પ્રભુને મળવા કોઈ એક ડગલું દે, પ્રભુ તેની સામે ૧૯ ડગલાં પોતે પધારે.

૨૭૫ ભગવાન્ વિના જીવી ન શકાય, ભગવાન વિના ચેન ન પડે, તેથી ભગવાનને શોધનારા કેટલા હશે ?

૨૭૬ શરીર છૂટતાં પહેલાં જેને પ્રભુ પ્રાપ્ત કરવા હોય, તેને તો વય સાથે વેદના વધતી જાય. અન્ય પ્રાણી રૂપે જન્મ મળતાં આવી અનુકૂળતા ક્યાં મળવાની છે ?

૨૭૭ પુષ્ટિમાર્ગમાં તો શુદ્ધ સ્નેહથી વશ થવું તે વશીકરણ છે.

૨૭૮ વૈષ્ણવ વિવાદથી વેગળા રહે છે. વિવાદ વગર, લોકોના અપવાદ પણ તે વહોરી લે છે.

૨૭૯ પોતે જ પોતાનામાં ફેરફાર કે સુધારો ન કરી શકીએ, ત્યાં સામાને બદલવા કે સુધારવાનો આગ્રહ કેમ રખાય ?

૨૮૦ બહારના શત્રુથી કદાચ બચવું સહેલું, અંદરના શત્રુથી બચવું કઠિન. બંન્નેમાંથી પ્રભુ જ બચાવે. સ્વામિ ધર્મ છે, તે દઢતા દાસ રાખે.

૨૮૧ નામાત્મક સ્વરૂપ શ્રીમદ્ ભાગવત છે ને ! કથા છ ગુણવાળી, મોક્ષદાયિની, પરમાનંદરૂપ છે. કથા અમૃતરૂપા છે. અમૃત ભગવદ્રસાત્મક છે. તેથી કથા સર્વ મરણને દૂર કરનારી છે. મોક્ષદ અને પરમાનંદ રૂપા છે. સ્પષ્ટ છે, ગમે તેની કથા નહિ, ભાવથી પ્રત્યક્ષ કૃષ્ણની કથા જ કૃતાર્થ કરે.

૨૮૨ “નિર્દોષ ભજનથી મારી સાથે સંબંધ કરનાર તમારા ઉપકારનો બદલો હું બ્રહ્માના આયુષ્યથી પણ વાળી શકવા સમર્થ નથી. ઘરની દુર્જર બેડીઓ તોડીને તમે મારુ ભજન કર્યુ છે. તમારા આ સત્કાર્યનો બદલો તમારા સંતોષથી જ થાવ.”

૨૮૩ લૌકિક કે અલૌકિકમાં, સ્વાર્થ માટે અન્યનો ત્યાગ સૌ કરે, પણ સ્વત્યાગ કોણ કરે ?! ગોપીજનને તો પોતાનાં દેહાદિમાં પણ તે પોતાનાં છે તેવો ભાવ નથી, દેહાદિને પણ પ્રભુના સુખમાં ઉપયોગી સમજીને, પ્રભુનાં જ સમજીને, સાચવે છે. તેમને તો આત્મા પણ પ્રભુ માટે પ્રિય છે; પણ આત્મા માટે પ્રભુ નહિ.

૨૮૪ લૌકિક-કામ-કથા તો કામ વધારે, કલુષિત બનાવે; ભગવાન અને ભગવદીય ગુરુ-ગોપી-જનની વિહારલીલા તો વિકાર સઘળા સમાવે, નિર્દોષ બનાવે, ભક્તિ વધારે.

૨૮૫ પરિસ્થિતિનો આજે પડકાર છે. સમાજ કે જીવનમાંથી સર્વત્ર અયોગ્યતાને ઓળખો, અટકાવો, ઉઠાવીને ફેંકી દો. દુષ્ટોને દુષ્ટતાનું બલ કે ગુમાન હોય તો સજ્જનતા એ કાયરતા તો નથી જ.

૨૮૬ સાચો ધર્મ તો નિર્ભય, નિશ્ચલ, નિર્મલ, નિરપેક્ષ, નિષ્કપટ બનાવે છે.

૨૮૭ ડાહ્યા માણસે તો પોતાનું કલ્યાણ વિચારીને, પોતાને યોગ્ય ઉપદેશને અનુસરવાનું હોય.

૨૮૮ તીર્થ-સ્નાન-દાનાદિ પણ ભગવદિચ્છા સમજીને, પ્રભુ-પ્રીત્યર્થ સંકલ્પથી થાય. તે વગર ન થાય.

૨૮૯ ધર્મના ઓથે ચાલતો અધર્મ કે અયોગ્યતા, ગમે તેવા સારા કે આદરણીય લાગતા સ્વરૂપમાં છૂપાઈને બેઠાં હોય, તો પણ તેને કાઢવા જ જોઈએ.

૨૯૦ ભગવદીયોનો લૌકિક વ્યવહાર પણ ભગવાનની આજ્ઞા પ્રમાણેનો હોય.

૨૯૧ સભામાં તો સભાનતાથી જ જવાય, સભામાં સ્પષ્ટ, યોગ્ય, સત્ય કહેવું જોઈએ; નહિ તો ડાહ્યા માણસે જવું જ નહિ.

૨૯૨ સમર્થ હોવા છતાં, મા-વૃદ્ધ બાપ, સ્વજન, સુશીલ પત્નિ, નાનકડાં સંતાન, ગુરુજન, વિપ્ર અને શરણાગતનું રક્ષણ અને પોષણ ન કરે, તે જીવતો છતાં મરેલો છે.

૨૯૩ મોટાઓ જ મર્યાદામાં રહે, તો શિસ્ત, મર્યાદા કે કાયદા તોડવાની હિંમત કોણ કરે ?

૨૯૪ પરદેશમાં રહીને પૈસાદાર થવા કરતાં સ્વદેશમાં સામાન્ય રહીને પણ ઉપયોગી થવું સારું.

૨૯૫ મનથી પ્રસન્ન અને મજબૂત હોય તેવા લોકો જ સફલતા સર્વત્ર મેળવી શકે.

૨૯૬ વ્યક્તિના નામ કે ગામ કરતાં પણ, કામની ઓળખ સાચી છે.

૨૯૭ ભક્તોને સંતોષ ભક્ત મિલને થાય. સંસારીઓને તો નામ, કામ કે સંપ્રદાયનાં બાહ્ય ચિન્હોથી પરિચય દેવો પડે, પ્રતિષ્ઠાના પરિચયે સંતોષ થાય.

૨૯૮ ભક્તો તો સંબંધી, સત્તાધીશ, સંપન્ન, સર્વોત્તમ કે સમર્થની માયા શોધતા નથી; શોધે છે શ્યામના સેવકની છાયા !

૨૯૯ દુઃખના દરિયામાં ડૂબતાંને દીનનાથ વગર કોણ ઉગારે ? અનાથ તો શ્રીનાથ વિના કોને વિનવે ? શ્રીનાથ સ્વનાથ બને, સનાથ બનાવે.

૩૦૦ ભગવાનની માયાથી મોહ પામે, તે ભગવાનને ન ભજે, દુઃખના કારણ રૂપ છે - સુખ, તેની શોધમાં આથડે, અનર્થ કરે, ઘરમાં આસક્ત બને, તે દુર્લભ મનુષ્ય જન્મ વ્યર્થ ગુમાવે છે.

૩૦૧ સ્વજન - સત્તા - સમૃદ્ધિની ચિંતાનો અંત નથી. તેને પોતાનાં માની માનવ વખત વેડફે છે, મદ જ વધારે છે.

૩૦૨ સમર્થ હોવા છતાં, વિષયથી નર વાનર શો બને છે ને !

૩૦૩ સુખ ચાલ્યું જતાં, સુખને લાલચે સત્કર્મ કરે છે; “તૃષ્ણા વધારે તેને સુખ ક્યાંય ન મળે.” ભગવદિચ્છાથી અંતિમ જન્મે કૃપાથી જ સત્સંગ મળે, ત્યારે ભક્ત દ્વારા સાધ્ય-સાધન-ફલ રૂપે શ્રીહરિમાં જ મતિ સ્થિર થાય.

૩૦૪ વિવાહ ધર્મ માટે થાય, વિલાસ માટે નહિ.

૩૦૫ કથા સાંભળતાં અર્થ સમજાય, હૃદયને સ્પર્શે, ભાવના જાગે, ભાવથી મન ભગવાનમાં જ દોડ્યું જાય, પ્રવેશે, સ્થિર થઈ જાય, આમ અનુભવાય ત્યારે શ્રવણભક્તિ થાય, નહિ તો તે ધર્મ કે પછી કર્મ કહેવાય.

૩૦૬ સંપત્તિ, સત્પતિ અને સન્મતિની ત્રિવેણીમાં તૃપ્તિ કોને ન મળે !!

૩૦૭ સામાન્ય લોકો તો સંસારમાં સરતા રહે છે; “હું-મારું”માં આસક્ત થઈને આથડે છે, પતિ, પત્ની, પુત્ર, પરિવારની વાડ બાંધીને તેમાં બંધાય છે.

૩૦૮ પતિ અને પરિવારને સ્નેહરૂપે વીંટળાઈને રહે, કુટુંબને એક અને અખંડ રાખે, તે સ્ત્રી, દ્વેષ-ક્લેશથી સૌને જુદાં પાડે તે નહિ !

૩૦૯ ભારતની આ આદર્શ પુત્રવધૂ છે ! મા-બાપથી દૂર થયેલા, દૂર રહેલા, પુત્રને સ્નેહથી સમજાવીને, પ્રેમથી પ્રેરીને, માનથી મનાવીને, મા-બાપ પાસે પાછો લઈ આવવા મથે છે !

૩૧૦ ભક્તિમા ભગવાન અનુકૂલ હોય તો પણ, ભક્તે તો સાવધપણે ભગવદ્નુકૂલ રહેવું જ જોઈએ.

૩૧૧ ખૂબ દુરાચારીઓ અને સ્ત્રી, વૈશ્ય, શૂદ્ર પણ કૃષ્ણના અનન્યાશ્રયથી ઉત્તમ ગતિ પ્રાપ્ત કરી શકે છે.

૩૧૨ સત્કુલ જન્મ, સંપત્તિ સત્તા, સૌંદર્ય, સફલતા, સદ્વિદ્યા, સામર્થ્ય, સંમાન વગેરે સર્વ સંપન્ન હોવા છતાં, સાનુકૂલ શ્રીહરિને ન રહે તો, સઘળી તે સંપન્નતા ધિક્કાર રૂપ છે. સંપન્નને માટે સંમુખ કે શરણે રહેવું સહેલું નથી.

૩૧૩ પતિસેવા કે પ્રભુસેવા અન્ય પાસે દ્રવ્યાદિ દઈને કરાવાય નહિ, પોતે જ થાય; તો અહંકાર જાય, અંગીકાર થાય !

૩૧૪ દ્રવ્ય દઈને કરાવેલી સેવાથી કે દ્રવ્ય લઈને કરેલી સેવાથી પ્રભુ પ્રસન્ન ન થાય.

૩૧૫ પ્રાણને લીધે જે શરીરની સ્થિતિ છે, તેમ ભક્તોને સેવા તો જીવન ટકાવનારી છે.

૩૧૬ પ્રભુ પણ સેવકોની ક્યારેક પરીક્ષા કરે છે, જેથી વિપુલ વૈભવોની વચમાં વસવા છતાં, ભોગ ભોગવવા છતાં, ભક્તો વૈભવ કે ભોગમાં નહિ, પણ પ્રભુમાં આસક્ત છે,- પણ તેમ સ્પષ્ટ સમજાય.

૩૧૭ પતિના ઘરમાં પતિના ગૌરવથી જીવાય, તો સુખ મળે; પિતાના ગૌરવની વાતો - વિચારો અને વર્તન તો વ્યર્થ વેદના વધારે.

૩૧૮ પ્રભુ વિયોગથી દુઃખ થાય તે સામાન્યાધિકાર, ખૂબજ દુઃખ થાય તે મધ્યમાધિકાર, અત્યંત-અસહ્ય દુઃખ થાય તે ઉત્તમાધિકાર છે.

૩૧૯ મનથી બગડે અને મોંથી બબડે, તે સાચી સહનશીલતા નથી.

૩૨૦ પ્રભુએ સાનુકૂલ માનવ શરીર દીધું, તે કૃપા છે; છતાં ભોગરત અસંયમી માનવ, તે ઉપકારક ભગવાનનો આદર ન કરે, શરણે ન જાય, સ્નેહ ન કરે, તે તો આત્મવંચક છે.

૩૨૧ સંસારસુખ કે તેનાં સાધનો માટે, પ્રભુમાં પ્રીતિ ન કરનાર કે પ્રભુને છોડનાર તો અમૃત મૂકીને વિષ ખાય છે.

૩૨૨ ભગવાનની ઈચ્છા કે આજ્ઞા સમજ્યા વિના, સમજ વગરનો દાન કે ધર્મમાનો અત્યાગ્રહ પણ ઉદ્વેગ કરાવે.

૩૨૩ શ્રીકૃષ્ણ વિના કોઈપણ માટેનો આગ્રહ દુઃખ દે. તેવા દુઃખમાંથી પણ ભક્તિ કરનારને ભગવાન છોડાવે છે.

૩૨૪ ધાર્મિક ટ્રસ્ટો, મંદિરો, સેવા સંસ્થાઓ, જાહેર કાર્યો વગેરેનાં વહિવટ કે વ્યવસ્થા કે વિકાસમાં ધર્મજ્ઞાન વિના પડેલાઓ પડેલા જ છે ને ! સૌ વિચારે. પ્રસંગો પ્રસિદ્ધ છે. વ્યવસાય, વ્યવહાર અને વ્યાપારમાં નિપુણ લોકો ધાર્મિક સંસ્થાઓનું સંચાલન કરે, તો સંસ્થાઓ કદાચ સમૃદ્ધ બને; પણ ધર્મની સૂક્ષ્મ સમજ વિના તેમાં ધાર્મિકતા કેટલી રહી શકે ? પરિણામ તો અહંકારથી અંજાએલી આંખે દેખાય ક્યાંથી ?

૩૨૫ મોટપણમાં મહામાન મળે તો પણ, સત્પુરુષ નાનપણમાં નાનાં ગણાતાં પણ સ્વજનને ભૂલે નહિ !

૩૨૬ અજ્ઞાનીઓ કરેલાં પોતાનાં વ્યર્થ વખાણ, પ્રોત્સાહન સાંભળીને ફુલાય, તેને ફલ શું મળે ? ઈર્ષ્યા - અભિમાન - ઉદ્ધતાઈ અને અધઃપતન જ ને ! આવાને પણ કૃષ્ણ વિના કૃતાર્થ કોણ કરે ?

૩૨૭ મહાપુરુષોને તો લોકો પૂજે, પણ તેમના ઉપદેશ પ્રમાણે આચરણ ન કરે, તે તો અવજ્ઞા જ ગણાય ને !

૩૨૮ વિદ્યા, ધન, સત્તાનું અભિમાન ભાન ભૂલાવે, અભિમાન જાય તો સાચું ભાન થાય. અભિમાન ભગવાનની પણ અવગણના કરે !

૩૨૯ ગૃહસ્થાશ્રમ શ્રમ દૂર કરે તેવો બનાવતાં, ભગવાન પોતે જીવોને સ્વાચારથી શીખવે છે.

૩૩૦ કૃષ્ણસેવાથી સૌ સંતુષ્ટ થાય; મૂલમાં જલસિંચનથી આખું વૃક્ષ પોષાય તેમ. કૃષ્ણ તો નિર્દોષ પૂર્ણ ગુણવિગ્રહ છે.

૩૩૧ માનવમાં ગુપ્ત રહેલા દોષો દૈત્યરૂપ, તે સત્કાર્ય શાંતિથી કરવા ન દે. વિઘ્નથી વિકલતા કરાવે; તો પણ ભગવાનનું યજન કે ભજન માહાત્મ્ય જ્ઞાનપૂર્વક સુદૃઢ સ્નેહથી, જીવ કર્યા કરે તો, ગુપ્ત દોષો બહાર ન જાય, દૈત્યો પ્રકટ થઈ જાય.

૩૩૨ અનિષ્ટ પરિણામ આવે તેવી પરિસ્થિતિમાંથી સત્કાર્ય શોધીને ખસી જવું તે પણ ઉત્તમ ધર્મ છે.

૩૩૩ ભગવાન ભક્તો દ્વારા કે પોતે પધારીને તીર્થમાં એકઠાં થયેલાં પાપ દૂર કરીને, તીર્થોને તીર્થરૂપ બનાવે છે, શુદ્ધ કરે છે.

૩૩૪ લોક પ્રસિદ્ધ સાધન વગર પણ સંપૂર્ણ સફલતા ભગવાન દે છે - સ્વભક્તોને !

૩૩૫ સંપત્તિથી જ સુખી થવાય, તેમ સમાજની સમજ છે, વાસ્તવમાં

સંપત્તિ વગર પણ સુખ-શાંતિ સંપૂર્ણ સંભવે છે. સમજપૂર્વકના સંતુષ્ટ પ્રભુપરાયણ જીવનથી; પ્રભુની પ્રપત્તિ જ સાચી સંપત્તિ છે. વિપત્તિ હોવા છતાં વિકલ ન થવાય, તે પણ સંપત્તિ જ છે ને ! વિપુલ વૈભવો સર્વત્ર સુખપ્રદ નથી.

૩૩૬ એક પણ વસ્તુ ન હોવા છતાં, ઈન્દ્રિય અને અંતઃકરણની પ્રભુ પરાયણતા જ સુખપ્રદ છે.

૩૩૭ દુનિયાની દ્રષ્ટિએ દુઃખ દેખાય, પણ જેના અંતઃકરણને દુઃખ અડકે નહિ તે દુઃખી કઈ રીતે થાય ?

૩૩૮ ભક્ત તો પ્રસાદથી જ જીવનનિર્વાહ કરે. સુખ અને દુઃખને પ્રભુનો પ્રસાદ સમજીને સ્વીકારે, તે સદા સુખી - પ્રસન્ન જ રહે ને ! સરલ અને સફલ જીવનમાર્ગ છે આ ભક્તોનો !

૩૩૯ કથા વગર તો કલિ અને કામનાઓ વિનાશમાર્ગે દોરી જાય, ઈન્દ્રિય અને અંતઃકરણ અકળાવી મૂકે. તે બંને વશ થાય કથાથી.

૩૪૦ દૈવી-ભગવદીય ઈન્દ્રિયોને જ ભગવત્કાર્ય રુચે, આસુર-ઈન્દ્રિયો તો અન્યત્ર જ આથડે. ભગવત્કૃત (ભગવદીય) ઈન્દ્રિયો ઓળખાય ભગવત કાર્યથી. અન્યત્ર લોલુપ ઈન્દ્રિયો તો આભાસરૂપ ગણાય, અધઃપતન કરાવે.

૩૪૧ કથા તો કોઈ પણ કરે, પણ તેમાં પ્રેમ સ્પર્શ ન હોય, લોક વ્યવહાર, પ્રસંગ કે ટેવથી નહિ, પુણ્ય લાલસાથી નહિ પણ માત્ર સ્નેહથી, સ્વાભાવિક રીતે ભક્તિપૂર્વક નિરંતર ઉચ્ચારણ જેનાથી થયા કરે તે ભગવદીય વાણી.

૩૪૨ જીવનમા જેને જરૂરિયાતો વધારે તેણે મુશ્કેલીઓ વધારે. સફલતાથી મળી આવે તેટલામાં જ જીવનની જરૂરિયાતો સમાવી દેનારને શાંતિ-સુખ શોધવા ન પડે.

૩૪૩ જીભનો સ્વાદ શોધનાર જીવનનો આસ્વાદ ગુમાવે છે ને ?

૩૪૪ સ્નેહથી સ્વલ્પ દે તો પણ સંતુષ્ટ શ્રીહરિ થાય; ભાવ વગરના વિપુલ વૈભવ પણ તુચ્છ લાગે ભગવાનને.

૩૪૫ અખંડ પ્રેમપૂર્ણ હૃદયથી પ્રયત્ન પરાયણ રહે, તેવા ભક્તની કોઈ પણ વસ્તુ, પ્રેમ પરવશ ભગવાન્ પુરુષોત્તમ, પ્રસન્નતાથી ભક્તેચ્છાનુસાર અંગીકાર કરે છે.

૩૪૬ પદાર્થ કે ભોગમાં નહિ, ભગવાનમાં આસક્ત છે ભક્ત. ભોગ ભોગવે છે આનંદથી, પણ ભૂલતો નથી આનંદપ્રદ ભગવાનને. આ છે ભક્તિમાર્ગની રીત.

૩૪૭ સંસાર અને શ્રીહરિ તો પરસ્પર વિરુદ્ધ, સંસારરતને પ્રભુમાં પ્રીતિ ન હોય, પ્રભુપરાયણમાં સંસારાસક્તિ ન હોય.

૩૪૮ ઘરમાં વસતાં, સંસાર-સ્વજન-જીવન-વ્યવહાર વગેરે સર્વ હોવા છતાં, હૃદયમાં સ્ફુરેલા ભગવચ્ચરણનું સુખ જ માણે છે.

૩૪૯ પ્રભુની પ્રસન્નતા માટે જીવનારનો તો સંસાર સાગરમાંથી સર્વસમર્થ શ્રીહરિ સ્વતઃ શીઘ્ર ઉદ્ર કરે છે.

૩૫૦ જલમય તીર્થસ્થલ કે પ્રતિમારૂપ દેવ, તો દીર્ઘકાલે પાવન કરે; સાધુજનો તો દર્શન માત્રથી પાવન કરે.

૩૫૧ ભગવાનને આત્મારૂપે જાણવા અથવા ભક્તિ કરવી, નહિ તો સંસારમાં આથડવું પડે, માનવ જન્મ વ્યર્થ વેડફાઈ જાય.

૩૫૨ ક્ષર અને અક્ષરરૂપથી પર, ઉત્તમ પુરુષ, ત્રિલોકમાં વ્યાપ્ત સૌના ધારક, પોષક અને શાશક તે "પરમાત્મા".

૩૫૩ કકથા તો સંબંધ કરનારના દોષો દૂર કરે છે. કથા તો સુધાસાગર ! ભગવદીયના હૃદયમાં તો એક જ કથા, અનંતરૂપે નિરંતર સ્ફૂરે, ક્લેશ તેનાથી લેશ ન રહે.

૩૫૪ સુખભોગના જડ પદાર્થોમાં આનંદ નથી. ભ્રાન્ત લોકો વ્યર્થ તેમાંથી આનંદ મેળવવા મથે છે.

૩૫૫ ભગવાનની આનંદ માત્રાથી તો સૌનું જીવન ટકે છે. જીવ ગુપ્તાનંદ છે. જગત્ નિરાનંદ છે. પૂર્ણાનન્દ છે - ભગવાન કૃષ્ણ. સુખેચ્છાવાળાએ તેમની જ સેવા કરવી.

૩૫૬ સત્સંગ કરનારે સત્સંગના ઓથે પણ ભક્તિબાધક દુસંગ મળે તો દૂર રહેવું.

૩૫૭ કોઈપણ રીતે, મન કૃષ્ણમાં પરોવી દેવું, લોકોના કે કોઈકના થવા કરતાં પ્રભુના થઈ જવું. પ્રભુ આપણને પોતાના માને, તેમ સેવા કરવી. અનન્ય થવું.

૩૫૮ ભ્રાન્તિથી થયેલા, યુક્તિ રહિત, વ્યર્થ વાદોમાં વખત વેડફીને કૃષ્ણનો લાભ ગુમાવવો નહિ.

૩૫૯ જે ભગવાન કૃષ્ણમાંથી આવું જગત પ્રકટ થયું, જે ભગવાનને લીધેજ સદ્રૂપે ભાસે છે; તે કૃષ્ણ જ સેવનીય છે.

॥ શ્રીહરિઃ ॥

એકાદશ સ્કન્ધ

શ્રીગોવર્ધનનાથજીનું મસ્તક - મુક્તિ લીલા (અન્યથારૂપના ત્યાગપૂર્વક સ્વરૂપમાં સ્થિતિ) કુલ પ્રકરણ ૨ - જીવ મુક્તિ, બ્રહ્મ મુક્તિ કુલ અધ્યાય ૨૯+૨ - ૩૧

૩૬૦ “ભગવદીયોનું ભ્રમણ તો ભૂતલ પર પ્રાણી માત્રનું પ્રિય કરવા માટે હોય છે. દેવ તો દુઃખ દે. સદાચાર અને મર્યાદાના રક્ષક સાધુ તો સારું જ કરે”.

૩૬૧ ભગવદ્ ભક્તના એક પણ ધર્મ, શ્રવણમાત્રથી, લોક-વેદની મર્યાદા તોડનાર, સર્વથા બહિર્મુખ, પ્રાયશ્ચિત કરવા પણ અયોગ્ય લોકોને પણ તરત પાવન કરે છે.

૩૬૨ ભક્તોના ધર્મનું કાનથી શ્રવણ, પછી વાણીથી અનુપઠન-કીર્તન, મનથી ધ્યાન અથવા પ્રેમપૂર્વક આદર કે માત્સર્ય વગર અનુમોદન પણ કરે તો; દેવ કે દુનીઆનો દ્રોહી પણ પાવન બને. ભક્ત-ધર્મ આવો દિવ્ય, તો ભગવદ્ધર્મનો તો મહિમા કેવો ?!

૩૬૩ અચ્યુત ભગવાનની ચરણસેવા, ભગવાનને સાનુકૂલ થાય તેમ થાય; પોતાને અનુકૂલ આવે તેમ સગવડીઆ રીતે નહિ.

૩૬૪ ઉત્તમ ભક્તોના સંગમાં ભગવદ્ધર્મો થાય, તો સફલ થવાય. પોતાનું ચિત્ત ન બગડે તેમ તેમનાં લૌકિક-વ્યવહારો ન જોતાં ભજન માટે જ ભક્તસંગ થાય.

૩૬૫ જેને દ્રવ્ય કે દેહમાં પોતાનું કે પારકું તેવો ભેદ નથી; જે સૌનું કલ્યાણ ઈચ્છનાર, દયાળુ, શાન્ત છે, તે ઉત્તમ ભક્ત છે.

૩૬૬ પ્રભુકૃપા હોવા છતાં, ગુરુરહિત નિરાધાર ગણાય.

૩૬૭ સર્વ શાસ્ત્રાર્થનો સ્પષ્ટ નિર્ણય કરે, સ્વયં સુંદર રીતે આચરે, લોકમાં તેનો પ્રચાર કરે, તેને સુજ્ઞો આચાર્ય કહે છે.

૩૬૮ સર્વ કર્તવ્ય છોડીને સર્વાત્મભાવે ભગવાન કૃષ્ણને શરણે જનાર, કોઈનો ગુલામ કે ઋણી રહેતો નથી.

૩૬૯ જેના કથા સુધાપાને અન્ય સ્પૃહા ન રહે તે આત્મારૂપ ભગવાનને ભક્તો કેમ છોડે !

૩૭૦ સર્વમાંથી સ્નેહ છોડી, પ્રભુમાં મન પ્રેમથી પરોવી સર્વત્ર બ્રહ્મદૃષ્ટિ રાખીને ફરવું.

૩૭૧ જે સંમોહ પામ્યા વિના મને પુરુષોત્તમને જાણે છે, તે સર્વજ્ઞ સર્વભાવે મને ભજે છે.

૩૭૨ મનુષ્ય સૃષ્ટિ પ્રભુને પ્રિય છે. તે ભગવાનને શોધે - સમજે - ભજે છે.

૩૭૩ શાસ્ત્ર કે આચાર્યે કહેલાં લોકતત્ત્વ સમજવામાં કુશલ લોકો તો પોતેજ અશુભ વાસનાયુક્ત સંસારમાંથી પોતાનો ઉદ્ધાર કરે છે.

૩૭૪ સ્નેહ, દ્વેષ કે ભયથી જેમાં બુદ્ધિપૂર્વક મન રહે, તેના જેવો માનવ બની જાય.

૩૭૫ અવિદ્યાવાળો કર્મફલ ભોગરત જીવ નિત્યબદ્ધ, નિર્લેપ અંતર્યામી નિત્ય મુક્ત, અહંતા-મમતાથી પોતાને કર્તા-ભોક્તા માનીને જીવ ભવપ્રવાહમાં આથડે છે.

૩૭૬ સર્વને પ્રભુવશ જાણનારને બંધન થતું નથી, તે બધી ઈચ્છાઓને દૂર કરી દે, સાનુકૂલતા દેનારની સ્તુતિ કે પ્રતિકૂલતા દેનારની નિંદા ન કરે, ગુણ-દોષથી પર રહે, આત્મારામ રહે, મનન પ્રભુનું કરે. જે શાસ્ત્ર સમજે છતાં, પ્રભુપરાયણ ન રહે તેને શ્રમ સિવાય શું મળે ?

૩૭૭ માનવ નિરપેક્ષપણે પ્રભુ પ્રીત્યર્થ કર્મ કરે, કથારત રહે, ભગવદાશ્રયે રહે, ભગવત્સેવાની સાધના-પરંપરા રૂપે ધર્મ-અર્થ-કામનું સેવન કરે તેને ભગવાનમાં અચલ ભક્તિ થાય.

૩૭૮ સત્સંગથી થતાં ભક્તિયોગ વિના, કૃષ્ણ પ્રાપ્તિનો પ્રાયઃ કોઈ સુયોગ્ય-સરલ-સફલ ઉપાય નથી.

૩૭૯ સર્વ સંસાર આસક્તિને દૂર કરનારા સત્સંગથી ભગવાન જેવા વશ થાય તેવા યોગ, સાંખ્ય, ધર્માદિ - મર્યાદામાર્ગના સાધનો દ્વારા થતા નથી.

૩૮૦ આ ભાન વગર ભોગ કરતા - ભટકતા માનવોને વાસનાઓ વ્યગ્ર બનાવે, શાંતિ શોધતાં ય ન જડે, જીવનભર જલ્યા કરે. આમ આથડનારને કોઈ અનર્થમાંથી અટકાવવાં મથે, ઉપદેશ કે આદેશ દે તો તે પણ અણગમતાં થઈ પડે છે ને !

૩૮૧ પ્રભુપરાયણ તો ભગવાન વિના કોઈ સમૃદ્ધિ, સિદ્ધિ કે મુક્તિની પણ સ્પૃહા રાખતો નથી. પ્રભુસેવા માટે સમૃદ્ધિ હોય તો સંભાળે છે.

૩૮૨ અજિતેન્દ્રિય ભગવદ્ભક્ત વિષયોથી વિકલ બને, તેને અવરોધ થાય, છતાં પ્રાયઃ પ્રગલ્ભભક્તિથી પ્રભુના શરણાગત પરિપાલન વ્રતથી, તેવા પ્રાકૃત ભકતનું પણ અધઃપતન થતું નથી, વિષયોમાં તે પરાભૂત થતો નથી.

૩૮૩ કથા સેવનથી સ્વાન્તઃ શુદ્ધ થતાં ભગવાનનું સૂક્ષ્મ વસ્તુસ્વરૂપ સમજાય છે.

૩૮૪ માનવના કલ્યાણ માટે કૃષ્ણે જ્ઞાનયોગ, કર્મયોગ અને ભક્તિયોગ કહ્યા છે. કલ્યાણનો બીજો ઉપાય ક્યાંય નથી.

॥ શ્રીહરિઃ ॥

દ્વાદશ સ્કન્ધ

શ્રીગોવર્ધનનાથજીનો ડાબો કરકમલ - આશ્રયલીલા (સર્વમાં ઉત્પત્તિ - સ્થિતિ - લય જેનાથી થાય છે તે ભ્રમમાં સ્થિર થવું) કુલ પ્રકરણ ૫ - શ્રીકૃષ્ણાશ્રય-જગદાશ્રય-વેદાશ્રય-ભક્તિયોગાશ્રય-શ્રીભાગવતાશ્રય અધ્યાય ૩+૨½+૧½+૩+૩ કુલ અધ્યાય ૧૩

૩૮૫ ભગવાનનો આશ્રય ભૂલાય તો ભવમાં ભૂલા પડાય. તેના કીર્તનથી કૃતાર્થ થવાય, સૌને તે સન્માર્ગ સમજાય.

૩૮૬ કૃપાપાત્ર ભક્તોને અસદ્‌વાસના ન થાય માટે, આનંદમય ભગવાન પોતાના જમણા હસ્તની મુઠ્ઠીમાં તેમના મન સમાવી દઈને; દુઃખમાંથી સુખ શોધવા દૂર આથડતા, નિઃસાધન ભક્તોને વામકરકમલ ઊંચો કરી, પોતાની પાસે બોલાવે છે.

૩૮૭ સુમન્દ મતિવાળા, મોહમાં મગ્ન, અલ્પાયુષ્યવાળા, કલિદોષોથી અનેક રીતે ઉદ્વિગ્ન લોકોને જીવનપર્યંત અને અંતે પણ સુખ-શાંતિ કેળવવાનો એક માત્ર ઉપાય છે - આશ્રય.

૩૮૮ કમાણી અને કીર્તિમાં કલ્યાણને કચડતા લોકોને કરાલ કાલ દેખાય છે તો ખરો; પણ સમજાય છે ક્યાં ?

૩૮૯ શ્રીભાગવત સર્વ વેદ અને ઈતિહાસના સારરૂપ છે, પરમભક્તિબોધક સંહિતા છે. તેમાં આ કહેલા ગૂઢરૂપવાળો આશ્રય લીલાત્મક છે. તેનું નિરંતર ચિંતન કરવું, ભાવના કરવી.

૩૯૦ અત્યારે તો બધાં ધર્મ-સાધન, ધાર્મિક-કાર્ય, ખૂબ ફુલ્યાં ફાલ્યાં લાગે છે, છતાં અંતઃકરણની શુદ્ધિ ક્યાં વધી દેખાય છે ?! પોતે જ કપટથી ગૂંચવાડા ઊભા કરીને, ગૂંગળાવતું બનાવી દીધેલું જીવન સરલ ક્યાં છે ?! જીવનવ્યવહાર ધર્મમય ક્યાં બન્યો છે ? ભાવના

ક્ષણિક ઉભરાં છે, સ્થિરતા ક્યાં છે ?!

૩૯૧ અંતર્યામી રૂપે ભવમાં ભટકાવતા ઈશ્વર તો હૃદયમાં છે જ; પણ ભવમાંથી ભાવથી અટકાવતા ભગવાન કેશવને તો હૃદયમાં પધરાવવાના છે. ઘરમાં, મંદિરમાં કે ભાગવત કથા વગેરેમાં ભગવાન વિરાજે છે પણ તેમને સેવનથી હૃદયમાં પધરાવવાના છે. સેવા-કથાના પરિણામે હૃદયમાં નિર્દોષ આનંદપ્રદ પ્રભુનો સ્વાનુભવ થવો જોઈએ.

૩૯૨ કીર્તનથી સર્વસંગ છૂટે, પછી નિસંગ ભક્ત પ્રભુને પ્રાપ્ત થાય.

૩૯૩ સ્વલ્પ સમયનું મનોરંજનનું કીર્તન અને સતત સેવાતા દુઃસંગથી દુર્દશા દૂર ક્યાંથી થાય ?

૩૯૪ ભગવાનનાં દર્શન કરવા હોય તો શરણાગતિપૂર્વક ભગવાનનું હંમેશાં અનુસ્મરણ કરવું. જ્યારે આ વિવેક-શસ્ત્રથી સજ્જ થવાય, ત્યારે અહંતા મમતારૂપ આત્મબંધન છેદાય. ભગવાનનો અનુભવ થાય. સ્થિર થવાય.

૩૯૫ ભાગવતજીમાં કહેલાં દશલીલા વિશિષ્ટ ભગવાન કૃષ્ણ, પ્રત્યેક પદાર્થમાં વિશ્વમાં સર્વત્ર વિલસે છે; વાસુદેવ સર્વ છે.

૩૯૬ આનંદમય પરબ્રહ્મને જાણે-માણે, તે ક્યારેય, ક્યાંય, કોઈનાથી પણ ભય પામતો નથી.

૩૯૭ “હું ભગવાનનો છું” - તે હૃદયમાં રહે તો પણ શોક, મોહ કે ભય ન રહે ને !

૩૯૮ સંસારી તો અનાથ ! આ શ્રીનાથ, તે તો સર્વનાથ ! સૌનો સનાથ તે જ બનાવે !

૩૯૯ “આનંદરૂપ હરિની લીલા” - આ શ્રીભાગવતનો સંપૂર્ણ શાસ્ત્રાર્થ છે ! અધિકાર, સાધન, સર્ગ, વિસર્ગ, સ્થાન, ઊતિ, મન્વન્તર, ઈશાનુ કથા, નિરોધ, મુક્તિ, આશ્રય - આ બાર સ્કન્ધ લીલાઓ

છે. તેમને હૃદયમાં ધારણ કરવાથી, ભગવાન શ્રીગોવર્ધનનાથજી હૃદયમાં ધારણ થાય !

૪૦૦ ભગવદ્ ગુણગાન તો નિત્ય મનોમહોત્સવરૂપ, શોકસાગર-શોષક છે ! સત્પુરુષો સેવન તેનું કરે છે, લૌકિકનું નહિ !

૪૦૧ કૃષ્ણ-સમર્પણ વગર તો સર્વસક્રિયા પણ શા કામની ?

શ્રીકૃષ્ણઃ શરણં મમ્

શ્રીહરિઃ
“આનંદમય હરિની આનંદરૂપા લીલા”
શ્રીમદ્-ભાગવત-શાસ્ત્ર
રસ-મહાસાગર
પ્રકરણ - વિભાગ
પ્રથમ-સ્કન્ધ, કુલ પ્રકરણ - ૩, કુલ અધ્યાય - ૧૯
શ્રીગોવર્ધનનાથજીનો જમણો - ચરણકમલ
(અંતઃકરણની યોગ્યતા-રૂપ) **અધિકાર - લીલા**
(કથાના અર્થ પ્રમાણે, શ્રીવલ્લભાચાર્યજીના મતાનુસાર)

સામાન્ય પ્રકરણ (૧)	અસામાન્ય પ્રકરણ (૨)	ગુણાતીત પ્રકરણ (૩)
(અધ્યાય-૧ થી ૯)	(અધ્યાય-૧૦ થી ૧૮)	(અધ્યાય - ૧૯)

(કથાના દેશકાલાનુસાર, મતાન્તર પ્રમાણે)

	હીનાધિકાર પ્રકરણ (૧)	મધ્યમાધિકાર પ્રકરણ (૨)	ઉત્તમાધિકાર પ્રકરણ (૩)
	(અ. ૧ થી ૩)	(અ. ૪ થી ૬)	(અ. ૭ થી ૧૯)
શ્રોતા -	શૌનકાદિ-૮૮૦૦૦ ઋષિયો	મહર્ષિ કૃષ્ણદ્વૈપાયન વેદવ્યાસજી	રાજા પરીક્ષિત
વક્તા -	સૂતજી (ઉગ્રશ્રવા)	દેવર્ષિ નારદજી	ભગવાન્ શ્રીશુકદેવજી
સ્થળ -	નૈમિષારણ્ય	વ્યાસાશ્રમ-“શમ્યાપ્રાસ”-સરસ્વતી-તટે	ગંગાતટ
(કાલ) સમય -	“સહસ્રસમ”-સત્ર (પ્રસંગ)	વ્યાસજીનો મનઃખેદ	રાજા પરીક્ષિતનો પ્રાયોપવેશ

શ્રોતા-વક્તા-લક્ષણ
(૧) હીનાધિકાર-પ્રકરણ

(અ. ૧ થી ૩)

	અ. ૧	અ. ૨	અ. ૩
શ્રોતા -	જિજ્ઞાસા (જાણવાની ઈચ્છા, - વિચાર)	અમાત્સર્ય (અદેખાઈનો અભાવ)	શ્રવણાદર
વક્તા -	પરંપરાથી શ્રીભાગવતાધ્યયન	ચાતુર્ય	શ્રીભાગવતનું (ગૂઢ) રહસ્ય-જ્ઞાન

(૨) મધ્યમાધિકાર - પ્રકરણ

(અ. ૪ થી ૬)

	અ. ૪	અ. ૫	અ. ૬
શ્રોતા -	ભગવત્કૃપા	ભગવદીયત્વ	ભગવદેકત્વ
વક્તા -	ભગવત્કૃપા	ભગવદીયત્વ	ભગવદેકત્વ

(૩) ઉત્તામાધિકાર - પ્રકરણ

(અ. ૭ થી ૧૯)

બે ચરણ - બે હસ્ત - બે ઊરુ - બે બાહુ - બે સ્તન - હૃદય - મસ્તક

(આ બાર પુરુષોત્તમનાં અંગ છે; અંગી (પુરુષોત્તમ) તેરમા છે.) (દઢ-વૈરાગ્ય ભગવાનમાં એકતાનતા રૂપ છે. પુરુષોત્તમ શ્રીકૃષ્ણ સ્વયં ભગવાન્ છે. તે બાર - અંગવાળા પુરુષથી અધિક છે, તેના સૂચક આ તેર અધ્યાય છે.)

શ્રોતા - દઢ-વૈરાગ્ય
વક્તા - દઢ-વૈરાગ્ય

દ્વિતીય-સ્કન્ધ, કુલ પ્રકરણ-૩, કુલ અધ્યાય-૧૦
શ્રીગોવર્ધનનાથજીનો ડાબો-ચરણકમલ

સાધન-લીલા

(દશલીલાવાળા ભગવાનનું શ્રવણ)

તત્ત્વધ્યાન પ્રકરણ (૧)	હૃત્પ્રસાદ પ્રકરણ (૨)	મનન પ્રકરણ (૩)
(અ. ૧-૨)	(અ. ૩ - ૪)	(અ. ૫ થી ૧૦)

(૧) તત્ત્વધ્યાન-પ્રકરણ

(અ. ૧-૨)

સ્થૂલધ્યાન (વિરાટ્-પુરુષ-ધ્યાન)	સૂક્ષ્મધ્યાન (પ્રાદેશમાત્ર-સ્વરૂપધ્યાન)
(અ. ૧)	(અ. ૨)

(૨) હૃત્પ્રસાદ-પ્રકરણ

(અ. ૩-૪)

શ્રોતાના હૃદયની પ્રસન્નતા (શ્રદ્ધા)	વક્તાના હૃદયની પ્રસન્નતા (શ્રદ્ધા)
(અ. ૩)	(અ. ૪)

(૩) મનન-પ્રકરણ
(અ. ૫ થી ૧૦)

- ઉત્પત્તિ (અ. ૫ થી ૭)
  - અનિત્યમાં જનન (અ. ૫)
  - નિત્ય-પરિચ્છિન્નમાં સમાગમ (અ. ૬)
  - નિત્ય-અપરિચ્છિન્નમાં પ્રાકટ્ય (અ. ૭)
- ઉપપત્તિ (અ. ૮ થી ૧૦)
  - આશંકા (અ. ૮)
  - ઉત્તર (અ. ૯)
  - ફલ (અ. ૧૦)

વિશેષ-વિચાર : આ સ્કન્ધના ત્રીજા અધ્યાયમાં શ્રોતાની શ્રદ્ધા (હૃદયની પ્રસન્નતા) કહેલી છે. તેમાં શ્રોતા શૌનકની શ્રદ્ધા સ્પષ્ટ દેખાય છે, પરીક્ષિતની નહિ! ચોથા અધ્યાયમાં વક્તા શ્રીશુકની પ્રસન્નતા સ્પષ્ટ દેખાય છે, સૂતની નહિ! આવા સંદેહમાં સમાધાન સ્પષ્ટ છે. ત્રીજા અધ્યાયમાં પહેલા બાર શ્લોકમાં વિવિધ કામનાથી થતા અન્યદેવોના ભજનથી થતી બહિર્મુખતા અને શ્રીકૃષ્ણ-ભજનથી સર્વકામના અને મોક્ષની સુલભતા બતાવી છે. આમ, શ્રોતાના અનન્યભજન-પ્રોત્સાહનથી ઉત્તમ શ્રોતા પરીક્ષિતની તેવી શ્રદ્ધા નિશ્ચિત દર્શાવી છે. (તે પ્રથમસ્કન્ધમાં પણ છે.) બાકીના શ્લોકોમાં હીનાધિકારી શ્રોતા શૌનકની શ્રદ્ધા, સકામઅજ્ઞાની કે નિષ્કામજ્ઞાની માટે પણ ભગવદ્-ભજન વગર દેહ-ઈન્દ્રિયોની નીષ્ફલતાના નિરૂપણથી, સંદેહ ન રહે તેમ, દર્શાવી છે. આમ, પ્રત્યાહાર-ન્યાયે, મધ્યમાધિકારીની શ્રદ્ધા પણ ઉક્તપ્રાય છે. ચોથા અધ્યાયના પહેલા અગિયાર શ્લોકો શ્રોતા પરીક્ષિતની શ્રદ્ધા (ઉત્સાહ), (પ્રસન્નતા)ના સૂચક છે. તે પૂર્વશેષ-રૂપ છે. પછીના શ્લોકો નમન-પ્રાર્થના-થી ઉત્તમ-વક્તા વિરક્ત શ્રીશુકની પ્રસન્નતા (શ્રદ્ધા-ઉત્સાહ)ના સૂચક છે. વક્તાના અધિકાર-વિચારે આ બંને તેના જ ભાગરૂપ છે. સૂતજીએ કહેલા પહેલા ચાર શ્લોકો સ્વોત્સાહ-બોધક છે. અહીં પણ પ્રત્યાહાર-ન્યાયે, મધ્યમાધિકારી-વક્તા પણ ઉક્ત પ્રાય છે. આમ, સર્વ શ્રોતા-વક્તા-નો ઉત્સાહ (શ્રદ્ધા - હૃદયની પ્રસન્નતા) અહીં સિદ્ધ છે.

તૃતીય-સ્કન્ધ, કુલ પ્રકરણ-૧૦, કુલ અધ્યાય-૩૩
શ્રી ગોવર્ધનનાથજીનો જમણો-બાહુ

(લૌકિક-અલૌકિક) સર્ગ-લીલા
(ભૂત-માત્રા-ઈન્દ્રિય-બુદ્ધિનો જન્મ)

- બંધસૃષ્ટિ પ્રકરણ (૧) (અ-૧ થી ૧૯)
- મુક્તસૃષ્ટિ પ્રકરણ (૨) (અ-૨૦ થી ૩૩)

(૧) બંધસૃષ્ટિ-પ્રકરણ
(અ. ૧ થી ૧૯)

(સ્વતઃ ભગવાન્ કરે છે)

- ગુણાતીત પ્રકરણ (૧) (અ-૧ થી ૬)
- સગુણસૃષ્ટિ પ્રકરણ (૨) (અ-૭ થી ૯)
- કાલસૃષ્ટિ-(તત્ત્વસૃષ્ટિ) પ્રકરણ (૩) (અ-૧૦ થી ૧૧)

(ભગવદિચ્છાથી થાય છે.)

- મુક્તજીવ-સૃષ્ટિ (તથા નામ-સૃષ્ટિ) પ્રકરણ (૪) (અ-૧૨)
- મુક્તજીવ-સૃષ્ટિ (ઉપોદ્ઘાત) પ્રકરણ (૫) (અ-૧૩ થી ૧૯)

(૨) મુક્તસૃષ્ટિ-પ્રકરણ
(અ. ૨૦ થી ૩૩)

- તત્ત્વમુક્તિ પ્રકરણ (૬) (અ-૨૦ થી ૨૪)
- કાલમુક્તિ પ્રકરણ (૭) (અ-૨૫)
- ગુણાતીત-મુક્તિ પ્રકરણ (૮) (અ-૨૬-૨૭)
- સગુણમુક્તિ પ્રકરણ (૯) (અ-૨૮)
- જીવમુક્તિ પ્રકરણ (૧૦) (અ-૨૯ થી ૩૩)

તૃતીય-સ્કન્ધ

(મૈત્રેય-મતાનુસારી પ્રકરણ-વિભાગ)


અધિકાર પ્રકરણ (૧)
(અ-૧ થી ૪)
સર્ગ (સૃષ્ટિ) પ્રકરણ (૨)
(અ-૫ થી ૧૨)
ઉપપત્તિ પ્રકરણ (૩)
(અ-૧૩ થી ૨૦)
ફલ (મુક્તિ) પ્રકરણ (૪)
(અ-૨૧ થી ૩૩)
ગુણાતીત (૧)
(અ-૫-૬)
સગુણ (૨)
(અ-૭ થી ૯)
કાલ (૩)
(અ-૧૦)
તત્ત્વ (૪)
(અ-૧૧)
મુક્ત (જીવ) (૫)
(અ-૧૨)
મોક્ષ (૬)
(અ-૧૩)
બંધ (૭)
(અ-૧૪ થી ૨૦)
ભક્તિ (૮)
સાંખ્ય (૯)
યોગ (૧૦)
પુંમુક્તિ (અ-૨૧ થી ૨૪)
સફલામુક્તિ (અ-૨૫)
(અ-૨૬-૨૭)
યોગ
(અ-૨૮-૨૯)
વૈરાગ્ય
(અ-૩૦-૩૧)
સર્વનિર્ધાર
(અ-૩૨)
મુક્તિ
(અ-૩૩)

ચતુર્થ-સ્કન્ધ, કુલ પ્રકરણ-૪, કુલ અધ્યાય-૩૧

શ્રી ગોવર્ધનનાથજીનો ડાબો-બાહુ

વિસર્ગ-લીલા

(પુરુષાર્થ)


ધર્મ પ્રકરણ (૧)
(અ-૧ થી ૭)
અર્થ પ્રકરણ (૨)
(અ-૮ થી ૧૨)
કામ પ્રકરણ (૩)
(અ-૧૩ થી ૨૩)
મોક્ષ પ્રકરણ (૪)
(અ-૨૪ થી ૩૧)
(૧) ધર્મ-પ્રકરણ
(અ-૧ થી ૭)
અગ્નિષ્ટોમ
ઉક્થ્ય
ષોડશી
અતિરાત્ર
અપ્ત
અર્યામ
વાજપેય
(સાત-યજ્ઞ-સંસ્થા)
(૨) અર્થ-પ્રકરણ
(અ-૮ થી ૧૨)
સાધનથી
(અ-૮)
સાધ્યથી
(અ-૯)
મનૂપદેશથી
(અ-૧૦)
દોષનિવૃત્તિથી
(અ-૧૧)
ફલપ્રાપ્તિથી
(અ-૧૨)

(૩) કામ-પ્રકરણ

(અ-૧૩ થી ૨૩)

- પૃથુ-આવિર્ભાવ-પ્રકરણ (અ-૧૩ થી ૧૬)
- સર્વકામ-પ્રકરણ (અ-૧૭ થી ૧૮)
- સ્વકામ-પ્રકરણ (અ-૧૯ થી ૨૩)

(૪) મોક્ષ-પ્રકરણ

(અ-૨૪ થી ૩૧)

- બ્રહ્મભાવ-પ્રકરણ (અ-૨૪ થી ૨૮)
- સાયુજ્ય-પ્રકરણ (અ-૨૯ થી ૩૧)

વિશેષ - વિચાર : ૧. **ધર્મ**નું ફલ ભગવત્પ્રાપ્તિ છે; ૨. **અર્થ** અલબ્ધપૂર્વ (પહેલાં કોઈને ન મળ્યો હોય તે) છે; ૩. **કામ** લબ્ધપૂર્વ (પહેલાં પ્રાપ્ત) છે; ૪. **મોક્ષ** બ્રહ્મભાવ (જીવન્મુક્તિ) અને (જીવ) મુક્તિ-રૂપ છે. બીજાં સાધનોની મર્યાદાથી પ્રાપ્ત થાય તેવાં ધર્મ-અર્થ-કામ-મોક્ષને ભગવાને પોતાના સામર્થ્યથી દક્ષ-ધ્રુવ-પૃથુ-પ્રચેતસને પ્રાપ્ત કરાવ્યાં. તે ભગવાનના પૌરુષ (સામર્થ્ય)થી થતી લીલા અહીં કહેલી છે. આ મોક્ષસાધક વિસર્ગ છે.

પંચમ-સ્કન્ધ, કુલ પ્રકરણ-૬, કુલ અધ્યાય-૨૬
શ્રી ગોવર્ધનનાથજીનો જમણો-ઊરુ

સ્થાન-લીલા

(વિકુંઠ-વિજય, પદાર્થોનું તેમની તેમની મર્યાદામાં સ્થાપન)
(પ્રાકૃત-અપ્રાકૃત-પદાર્થમાત્રને વશ કરવાની પ્રભુની લીલા સ્થાનલીલા છે.)

સ્થાન (સ્થિતિ) (રૂઢાર્થ પ્રમાણે)

- પ્રાકૃત-પદાર્થ જય
  - પ્રકરણ (૧)
    - (અ-૧ થી ૨૪)
- આત્માનો જય
  - પ્રકરણ (૨)
    - જીવ (આત્મા) (અ-૨૫)
    - બ્રહ્મ (પરમાત્મા) (અ-૨૬)

(જેના આધારે રહેવામાં આવે તે સ્થાન, સ્થિતિ તે જ સ્થાન. અમુક પુરુષને અમુક કર્મ કરવાથી અમુક સ્થાન મળે, તે સ્થિતિ (મર્યાદા-નિયમ) છે. તેવો પ્રભુનો વિશિષ્ટ-જય દેશ-કાલ આત્મામાં છે.)

સ્થાન-લીલા (યૌગિકાર્થ પ્રમાણે)

- દેશ
  - ભૂઃ
  - ભુવઃ
  - સ્વઃ
- કાલ
  - (૧૨) માસ
  - (૫) ઋતુઓ
  - (૩) લોકો (ત્યાં વસનારા)
  - (૧) આદિત્ય (સૂર્ય)
- આત્મા
  - જીવાત્મા
  - પરમાત્મા

(હેમંત - શિશિરને એક ગણીને ઋતુઓ પાંચ છે.)

(દેશ-કાલ-આત્મામાં એક સાથે સ્થિતિ માત્ર ભગવાન્ જ કરી શકે છે. તે ભગવાનનો વિજય છે. તેમાં કાલ ભગવાનની ચેષ્ટા-રૂપ હોવાથી ભગવદ્વશ છે, સ્વરૂપસ્થિતિમાં વિઘ્ન-રૂપ નથી, તેથી બે જ વિભાગ રહે છે,- આત્મા કે સ્વરૂપમાં સ્થિતિ અને દેશ-સ્થિતિ)


સ્થાન (લીલા)
સ્વરૂપ (આત્મા-કાલ)માં સ્થિતિ
પ્રકરણ (૧)
(અ-૧ થી ૧૫)
ભગવાનથી
પ્રકરણ (૧)
(અ-૧ થી ૬)
યોગથી
પ્રકરણ (૨)
(અ-૭ થી ૧૪)
જ્ઞાનથી
પ્રકરણ (૩)
(અ-૧૫)
દેશમાં સ્થિતિ
પ્રકરણ (૨)
(અ-૧૬ થી ૨૬)
ભૂઃ
પ્રકરણ (૪)
(અ-૧૬ થી ૨૦)
ભુવઃ
પ્રકરણ (૫)
(અ-૨૧ થી ૨૩)
સ્વઃ
પ્રકરણ (૬)
(અ-૨૪ થી ૨૬)

વિશેષ - વિચાર : ૧. મહાપુરાણનાં દશ લક્ષણોમાં ત્રીજું “વૃત્તિ” છે. લૌકિકરીતે, આજીવિકા સૌની સ્થિતનું સાધન છે. અહીં સૌને સૌની મર્યાદામાં સ્થાપવામાં કારણભૂત ભગવાનની જે “સ્થિતિક્રિયા” તે “સ્થાન” છે. આમ, સ્થિતિના સાધનમાં આજીવિકા અને ભગવાનની સ્થિતિક્રિયા સમાન હોવા છતાં પણ, જેમ ચોથા સ્કંધમાં મોક્ષસાધક વિસર્ગ કહેલ છે. તેમ, અહીં મોક્ષસાધક સ્થિતિસાધન પણ અલૌકિક કહેલ છે. ચોથા સ્કન્ધમાં, અન્ય સાધન-મર્યાદાથી મળતાં ધર્માદિ પુરુષાર્થ દક્ષાદિને ભગવાને પોતાના પૌરુષ (સામર્થ્ય)થી પ્રાપ્ત કરાવ્યાં; તે લીલા કહી છે. અહીં પંચમસ્કંધમાં તો ભગવાનની મર્યાદા-રૂપા જ લીલાનું નિરૂપણ છે. તે અલૌકિક સ્થાનલીલા છે. ૨. સર્વ વેદોનું તાત્પર્ય તો બ્રહ્મમાં જ છે, તેથી તેમાં સંસારાસક્તોને વૈદિકકર્મમાં પ્રેરવા માટે કહેલાં ત્રિલોકસ્થિતિ-રૂપ ફલ દેતાં કર્મો વેદોક્ત હોવા છતાં વેદમાર્ગીય નથી. વેદમાર્ગ તો ચિત્તશુદ્ધિ કરાવતાં કર્મથી આત્મામાં; અને ભગવાન્ આત્મા છે,- તેવા જ્ઞાનથી પરમાત્મામાં સ્વરૂપ-સ્થિતિ કરાવે છે, તેથી તેનું જુદું પ્રકરણ નથી. ૩. બધા ગ્રહોને કાલના ગુણરૂપે હોય તેમ ભગવાન્ જ જ્યોતિશ્ચક્રમાં મૂકે છે. તે પણ કાલ પર વિજય છે. બધાં કર્મનું ફલ ભગવાન્ જ દે છે. કર્મ ભગવદ્રૂપ છે. આ પ્રભુનો કર્મ પર વિજય છે. જીવોનું કર્તૃત્વ પણ ભગવાનથી જ છે. વેદો પણ સ્વરૂપસ્થિતિ સ્વસામર્થ્યથી નહિ, ભગવાનના સામર્થ્યથી જ કરાવે છે. વેદો પ્રભુપરાયણ છે. ભગવાન્ નિઃસંગ છતાં મુક્તજીવોના આધાર-રૂપ છે. આમ, આત્મા પર પણ ભગવાનનો વિજય છે. અન્યથી આ કાલ-દેશ-આત્મા-પર વિજય સંભવતો નથી. આ ત્રણેની સ્વેચ્છાથી સ્થિતિ બદલવાનું પણ સામર્થ્ય પ્રભુનું છે.

ષષ્ઠ-સ્કન્ધ, કુલ પ્રકરણ-૩, કુલ અધ્યાય-૧૯
શ્રી ગોવર્ધનનાથજીનો ડાબો-ઊરુ


પોષણ-લીલા
(ભગવાનનો અનુગ્રહ)
નામ
પ્રકરણ (૧)
(અ-૧ થી ૩)
શ્રવણ
(અ-૧)
કીર્તન
(અ-૨)
સ્મરણ
(અ-૩)
ધ્યાન
પ્રકરણ (૨)
(અ-૪ થી ૧૭)
*રૂપના ચૌદ ગુણો
(અ-૪ થી ૧૭)
અર્ચન
પ્રકરણ (૩)
(અ-૧૮-૧૯)
બાહ્ય
(અ-૧૮)
આભ્યન્તર (આન્તર)
(અ-૧૯)

* (૧) રૂપથી-મોક્ષદાતા, (૨) રસ વડે-આનન્દદાયક, (૩) ગન્ધ દ્વારા-ભક્તિપ્રદ, (૪) સ્પર્શથી-સર્વસંતાપશામક, (૫) નાદથી-મનોહર, (૬) યોગ વડે-સ્વરૂપમાં પ્રવેશપ્રદ, (૭) દ્વેષથી-મૃત્યુ પછી મોક્ષદાતા, (૮) સ્વામિરૂપે-સર્વસુખપ્રદ, (૯) હીનભાવે-દુઃખદ, (૧૦) કેવલ (સત્ય)-રૂપે-સકલ પુરુષાર્થપ્રદ, (૧૧) જ્ઞાનથી-યોગદાતા, (૧૨) ભિન્નરૂપે (જાણવાથી) - મૃત્યુપ્રદ, (૧૩) જેવા છે તે જ્ઞાનથી-જ્ઞાનદ, (૧૪) સ્નેહથી-વશ થનારા.


પુષ્ટિ (કર્મ-કાલ-સ્વભાવ-બાધક ભગવત્સામર્થ્ય)
કર્મ
અધિષ્ઠાન
(અ-૧)
કર્તા
(અ-૨)
કરણ
(અ-૩)
ચેષ્ટા
(અ-૪)
દૈવ
(અ-૫)
કાલ
બાર માસ
(કુલ)
(અ-૧૨)
સ્વભાવ
દૈવ
(અ-૧)
આસુર
(અ-૧)

સપ્તમ-સ્કન્ધ, કુલ પ્રકરણ-૩, કુલ અધ્યાય-૧૫
શ્રી ગોવર્ધનનાથજીનો જમણો-કરકમલ

ઊતિ-લીલા
(કર્મ-વાસના)


અસદ્વાસના
પ્રકરણ (૧)
(અ-૫)
(અવિદ્યાનાં પાંચ પર્વ)
અથવા
(અધિષ્ઠાન, કર્તા, કરણ, ચેષ્ટા, દૈવ)
(અ-૧ થી ૫)
સદ્વાસના
પ્રકરણ (૨)
(અ-૫)
(અવિદ્યાનાં પાંચ પર્વ)
અથવા
(અધિષ્ઠાનાદિ પાંચ)
(અ-૬ થી ૧૦)
મિશ્રવાસના
પ્રકરણ (૩)
(અ-૫)
(અવિદ્યાનાં પાંચ પર્વ)
અથવા
(અધિષ્ઠાનાદિ પાંચ)
(અ-૧૧ થી ૧૫)
કર્મ
આધ્યાત્મિક
(અ-૫)
(અવિદ્યાનાં પાંચ પર્વ)
અથવા
(અધિષ્ઠાનાદિ પાંચ)
આધિદૈવિક
(અ-૫)
(અવિદ્યાનાં પાંચ પર્વ)
અથવા
(અધિષ્ઠાનાદિ પાંચ)
આધિભૌતિક
(અ-૫)
(અવિદ્યાનાં પાંચ પર્વ)
અથવા
(અધિષ્ઠાનાદિ પાંચ)

અષ્ટમ-સ્કન્ધ, કુલ પ્રકરણ-૪, કુલ અધ્યાય-૨૪
શ્રી ગોવર્ધનનાથજીનો જમણો-સ્તન

મન્વન્તર-લીલા
(પ્રાકૃત-વાસના-નાશક-સદ્ધર્મ)


હરિસંસ્મરણ
પ્રકરણ (૧)
(અ-૧ થી ૪)
ધર્મ
(અ-૧)
અર્થ
(અ-૨)
કામ
(અ-૩)
મોક્ષ
(અ-૪)
દાન
પ્રકરણ (૨)
(અ-૫ થી ૧૪)
સ્વોક્ત-નિર્વાહ
પ્રકરણ (૩)
(અ-૧૫ થી ૨૩)
સાધન પ્ર.
(અ-૧૫ થી ૧૭)
દાન પ્ર.
(અ-૧૮ થી ૨૦)
દાનફલ પ્ર.
(અ-૨૧ થી ૨૩)
મત્સ્યચરિત
પ્રકરણ (૪)
(અ-૨૪)
સત્ત્વસત્ત્વ
સત્ત્વરજ
સત્ત્વતમ
રજસત્ત્વ
રજોરજ
રજસ્તમ
તમસત્ત્વ
તમોરજ
તમસ્તમ
નિર્ગુણ

નવમ-સ્કન્ધ, કુલ પ્રકરણ-૨, કુલ અધ્યાય-૨૪

શ્રી ગોવર્ધનનાથજીનો ડાબો-સ્તન

ઈશાનુકથા-લીલા

(હરિના અવતાર અને તે (ઈશ)ને અનુસરનારાઓની કથા)

- હરિના અવતાર
- તે (ઈશ) ને અનુસરનારાઓ

ઈશાનુકથાનું ફલ
(અ-૨૪)

- દુઃખ-નિવારણ — (મર્યાદા-ભક્તિ-કથા) — (અ-૧ થી ૧૩)
  - (ત્રિગુણ-મિશ્રણથી) (સગુણ, હરિને અનુસરનારાઓ દ્વારા) — (અ-૧ થી ૯)
  - ભગવચ્ચરિત્ર દ્વારા — (અ-૧૦ થી ૧૨)
  - (હરિને અનુસરનારા) (જ્ઞાની દ્વારા) — (અ-૧૩) — જ્ઞાનનિષ્ઠ ભક્તકથા
- સુખ-પ્રાપણ — (પુષ્ટિ-ભક્તિ-કથા) — (અ-૧૪ થી ૨૪)

- કર્મ — (અ-૧) — શ્રીરામ-ચરિત ક્રિયાશક્તિ — (અ-૧૦)
- ભક્તિ — (અ-૧) — શ્રીરામ-ચરિત ભક્તિનિષ્ઠા — (અ-૧૧)
- જ્ઞાન — (અ-૧) — શ્રીરામ-પુત્રવંશ જ્ઞાનશક્તિ — (અ-૧૨)

(હરિને અનુસરનારા)

- દેવકૃપાયુક્ત ભક્તકથા — (અ-૧)
- દેવરૂપ ભક્તકથા — (અ-૨)
- દેવપોષક ભક્તકથા — (અ-૩)
- સર્વાત્મભાવ યુક્ત ભક્તકથા — (અ-૪)
- ભક્તમહિમા, બ્રહ્મભાવ કરતાં ભક્તિની શ્રેષ્ઠતા — (અ-૫)
- બ્રહ્મસમ ભક્તકથા — (અ-૬)
- ધૈર્યયુક્ત લોકોદ્ધાર પરાયણ ભક્તકથા — (અ-૭)
- સ્થિરકાર્ય કર્તા લોકોદ્ધાર સ્વભક્ત કથા — (અ-૮)
- પરમલોકોપકારક ઉદ્ધારક ભક્તકથા — (અ-૯)

સુખ - પ્રાપણ

- હરિને અનુસરનારાઓ દ્વારા — (અ-૧૪ થી ૨૩)
- ભગવાનથી — (અ-૨૪)

- સ્વાનુભવ-પુષ્ટભક્તકથા — (અ-૧૪)
- શ્રીપરશુરામ ચરિત — (અ-૧૫)
- શ્રીપરશુરામ ચરિત — (અ-૧૬)
- ભોગયુક્ત વૈદિક ભક્તકથા — (અ-૧૭)
- શુદ્ધાન્તઃકરણ યુક્ત ભક્તકથા — (અ-૧૮)
- ભોગરત ભક્તકથા — (અ-૧૯)
- અતિસમર્થ ભક્તકથા — (અ-૨૦)
- અતિધૈર્યયુક્ત ભક્તકથા — (અ-૨૧)
- સમર્થધીર ભક્તકથા — (અ-૨૨)
- પરમભક્તિયુક્ત ભક્તકથા — (અ-૨૩)
- ભક્તિના ફલરૂપ ભગવત્પ્રાદુર્ભાવ — (અ-૨૪)

ઈશાનુકથા લીલા
(અ-૨૪)

- સૂર્યવંશ પ્રકરણ (૧) — (અ-૧ થી ૧૨) અથવા (અ-૧ થી ૧૩)
- ચન્દ્રવંશ પ્રકરણ (૨) — (અ-૧૩ થી ૨૪) અથવા (અ-૧૪ થી ૨૪)

* અથવા

૧. સૂર્યવંશમાં-ચન્દ્રવંશ-ઉપક્રમ-પ્ર. - અ. ૧

૨. સૂર્યવંશ પ્ર. અ-૨ થી ૧૩

૩. ચન્દ્રવંશ પ્ર. અ-૧૪ થી ૨૪

દશમ-સ્કન્ધ, કુલ પ્રકરણ-૫, કુલ અધ્યાય-૮૭+પ્રક્ષિપ્ત અ-૩
શ્રી ગોવર્ધનનાથજીનું-હૃદય

નિરોધ-લીલા

(૧. વિશ્વમાં પોતાની શક્તિયો સાથે ભગવાનની લીલા, પોતાની શક્તિયો સહિત ભગવાનનું અનુશયન;)
(૨. ભક્તોની પ્રપંચ-વિસ્મૃતિ-પૂર્વક ભગવદાસક્તિ), (૩. ભક્તોના પ્રપંચનો અભાવ, અલૌકિક-દેહની પ્રાપ્તિ)


જન્મ-પ્રકરણ
પ્રકરણ (૧)
(અ-૪)
તામસ-પ્રકરણ
પ્રકરણ (૨)
(અ-૨૮)
રાજસ-પ્રકરણ
પ્રકરણ (૩)
(અ-૨૮)
સાત્ત્વિક-પ્રકરણ
પ્રકરણ (૪)
(અ-૨૧)
(સાત્ત્વિકોમાં (પ્રમાણ) જ્ઞાન સ્વાભાવિક હોવાથી અહીં પ્રમાણ-પ્રકરણ નથી.)
ગુણ-પ્રકરણ
પ્રકરણ (૫)
(અ-૬)
પ્રમાણ પ્ર.
*(અ-૭)
(અ-૫ થી ૧૧)
પ્રમેય પ્ર.
*(અ-૭)
(અ-૧૨ થી ૧૮)
સાધન પ્ર.
*(અ-૭)
(અ-૧૯ થી ૨૫)
ફલ પ્ર.
*(અ-૭)
(અ-૨૬ થી ૩૨)
પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય
(કૌતુકલીલા)
(પ્રચલિત અ. ૧૨-૧૩-૧૪)
પ્રમેય પ્ર.
*(અ-૭)
(અ-૬૧ થી ૬૭)
સાધન પ્ર.
*(અ-૭)
(અ-૬૮ થી ૭૪)
ફલ પ્ર.
*(અ-૭)
(અ-૭૫ થી ૮૧)


જન્મ-પ્રકરણ
રાજસ-પ્રકરણ
ગુણ-પ્રકરણ
પ્રમાણ પ્ર.
*(અ-૭)
(અ-૩૩ થી ૩૯)
પ્રમેય પ્ર.
*(અ-૭)
(અ-૪૦ થી ૪૬)
સાધન પ્ર.
*(અ-૭)
(અ-૪૭ થી ૫૩)
ફલ પ્ર.
*(અ-૭)
(અ-૫૪ થી ૬૦)
વ્યૂહ પ્રાકટ્ય-વાસુદેવ
વિષય - શ્રીકૃષ્ણાવતારનો હેતુ
(અ-૧)
સંકર્ષણ
ભગવાનનો પ્રાકટ્યનો ઉદ્યમ
(અ-૨)
પ્રદ્યુમ્ન
રૂપાન્તર સ્વીકાર
(અ-૩)
અનિરુદ્ધ
માયાથી નાટ્ય
(અ-૪)
ઐશ્વર્ય
(અ-૮૨)
વીર્ય
(અ-૮૩)
યશઃ
(અ-૮૪)
શ્રી
(અ-૮૫)
જ્ઞાન
(અ-૮૬)
વૈરાગ્ય
(અ-૮૭)

* પ્રમાણ-પ્રમેય-સાધન-ફલ-પ્રકરણોનાસાતે અધ્યાયોમાં સામાન્યતઃ ક્રમશઃ, ૧. ઐશ્વર્ય, ૨. વીર્ય, ૩. યશઃ, ૪. શ્રી, ૫. જ્ઞાન, ૬. વૈરાગ્ય (ભગવાનના આ છ ધર્મ) તથા ૭. ધર્મી (ભગવાન્)નું વર્ણન છે. તામસ-ફલ-પ્રકરણમાં, સર્વત્ર સાતે રૂપે લીલા હોવા છતાં, ક્રમશઃ મુખ્ય છે, -૧. ઐશ્વર્ય, ૨. વીર્ય, ૩. યશઃ, ૪. શ્રી, ૫. ધર્મી, ૬. વૈરાગ્ય, ૭. જ્ઞાન.

વિશેષ - વિચાર : ૧. લોકમાં તથા ગીતાજી-વગેરેમાં સાત્ત્વિકને ઉત્તમ, રાજસને મધ્યમ અને તામસને હીન ગણેલા સામાન્યતઃ દેખાય છે. આ સ્વભાવક્રમછે. અહીં ભગવત્-સ્વરૂપ-સન્નિષ્ઠ (દૃઢાગ્રહવાળા) ભક્તોને તેમના ભાવાનુસાર તામસ-ભાવવાળા (ઉત્તમ) ગણેલા છે, પછી રાજસભાવવાળા ભક્તો, પછી સાત્ત્વિક-ભાવવાળા ભક્તો છે. ભક્તોના આ ભાવાનુરૂપ ભગવાનની લીલાઓ તામસ-રાજસ-સાત્ત્વિક છે. અહીં લોક-વેદથી ક્રમની વિપરીતતા પુષ્ટિ છે. ૨. દશમસ્કન્ધના પૂર્વાર્ધમાં (અ. ૧ થી ૪૬) અઢી પ્રકરણો છે, -જન્મપ્ર. + તામસ પ્ર. + અર્ધું (પ્રમાણ-પ્રમેય) રાજસ પ્ર; ઉત્તરાર્ધમાં (અ. ૪૭ થી ૮૭) પણ અઢી પ્રકરણો છે,-અર્ધું (સાધન-ફલ) રાજસ પ્ર. + સાત્ત્વિક પ્ર. + ગુણ પ્ર. આમ, પ્રકરણ-વિચારે વિભાગ છે, અધ્યાયસંખ્યા (૪૬ + ૪૧)ના વિચારથી નહિ. ૩. ગુણ પ્રકરણના છ અધ્યાયો,-ભગવાનના તે ગુણો (ભગ) સ્વતઃ સિદ્ધ છે, નિત્ય છે, કૃષ્ણ "સ્વયં ભગવાન્" છે,-તેમદર્શાવનારા છે. અન્યમાં તેમાંના કોઈ ગુણો ભગવદિચ્છાકાર્ય-પૂરતા જ, અનિત્ય, હોય છે.

એકાદશ-સ્કન્ધ, કુલ પ્રકરણ-૨, કુલ અધ્યાય-૩૧
શ્રીગોવર્ધનનાથજીનું-મસ્તક

મુક્તિ-લીલા
(અન્યથા-રૂપના ત્યાગ-પૂર્વક સ્વરૂપમાં સ્થિતિ)


જીવમુક્તિ
પ્રકરણ (૧)
(અ-૧ થી ૨૯)
બ્રહ્મભાવ (મુક્તિ) પ્ર.
(જ્ઞાનથી)
(અવિદ્યાનાશથી)
(વિદ્યાપ્રાપ્તિથી)
(અધિકારી-શ્રોતા-(નિમિ) જનક)
(વક્તા - નવ યોગેશ્વરો)
(અ-૧ થી ૫)
વૈરાગ્ય (અ-૧)
સાંખ્ય (અ-૨)
યોગ (અ-૩)
તપઃ (અ-૪)
ભક્તિ (અ-૫)
સાયુજ્ય મુક્તિ પ્ર.
(ભક્તિથી)
(તત્ત્વાતિક્રમણથી)
(અધિકારી-શ્રોતા-ઉદ્ધવ)
(વક્તા - શ્રીકૃષ્ણ)
(અ-૬ થી ૨૯)
બ્રહ્મમુક્તિ
પ્રકરણ (૨)
(આસુર-વ્યામોહ-લીલા)
(મનુષ્ય-નાટ્ય-ત્યાગ)
(અ-૩૦-૩૧)
(અહંતા-ત્યાગ)
(અ-૩૦)
(મમતા-ત્યાગ)
(અ-૩૧)

દ્વાદશ-સ્કન્ધ, કુલ પ્રકરણ-૫, કુલ અધ્યાય-૧૩
શ્રીગોવર્ધનનાથજીનો ડાબો-કરકમલ

આશ્રય-લીલા
(સર્વનાં ઉત્પત્તિ-સ્થિતિ-લય જેનાથી થાય છે તે બ્રહ્મમાં સ્થિર થવું)


આશ્રય
(હરિ) શ્રીકૃષ્ણાશ્રય પ્રકરણ (૧)
(અ-૩)
(અ-૧ થી ૩)
જગદાશ્રય પ્રકરણ (૨)
(અ-૨।।)
(અ-૪ થી ૫।।)
વેદાશ્રય પ્રકરણ (૩)
(અ-૧।।)
(અ-૫।। થી ૭)
ભક્તિયોગાશ્રય પ્રકરણ (૪)
(અ-૩)
(અ-૮ થી ૧૦)
શ્રીભાગવતાશ્રય પ્રકરણ (૫)
(અ-૩)
(અ-૧૧ થી ૧૩)

ઈતિ શ્રીતત્ત્વાર્થદીપ-નિબન્ધાનુસારી પ્રકરણાધ્યાયાર્થ-વિભાગઃ સમાપ્તઃ ॥

વિશેષ - વિચાર : પ્રભુને પ્રસન્ન-પ્રાપ્ત-કરવા માટે પ્રેમ સિવાય કોઈ મુખ્ય સાધન નથી. તે પ્રેમનું નિશ્ચિત સાધન છે,- શ્રીમદ્-ભાગવત ! સંસારમાં વૈરાગ્ય-પૂર્વક, શ્રીભાગવતના યથાર્થ તાત્પર્યને સમજીને, ભક્તમુખે એક વખત શ્રવણ-માત્રથી કૃષ્ણમાં નિશ્ચિત પ્રેમથાય છે. શ્રીભાગવતાર્થના અજ્ઞાન કે અન્યથાજ્ઞાનથી ભક્તિ સંભવતી નથી. શ્રીભાગવત દ્વારા ભક્તિ તો વેલની જેમ વધતી રહે છે, શીઘ્ર કૃષ્ણ-ફલને પ્રાપ્ત કરાવે છે. આનંદ-રૂપ હરિની આનંદ-રૂપા લીલા સર્વદુઃખ હરનારી, સ્વતઃ પુરુષાર્થ-રૂપા છે. શ્રીભાગવત શબ્દતઃ અને અર્થતઃ શ્રીકૃષ્ણનું (નામાત્મક) સ્વરૂપ છે. તેના પાઠથી નિશ્ચિતરીતે કૃષ્ણ ધારણ થાય છે. અર્થતઃ જાણેલા આ ભગવાન્ ભક્તિનું પ્રદાન કરે છે.

"श्रीहरि:"

"सा विद्या तन्मतिर्यया..."

"વિદ્યાનિધિ" (ટ્રસ્ટ) દ્વારા પ્રકાશિત ગ્રંથો

ક્રમ	ગ્રંથ નામ	ન્યોછાવર રૂ. (પોસ્ટેજ અલગ)
(૧)	શ્રીમદ્-ભાગવત-રસાસ્વાદ (પાંચમી આવૃત્તિ) શ્રીતત્ત્વાર્થદીપ-નિબંધ તથા શ્રી સુબોધિનીજી આદિના આશય સહિત ગુજરાતી કથાત્મક	૩૦૦-૦૦
(૨)	સુમંગલ-નવનીત-સંચય : કથા પ્રવાસમાંથી નડિયાદની શ્રીગૌશાલા (ભગવન્મંડલીને લખેલાં પત્રો તથા સુમંગલ વાક્યો)	---
(૩)	સુલભ શાન્તિ (ગુજરાતી) પુષ્ટિમાર્ગના વિચાર - આચારનું સરલ નિરૂપણ	---
(૪)	સુલભ શાન્તિ (હિન્દી) પુષ્ટિમાર્ગના વિચાર-આચારનું સરલ નિરૂપણ	૨૦-૦૦
(૫)	કરાલ કલિકાલમાં કલ્યાણ કલ્યાણના ઉપાયો. શિક્ષાપત્ર-૧૯ નું વિવેચન	---
(૬)	ત્રિવિધ - નામાવલી શ્રીમહાપ્રભુજીએ રચેલ ભગવાનની ત્રિવિધલીલાનાં સારરૂપ નામ-બાલ-પ્રૌઢ-રાજલીલા	---
(૭)	દુ:ખ દયાનું દાન શિક્ષાપત્ર-૧૦નું વિવેચન દુ:ખ કર્મફલનથી દયાનું દાન છે.	---
(૮)	જીવન-મંગલ પુષ્ટિમાર્ગીય પદાર્થનું નિરૂપણ	---
(૯)	શ્રીપુરુષોત્તમનામ- સહસ્રસ્તોત્ર શ્રીમહાપ્રભુજીના ગ્રંથનું અર્થ સાથે નિરૂપણ નમસ્કારાત્મક નામનિર્દેશ	૨૫-૦૦
(૧૦)	પત્ર-પરિમલ કથા પ્રવાસમાંથી નડિયાદની શ્રીગૌશાલા ભગવન્મંડલી ને લખેલાં પત્રો.	---
(૧૧)	વ્રજ-વિહાર વ્રજના લીલા સ્થળોનું સશાસ્ત્ર ઐતિહાસિક નિરૂપણ.	૬૦-૦૦
(૧૨)	શ્રીમદ્ ભાગવતમાં અદ્ભુત-વિજ્ઞાન-વિહાર (સંસ્કૃત-ગુજરાતી-અંગ્રેજી) શ્રીમદ્ ભાગવતમાંના અદ્ભુત વિજ્ઞાન પ્રસંગો.	૧૦૦-૦૦
(૧૩)	ગીતા-ગુંજન (હિન્દી) શ્રીમહાપ્રભુજીની દ્રષ્ટિએ ગીતા કથાસાર	---
(૧૪)	પુષ્ટિ-પુલિન ગાગરમાં સાગરની જેમપુષ્ટિમાર્ગીય શાસ્ત્ર-આચાર-સ્વરૂપ-સેવાનું નિરૂપણ.	---
(૧૫)	કુર્યાત્ સદા મઙ્ગલમ્ લગ્નનો વિધિ તથા મઙ્ગલાષ્ટક	૨૦-૦૦
(૧૬)	વિજ્ઞપ્તિ (હિન્દી) શ્રીગુસાંઈજીએ કરેલી વિજ્ઞપ્તિ-પ્રથમ સાન્વયાર્થ.	---
(૧૭)	શ્રીમદ્ ભાગવત - મહાપુરાણમ્ (સાત્વત-સંહિતા) (સંસ્કૃત) (બીજી આવૃત્તિ) શ્રી મહાપ્રભુજી સંમત પાઠભેદયુક્ત સાત્વત સંહિતા.	---
(૧૮)	પુષ્ટિ ત્રિવેણી પુષ્ટિપ્રભુ - પુષ્ટિભક્તિ-પુષ્ટિભક્તના ચરિત.	૩૦-૦૦
(૧૯)	શ્રીમદ્ ભાગવત - સિંહાવલોકન (અંગ્રેજી - હિન્દી - ગુજરાતી) શ્રીમદ્ ભાગવતનું સામાન્ય રેખાંકન.	૨૫-૦૦
(૨૦)	ગીતા-ગુંજન (અંગ્રેજી ભાષાંતર) શ્રીમહાપ્રભુજીની દૃષ્ટિએ ગીતા કથાસાર-આધુનિક લોકોની સુવિધા માટે અંગ્રેજીમાં.	---
(૨૧)	વાક્યવિનોદિની-અંગુલિ નિર્દેશ સાથે. શ્રીમદ્ ભાગવત રસાસ્વાદ ના પ્રત્યેક સ્કંધમાંથી વાક્ય સંચય તથા ભગવાનની વિશ્વ-લીલા, ભારતીય - હિન્દુ - વૈષ્ણવ - રૂપ દર્શન. બ્રાહ્મણ ગૌરવ - વૈષ્ણવજીવન પદ્ધતિ	---

અન્યત્રથી પ્રકાશિત

(૧) શ્રી સ્વામિન્યષ્ટકમ્
શ્રી ગુસાંઈજીએ રચેલા સ્તોત્રનો ભાવાર્થ

(૨) ગુપ્તરસ
શ્રી ગુસાંઈજીના ગ્રંથનો ભાવાર્થ

(૩) શ્રીમદ્ભાગવત પ્રથમનજરે (ગુજરાતી)
શ્રીમદ્ભાગવતનું સામાન્ય અવલોકન

(૪) શ્રીમદ્ ભાગવત પ્રથમનજરે (અંગ્રેજી)
શ્રીમદ્ ભાગવતનું સામાન્ય અવલોકન

(૫) પુષ્ટિમાર્ગ
પુષ્ટિમાર્ગની સામાન્ય રૂપરેખા

(૬) પુષ્ટિમંગલ
પુષ્ટિમાર્ગીય સ્તોત્ર-કીર્તન-ધોળ-પદ વગેરેનો સંગ્રહ.

(૭) સંગ્રહકુંજ
વિવિધ સ્તોત્ર-પદ-કીર્તન વગેરેનો સંગ્રહ.

(૮) દ્વિજ-દિવ્યતા
યજ્ઞોપવીતના મંત્રોનું ગાયત્રીના વિવિધ અર્થો સાથે સામાન્ય નિરૂપણ.

(૯) નટવરપ્રભુની ગૌરવગાથા
અમદાવાદમાં વિરાજતા શ્રીનટવરલાલજી તથા પૂ.પા.ગો. ૧૦૮ શ્રીનટવરગોપાલજી મહારાજશ્રીના જીવનનું સુરેખ સંકલિત નિરૂપણ.

(૧૦) પુષ્ટિબિન્દુ
પુષ્ટિમાર્ગીય કીર્તન-પાઠ-સ્તોત્રનો સ્વલ્પ સંગ્રહ